દેવચંદ્રજીની પરાવાણી

# अहो श्री सुमतिजिन शुद्धता ताहरी !

પ્રેરક

ગચ્છાધિપતિ આ. દે. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

વિવેચક

આચાર્ય વિજય મુક્તિદર્શનસૂરીશ્વરજી

પ્રકાશક

લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ

જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

પ્રકાશક :
**લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ**
જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

**પ્રત : ૧૦૦૦**
**પ્રથમ આવૃત્તિ :** વિક્રમ સંવત ૨૦૬૯

**કિંમત : રૂ. ૭૫/-**

**ટાઈપ સેટિંગ**
**ટાઈપોગ્રાફિક્સ,** અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : **૯૮૭૯૦૯૦૫૭૫**

**મુદ્રક**
**યુનિક ઑફસેટ,** અમદાવાદ-૩૮૦૦૦૪

---

**પ્રાપ્તિસ્થાન :**

(૧) **મૌલિકભાઈ મોદી**
૮૩/૮૪, રત્નજ્યોતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ઈર્લા ગાર્ડન લેન વીલેપાર્લે (વેસ્ટ) મુંબઈ-૫૬
ફોન : ૨૬૨૩૪૨૩૨/૪૨/૪૫
E-mail : kewalipex@gmail.com.

(૨) **બુક શૅલ્ફ**
૧૬, સીટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
E-mail : bookshelf@gmail.com

(૩) **નવભારત સાહિત્ય મંદિર**
મહાવીર સ્વામીના દેરાસરની બાજુમાં,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# અર્પણમ્

જેમના દિવ્યજ્ઞાનના સ્પર્શથી
આ સ્તવનના પદાર્થો પરમ દિવ્યતાને
પામ્યા છે તે –
**ભગવતીમાતા**
**શ્રીમતી વસુમતીબેન ભણશાલી**
તથા **પરમ કલ્યાણિત્ર**
**શ્રીયુત્ ગુણવંતભાઈ સી. શાહ**ને
સાદર અર્પણ.

અહો
શ્રી સુમિતિજિન
શુદ્ધતા તાહરી !

**આ.વિ.મુક્તિદર્શનસૂરિ**

# પ્રભુના પંથે પ્રકાશ

આ હુંડા અવસર્પિણીના પાંચમાં આરાના વિષમકાળમાં આપણે મનુષ્યભવમાં બહુ અલ્પ આયુષ્ય લઈને જન્મ્યા છીએ. આ થોડા કાળમાં આપણે સૌએ સાધના-ઉપાસના દ્વારા પરલોકની યાત્રાનું સુંદર ભાથું બાંધવાનુ છે અને એના દ્વારા અખંડ અને સળંગ મોક્ષમાર્ગ સાધી શિઘ્રાતિશિઘ્ર મોક્ષે પહોંચવાનું છે. જન્મ-મરણની દુઃખદ પરંપરાનો અંત લાવવાનો છે અને સાદિ-અનંતકાળ સુધી આત્માના અનંત-આનંદમાં ડૂબી જવાનું છે. માનવભવમાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિનું ધ્યેય આ જ હોવું જોઈએ.

વિચારણા એટલે પદાર્થની બૌદ્ધિક તપાસ.

ભાવના એટલે લક્ષ્યને આંબવાની લગની અને

ધ્યાન એટલે ધ્યેયમાં ઉપયોગની તન્મયતા.

ઉપયોગના ખલમાં સ્વરૂપને વારંવાર યાદ કરીને વાગોળવાથી - ઘૂંટવાથી ઘાતિકર્મોના પડલો તૂટે છે ‘હું’ કોણ છું ? મારું સ્વરૂપ શું છે ? એનો સ્પષ્ટ, સ્પષ્ટ અને સ્પષ્ટતમ ખ્યાલ આવતા સ્વરૂપનું શ્રદ્ધા ને જોર પકડે છે. બહારમાં સંસારના વિષયો - સંયોગો- અનુકૂળતાઓ પ્રત્યે ઉદાસીન-ભાવ - વૈરાગ્યભાવ પ્રજ્વલિત થાય છે તો ભીતરમાં કષાયોનું બળ તૂટતાં ઉપશમભાવ પ્રબળ બનતો જાય છે જેના પરિણામે ઈન્દ્ર, ચંદ્ર, ચક્રવર્ત્યાદિના સુખો પણ જીવને ત્રાસ ઉપજાવનારા લાગે છે એક માત્ર પોતાનો આત્મા જ પામવાની તીવ્ર મથામણ જાગે છે. આ પરિસ્થિતિમાં એને ખાવું-પીવું-પહેરવું-ઓઢવું-હરવું-ફરવું-બોલવું-ચાલવું કાંઈ જ ગમતું નથી. તેનું સમગ્ર અસ્તિત્વ મોક્ષમાર્ગને પામવા ઝંખે છે.

આવા પોતાના ત્રિકાળ-ધ્રુવ-અસ્તિત્વને પ્રગટ કરવા - ઓળખવા - પામવા પૂજ્યપાદ દેવચંદ્રજી મહારાજા સુમતિનાથ પ્રભુની શુદ્ધતાને ઓળખાવી રહ્યા છે અને તેમની શુદ્ધતાના માધ્યમે આપણી ભીતરમાં રહેલી શુદ્ધતાને બહાર લાવવાની કેડીને કંડારી રહ્યા છે.

પોતાની શુદ્ધતાને, પોતાના અનંતગુણોને, તેમાં રહેલ અનંત-અનંત આનંદને ભૂલીને જીવ જીવી રહ્યો છે એ જ એના સમગ્ર દુઃખનું મૂળ છે. એ જ કર્મસત્તાનો મોટામાં મોટો અપરાધ છે. એ જ અનંતાનુબંધી કષાય છે. એ જ મિથ્યાત્વ છે. એ જ સંસાર છે.

જૈન શાસનમાં ભક્તિયોગના માધ્યમે જીવ આગળ વધી પોતાની ચેતનાને વિશુદ્ધ કરે તે માટે અનેકાનેક ભક્તિયોગાચાર્યોએ ભિન્ન ભિન્ન શૈલીથી સ્તવન ચોવીશીની રચના કરીને પરમાત્માની સ્તવના કરી છે તેમાં પૂજ્યપાદ દેવચંદ્રજી મહારાજાની સ્તવન ચોવીશી શિરમોર છે કારણકે તે શેરડીનાં સાંઠા જેવી છે. જેમ જેમ શેરડીને ચાવતા જાઓ તેમ તેમ તેમાંથી વધુને વધુ રસની મીઠાશ અનુભવાય છે અને તેનાથી સુખમાં વૃદ્ધિ થતી અનુભવાય છે. તેમ આ ચોવીશીમાં પૂજ્યપાદશ્રીએ દ્રવ્યાનુયોગના માધ્યમે આત્મતત્ત્વને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સુંદર સુમેળ સાધવામાં આવ્યો છે. એટલે સાધક સ્તવનની પંક્તિઓને વારંવાર વાગોળે - મમળાવે તો તેમાંથી અકલ્પનીય આનંદને અનુભવી શકે છે.

પૂજ્યપાદશ્રી એક જ વાત મુખ્યતયા કહેવા માંગે છે કે પદાર્થની યથાર્થ વિચારણા કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે ? તેનો નિર્ણય આપણી સુમતિમાં બરાબર કરવાનો છે પણ તે નિર્ણય થયા પછી સુમતિનાથ પ્રભુમાં જેવી શુદ્ધતા પ્રગટી છે તેવી જ શુદ્ધતા ગર્ભિતપણે મારામાં પણ છે, છે અને છે જ. તે પ્રગટ કરવા બીજા બધા વિકલ્પોને ગૌણ કરીને સાધના અને ઉપાસનાનો પ્રચંડ પુરુષાર્થ આરંભવાનો છે. આત્માની શુદ્ધતા પામવા વિકલ્પોના રવાડે ચડવાનું નથી પણ સંયોગોથી છૂટા પડી એકાંત, મૌન અને સ્થિરાસન દ્વારા અસંગયોગને પામવા મરણિયા બનવાનું છે.

સુમતિનાથ પ્રભુ જેવી શુદ્ધતા આપણે આપણી પર્યાયમાં પ્રગટ કરવી હોય તો પ્રભુ પ્રત્યે આદર, બહુમાન, અહોભાવ, સમર્પણભાવની છોળો

ઉછાળવાની છે. પ્રભુ પ્રત્યે તુંહી તુંહીના નાદથી આત્માને છલકાવી દેવાનો છે. જગતમાત્રને ભૂલી જઈ એક માત્ર આત્મામાં જ ઉપયોગને જોડીને ઘાતી કર્મોના ભૂક્કા બોલાવવાના છે.

આમ જ્ઞાનયોગને ભક્તિયોગનો સુમેળ સાધી આત્માએ એક પછી એક ગુણસ્થાનકે આરોહણ કરી અંતિમ મંઝિલને પ્રાપ્ત કરવાની છે.

અધ્યાત્મની પ્રાપ્તિમાં એકલા જ્ઞાનયોગથી આગળ વધતા સૂક્ષ્મ અહમ્ રહી જવાની સંભાવના જ્ઞાની જુએ છે. અને તેમ થાય તો જ્ઞાન શુષ્ક બનવાની સંભાવના છે. માટે તે તે કાળના દરેકે દરેક મહાપુરુષોએ ભક્તિયોગને પણ ખૂબ સ્થાન આપ્યું છે.

સંતો સદા બ્રહ્મભાવે જગતમાં રહે છે માટે તેમની ભાવનાની અસર આખા જગત પર પ્રસરે છે. 'હું જાણું છું' એ ભાવ જ બંધનનું કારણ છે માટે જે જાણો છો, જે શીખ્યા છો, તે બધુ ભૂલી જાવ તો તમે ઈશ્વરને જાણી શકશો. આત્મા દેશ અને કાલથી પર છે તેને જવાનું શું ? અને આવવાનું શું ? જન્મ-મરણ શરીરને છે. આત્માને નથી માટે મૃત્યુનો શોક કરવો નકામો છે.

ભક્તિમાર્ગમાં પહેલાં 'મારું' અદશ્ય થાય છે, જ્ઞાનમાર્ગમાં પહેલાં 'હું' અદશ્ય થાય છે. સમાધિ એટલે અહંભાવ વિનાની નિદ્રા જે જાગતા માણી શકાય છે. કર્મ એટલે ક્રિયા નથી નડતી પણ 'મેં કર્યું' એ ભાવ નડે છે.

અત્યંત નિર્મળ બુદ્ધિમાં પ્રત્યેક આત્મા બ્રહ્મરૂપે ગૃહીત થાય છે ત્યારે તેમાં અન્ય કોઈ વૃત્તિનો પ્રકાશ નથી હોતો આનું નામ જ વૃત્તિની ચિન્માત્રતા - જ્ઞાનરૂપતા તેમ જ વિકલ્પ શૂન્યતા છે. આવી બુદ્ધિને પ્રજ્ઞા કહેવાય છે. તેથી જેને સુમતિનાથ પ્રભુ જેવી શુદ્ધતા પ્રાપ્ત કરવી છે. તે તો આત્મા-પરમાત્મામાં જ પોતાની વૃત્તિને સમાહિત કરવાનો પ્રયત્ન કરશે.

અધ્યાત્મરૂપી નદીના કાંઠે અસંગતા અને અનાસક્તિનો કુહાડો લઈને જીવવાથી વિષયોની વેલડીઓ કપાઈ જાય છે અને વૈરાગ્યની શરૂઆત થાય છે.

જેનો આત્મા જાગી જાય છે તેની બધી આકાંક્ષાઓ સ્વરૂપને પામવા

માટેની જ હોય છે, તે તત્ત્વજ્ઞાનને અનુસરતું જીવન જીવે છે અને તેની બધી ક્રિયાઓ પ્રભુના પંથને પ્રકાશિત કરનારી હોય છે.

દિવસ કે રાત્રિમાં એક સમય પણ એવો નથી કે જ્યાં પ્રભુનું તમારી પાસે આગમન ન થતું હોય. માત્ર ત્યારે આંખ ખોલીને જોવાની જરૂર છે. મિથ્યાત્વથી વાસિત જીવોના નેત્રો સદા બીડાયેલા હોવાથી તેઓ પ્રભુના આગમનને જોઈ શકતા નથી.

આ સ્તવનમાં આવતી વિશેષતાઓને માટે મારે કાંઈ જ કહેવાની જરૂર નથી કારણકે સાધ્વીજીશ્રી નંદીયશાશ્રીજીએ તેમની લખેલ પ્રસ્તાવનામાં આખા સ્તવનનો નકશો સ્પષ્ટપણે રેખાંકિત કરી બતાવ્યો છે તેમજ સંશોધન દ્વારા લખાણની ત્રુટિઓને પણ સુધારી છે. પ્રસ્તુત સ્તવનના સંશોધનમાં શ્રીયુત્ સૂર્યવદનભાઈ જવેરીનો પણ અમુલ્ય ફાળો છે. તેમના બતાવેલા સુધારાને પણ અમે લક્ષમાં લીધા છે.

જ્ઞાનની મુખ્યતા એ જ જેમનું જીવન છે તેવા મુનિરાજશ્રી સ્થિતપ્રજ્ઞ વિજયજી તથા સેવાને જ મહામંત્ર બનાવીને જીવનાર મનિરાજશ્રી સોહમદર્શન વિજયજીનો સહયોગ પણ આ કાર્યમાં સાંપડ્યો છે તે બદલ તેઓ અભિનંદનને પાત્ર ઠરે છે.

બીજું આ સ્તવનના પ્રુફ રીડીંગને વારંવાર જોઈને તેમાં કઈ રીતે શબ્દ પ્રયોગ કરવામાં આવે તો સામાન્ય લોકો પણ તેને સહેલાઈથી સમજી શકે તે માટે મુનિરાજશ્રી પ્રશમરતિવિજયજીએ જે મથામણ કરી છે, જે જેહાદ જગાવી છે તે ખરેખર દાદ માંગી લે તેવી છે. ગુરુ પ્રત્યેના બહુમાન, ભક્તિભાવ, સમર્પણભાવ અને વિનયના કારણે અલ્પ અભ્યાસમાં તેઓશ્રી પોતાની વિકલ્પધારાને શાંત કરીને પ્રસન્નપણે જીવી શકે છે તે ગુરુકૃપાનું તેમની ઉપર ઉતરેલ વરદાન છે.

મુનિરાજશ્રી વિશ્વદર્શનવિજયજીએ પોતાના ભક્તવૃંદમાં આપેલ આ સ્તવન ચોવીશીની વાચનામાંથી જે કોઈ પદાર્થ લેવા જેવો લાગ્યો તે આમાં સામેલ કર્યો છે.

પ્રાન્તે સર્વ સમુદાયોમાં ગીતાર્થ તરીકે એકમાન્ય થયેલ તેમજ ૭૭ વર્ષની બુઝર્ગ વયે પણ અનેક પ્રકારના પ્રભાવનાના કાર્યોમાં હાજરી આપવા છતાં અંદરથી તદ્દન નિર્લેપ અને શાંત જીવન જીવનાર, અમારા

સૌના અતિ-અતિ-મહાન ઉપકારી ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની નિરંતર વહેતી કરુણા વિશ્વમાત્રનું કલ્યાણ કરો એ જ ભાવના.

આ પુસ્તકના છાપકામમાં ડી.ટી.પી., પ્રીન્ટીંગ, ટાઈપ સેટીંગ, બાઈન્ડીંગ, વગેરે સુંદર કામ કરી આપનાર શાંતમૂર્તિ શ્રીકેયૂરભાઈના પ્રયત્નને પણ સપ્રેમ યાદ કરું છું તથા સમગ્ર પુસ્તકના છાપકામમાં ફોટોગ્રાફ્સ વિ.માં સુંદર રસ લઈ, દિલચસ્પીથી કામ કરનાર શ્રીયુત્ હેમેન્દ્રભાઈ ભોગીભાઈ શાહનો ઉપકાર પણ અવિસ્મરણીય છે.

**તપાગચ્છાલંકાર આ.વિ.જયઘોષસૂરિ મહારાજાના**
**પટ્ટાલંકાર આ.વિ.મુક્તિદર્શનસૂરિ**

વિ. સં. ૨૦૬૯
ચૈત્ર શુક્લ પૂર્ણિમા
જૈન સોસાયટી, જૈન ઉપાશ્રય,
પાલડી, અમદાવાદ -૩૮૦૦૦૭

# પ્રસ્તાવના...

## "શુદ્ધતાનો હેતુ"

*આરાધનાનો આધાર શ્રી સંઘ છે*
*શ્રી સંઘનો આધાર માર્ગ છે*
*માર્ગનો આધાર દ્વાદશાંગી છે.*
*દ્વાદશાંગીનો આધાર શ્રી તીર્થંકર પ્રભુ છે.*
*શ્રી ગણધર ભગવંતો તે અર્થને સૂત્રનિબદ્ધ કરે છે.*
*શ્રી તીર્થંકર પ્રભુનો આધાર*
*જગતના જીવમાત્ર પરનો મૈત્રીભાવ છે.*

મૈત્ર્યાદિવાસિતચિત્તમાં ધર્મનું પ્રગટીકરણ થાય છે અને તે ધર્મનું પ્રાગટ્ય કરવા માટેની સુંદરતમ ધારા શ્રી સુમતિનાથ પ્રભુના સ્તવનમાં બતાવાઈ છે.

*સામાન્યથી નિયમ છે કે જેનો પરિચય તેની પ્રીતિ,*
*જેની પ્રીતિ તેની આસક્તિ,*
*જેની આસક્તિ ત્યાં ઉત્પત્તિ.*

હવે આપણે આપણી શુદ્ધતા પ્રગટ કરવી હોય તો શુદ્ધતાને પ્રાપ્ત કરેલા પ્રભુનો પરિચય કરવો રહ્યો. પૂ. દેવચંદ્રજી મહારાજે વિવિધ રીતે ચોવીસી, વીસીના માધ્યમે પ્રભુનો પરિચય કરાવ્યો છે અને તેની સુગમતા માટે પોતે જ તેના અર્થો લખી આપ્યા છે. આ સ્વોપજ્ઞ સ્તબકના અભાવમાં આપણી અલ્પશક્તિ પૂજ્યશ્રીને ન્યાય આપી શકે નહીં અને પ્રભુ જોડે પ્રીતિ એટલે તેઓશ્રી ગમે છે. આસક્તિ એટલે પ્રભુ વિના ચાલે નહીં. સાધકની

પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રભુ, પ્રભુની આજ્ઞા નજરાયા કરે એ આસક્તિ કહી શકાય. અને આ રીતે મન, વચન, કાયાના યોગને દ્રવ્ય તથા ભાવથી સ્વગુણરમણતામાં રાગદ્વેષ રહિતપણે પરિણામ પમાડવાથી પ્રભુના સ્થાને ઉત્પન્ન થઈ શકાય છે.

આ વાસ્તવિકતાનું મૂલ્યાંકન કરી સ્તવનની છેલ્લી કડીમાં દૃઢતાથી પ. પૂ. દેવચંદ્રજી મહારાજ અહોભાવથી નતમસ્તક બની બહુમાનભાવથી છલકાતી વાણીમાં પ્રભુને જણાવે છે કે,

*“માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,*
*તેહનો હેતુ પ્રભુ ! તું હી સાચો.”*

સંપૂર્ણ સ્તવનનું વિહંગાવલોકન કરતાં સમજાય છે કે, પૂજ્યશ્રીએ પહેલી સાત ગાથામાં જુદા જુદા દૃષ્ટિકોણથી શુદ્ધતાનું વર્ણન કર્યું છે. સ્તવનની પ્રથમની પાંચ કડી દ્વારા દ્રવ્યાનુયોગની શૈલીમાં સાધકને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રભુની શુદ્ધતાના વર્ણન દ્વારા ઘુંટાવ્યું છે.

ચરણકરણાનુયોગમાં સ્થિરતા લાવવા માટે છઠ્ઠી - સાતમી ગાથા બતાવી છે. પછી આઠમી ગાથામાં તળેટીથી શિખર સુધી મોક્ષનો માર્ગ બતાવી દીધો છે. પછીની ગાથામાં તો સાધનાની નિષ્પત્તિના માપદંડો મૂકી દીધા છે અને છેલ્લી ગાથાના પૂર્વાર્ધ દ્વારા વાસ્તવિક્તાને જણાવે છે. ઉત્તરાર્ધની “દેવચંદ્રે સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો” પંક્તિ દ્વારા પૂજ્યશ્રીની ટોચકક્ષાની નમ્રતા છલકાય છે. પોતે સ્વરૂપનું વેદન કરતાં હોવા છતાં પોતાને સ્તવનકારની ભૂમિકામાં મૂકી મુનિસમૂહને અનુભવના માલિક કહ્યા છે.

પ્રાંતે નેહ નીતરતી વાણી દ્વારા ભવ્ય જીવોને સંબોધન કરતાં કહે છે કે, “તત્ત્વભક્તે ભવિક સકલ રાચો” - વસ્તુગત ધર્મની બહુમાનતાને પામીને ભવ્ય જીવો મોક્ષમાર્ગમાં આગળ વધો.

હવે મોક્ષમાર્ગના દસ પગથીયાં જોઈએ.

**(૧) તાહરી શુદ્ધતા ભાસ :** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શક્ય છે.

**(૨) આશ્ચર્યથી :** મિથ્યાત્વમોહનીય કર્મની મંદતાથી ઉત્પન્ન થાય છે.

**(૩) ઉપજે રૂચિ :** દર્શનમોહના ક્ષયોપશમથી સમકિતની પ્રાપ્તિ થતાં શક્ય બને છે.

**(૪) તિણે તત્ત્વ ઈહે :** તત્ત્વની ગવેષણા - રૂચી અનુયાયી વીર્ય બને છે.

**(૫) તત્ત્વપ્રાપ્તિ :** સદ્‌ગુરુના સમાગમ વડે શાસ્ત્રાર્થ જાણવાથી માર્ગ સમજાય છે. આ કથન ગાથામાં અધ્યાહારથી લેવાનું છે. સમકિત વડે હિતાહિતમાં આદાન, અપાદાન કરે તો સંયમશ્રેણીમાં આગળ વધાય છે.

**(૬) તત્ત્વરંગી :** સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થતાં જીવ માર્ગમાં પ્રયત્નશીલ બને છે. એક વર્ષના શ્રમણપર્યાયથી સાધકનું સુખ અનુત્તર વિમાનવાસી દેવના સુખને અતિક્રમે છે.

**(૭) દોષથી ઉભગ્યો :** મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ, અશુભ યોગથી સાધક ભડકે છે. સામાન્યથી આપણે બેઠા હોઈએ ત્યાં કચરો હોય તો આપણને ગમતો નથી અરતિ થાય છે. વળી ત્યાં અરુચી પદાર્થ હોય તો અરતિ તીવ્રતર બને છે અને ત્યાં જો હિંસા, વધ, તાડન થતું હોય તો જીવ ભડકી જાય છે, ઉભગી જાય છે તેને સહન કરી શકતો નથી, તે સ્થળાંતર કરી જાય છે, બસ તેવી જ રીતે સાધક દોષોને સહન કરી શકે નહી કારણ કે મોક્ષની મંજીલ માટે દોષો બાધક છે.

**(૮) દોષ ત્યાગે :** આ દોષોનો ત્યાગ એ જ મુક્તિનો માર્ગ છે. સ્વરૂપ તો આપણી પાસે આવૃત્ત છે. આવરણને દૂર કરવાથી તે સ્વરૂપ પ્રગટ થાય છે. આપણે અનાદિકાળથી રખડીએ છીએ તેમાં ધર્મ કર્યો નથી એ કારણ નથી પણ અધર્મ છોડ્યો નથી એ મુખ્ય કારણ છે વંદિતા સૂત્રના વંદન અધ્યયનની અવતરણિકામાં આ વાત લખી છે. हिताप्रवृत्तेः अहितप्रवृत्तिः संसारवर्धने गुरूकारणम् માટે સાધક નક્કી કરે છે કે હિતમાં પ્રવૃત્તિ કાલે થશે તો પણ ચાલશે પણ અહિતથી નિવૃત્તિ તો આજે જ કરવી છે. કુનિમિત્તોથી દૂર રહેવા માટે શાસ્ત્રકારો ઘણી પ્રેરણા કરે છે.

ખરાબ છોડવાનું સત્ત્વ પહેલાં નબરમાં દાખવીએ તો જ તાત્કાલિક થતી નુકશાનીથી આત્માને બચાવી લેવાય અને પછી સારું કરતાં રહીએ તો આગળની ઉભી કરેલ નુકશાનીને ભરપાઈ કરી શકાય.

કુવિચાર એ પણ અભ્યંતર નિમિત્ત છે તેને પણ સમ્યક્ સમજણ અને સમ્યક્ આચરણથી નિયંત્રિત કરવાના છે.

કુવિચારરૂપી ચિનગારી કમજોર છે. જો એને ખરાબ નિમિત્તોરૂપી પેટ્રોલ ન મળે તો.

તેથી સમ્યગ્ વિચારોને સમ્યગ્ આચરણા સાથે ભેળવવામાં આવે તો આત્મા ગુણવાન બને.

સાચો પ્રેમ જેમ ભોગ આપ્યા વિના રહી શકતો જ નથી. તેમ સમ્યગ્ સમજણ આત્માને સમ્યગ્ આચરણ માટે તૈયાર કર્યા વિના રહેતી જ નથી. માટે જ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. કહે છે.

*"તાણી આણે સમકિત વિરતિને એ જિનશાસન મર્મ."*

**(૯) ઢળે**-દોષનો ત્યાગ કર્યા પછી તેનું **સાતત્ય** જરૂરી છે. ક્ષયોપશમ ભાવમાં જાગૃતિ રાખવી એ જ તરણોપાય છે. ક્ષાયિકભાવ ન પ્રગટે ત્યાં સુધી અવિરત સાધના કરવાની છે. ઔદયિક ભાવની તાણમાં જીવે ફસાવાનું નથી. સિદ્ધોને પારિણામિક અને ક્ષાયિક બે જ ભાવો છે એટલે બીજા ત્રણ ભાવો જીવનું સ્વરૂપ નથી. આ સમજણને સ્થાયી બનાવવાની છે.

**(૧૦) તત્ત્વ લીહે :** लिह् ધાતુ ચાટવા અર્થમાં છે. ચાટવાનું ત્યારે જ શક્ય બને કે ચાટનાર અને ચાટવા યોગ્ય વસ્તુ અત્યંત નજીક આવે ત્યારે. અધ્યાત્મમાં ક્ષયોપશમભાવની તીવ્રતા જે ક્ષાયિકમાં પરિણામ પામે છે તેનો નિર્દેશ અહીં કરાયો છે. ક્ષપકશ્રેણી જ ક્ષયોપશમભાવની તીવ્રતાને ક્ષાયિક ભાવની પ્રાપ્તિમાં રૂપાંતરિત કરે છે.

આજે લક્ષ્યશૂન્ય વ્યવહારની આચરણાથી ધર્મ ન પમાતો જોઈ કેટલાક વ્યવહારધર્મનો અપલાપ કરે છે તે પણ ખોટું છે. સાધનામાં ખૂટતું તત્ત્વ ઉમેરીને માર્ગને પૂર્ણ બનાવવો એ સ્યાદ્વાદની ઉત્તમ ભેટ છે.

નિશ્ચય ઉપર સતત ટકી શકાતું નથી અને વ્યવહારને ઉત્થાપવામાં તો ઠેઠ નીચે ઉતરી જવાપણું છે તેથી નિશ્ચય ઉપર લાવનાર અને તેમા ટકાવનાર વ્યવહાર એ આદરણીય છે આમ વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મનું સ્વરૂપ સંગીન રીતે સમજવા માટે નીચેનો ચાર્ટ ઉપકારી બનશે.

**ધર્મનું સ્વરૂપ**

**વ્યવહારથી** | **નિશ્ચયથી**

| **પ્રવૃત્તિ ધર્મ** | **નિવૃત્તિ ધર્મ** | **પ્રવૃત્તિ ધર્મ** | **નિવૃત્તિ ધર્મ** |
| --- | --- | --- | --- |
| જ્ઞાનાચારનું પાલન<br>દર્શનાચારનું પાલન<br>ચારિત્રાચારનું પાલન<br>તપાચારનું પાલન<br>વીર્યાચારનું પાલન | હિંસા, જૂઠ, ચોરી<br>મૈથુન, પરિગ્રહ<br>રૂપ આશ્રવથી<br>અટકવું તે | શ્રુતસામાયિક,<br>સમ્યક્ત્વસામાયિક<br>દેશવિરતિ સામાયિક<br>સર્વવિરતિ<br>સામાયિકમાં<br>રહેવું તે | પ્રતિ સમય<br>વિષયોની<br>અનુકૂળતા અને<br>કષાયોમાં સુખ નથી<br>માટે વિષય-કષાયથી<br>નિવર્તમાન પરિણામ<br>રાખવો તે |

(૧) वत्थुसहावो धम्मो : નિશ્ચયથી નિશ્ચય ધર્મ

(૨) खमादि दसविहो धम्मो : નિશ્ચયના ઘરનો વ્યવહાર ધર્મ

(૩) रयणत्तणं च धम्मं : વ્યવહારથી નિશ્ચય મેળવવાનો ધર્મ

(૪) अहिंसा - सजमो तवो : વ્યવહારથી વ્યવહાર ધર્મ.

અતીત, વર્તમાન (સાર્થ) અનાગત ચોવીસી તથા વીસ વિહરમાન તીર્થંકરોની સ્તવના તથા વિવેચના દ્વારા, કેવળજ્ઞાનના કાંઠે રહેલા જણાતાં પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજ, નિમિત્ત અને ઉપાદાનની વાસ્તવિક ઉપયોગીતાને જણાવીને સાધકને નિઃશંક બનાવતાં કહે છે કે,

— નિમિત્તના આલંબન વિના ઉપાદાન કારણમાં કારણતા પ્રગટતી નથી અને

— ઉપાદાનની શુદ્ધિ એ નિમિત્તની યથાર્થ કારણતાનો આશ્રય લેવાથી જ પ્રગટે છે. કર્તાને જ્યારે કાર્યરૂચિ થાય ત્યારે ઉપાદાન કારણમાં કારણતા પ્રગટે છે અને કાર્યરૂચિ પ્રગટાવવા માટે કાર્યરૂપ નિમિત્તનું અવલંબન અત્યંત જરૂરી છે.

સુમતિનાથ પ્રભુની સ્તવન વિવેચનમાં સમગ્ર લખાણ વિદ્વદ્ભોગ્ય શૈલીમાં લખાયું છે. તેથી સામાન્ય આત્માઓને તે સમજવામાં કઠિન પડે તેમ છે. છતાં દૃષ્ટાંતાદિથી સરળ કરવાનો પ્રયાસ થયેલ હોવાથી

સામાન્યજનને પણ સ્તવનના હાર્દને પામવામાં ઉપયોગી થાય તેમ છે.

(૧) એમાં પણ નવતત્ત્વવિષયક પુણ્ય-પાપ તત્ત્વની શ્વેતામ્બર માન્યતાની જે પુષ્ટિ (કડી-૬ પા. નં. ૧૦૧માં) કરી છે.

(૨) ઉપાદાનની પ્રધાનતાની સાથે નિમિત્તની જે અગત્યતા (કડી-૧ પા. નં. ૧૮માં) બતાવી છે.

(૩) આત્માના અસંખ્ય પ્રદેશોની જે અખંડિતતા (કડી-૨ પા. નં. ૬૨)

(૪) તથા અનેકરૂપતામાં એકરૂપતાની જે સમજણ (કડી-૨ પા. નં. ૬૮-૬૯)માં છે.

(૫) બધા દ્રવ્યોની વચગાળે પણ આ અમુક એક જ દ્રવ્ય છે તેનો નિર્ણય જલાવર્તની જે (કડી-૧ પા. નં. ૩૦-૩૧) પર સમજાવ્યો છે.

(૬) ગુણસ્થાનકવર્તી વેદન (પા. નં. ૩૬)

(૭) તબિયતની પૃચ્છાના સાત પ્રશ્નો અને સાત જવાબથી સપ્તભંગીની કરેલી (પા. નં. ૬૦-૬૧) ઉપર સ્પષ્ટતા.

(૮) વિશ્રસા પરિણામ (પા. નં. ૬૫-૬૬)

(૯) પરમાત્માની સકલતા અને છદ્મસ્થની વિકલતા (કડી-૪ પા. નં. ૭૯-૮૦) ઉપર

(૧૦) ચલવીર્ય તથા અચલવીર્ય (પા. નં. ૮૧-૮૨) વિગેરે વિચારણા અહોભાવ લાવનારી છે માટે મુમુક્ષુએ તે ત્યાંથી જોવા ખાસ ભલામણ છે.

સાધ્ય-સાધનદાવ સાપેક્ષ પ. પૂ. દેવચંદ્રજી મ.સા.ની અતિગહન, ગંભીર, સ્પષ્ટ કૃતિઓ તથા વિષયની છણાવટ કરવામાં નિપુણ વિવેચક પ. પૂ. આચાર્યભગવંતશ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મ.સા. દ્વારા કરાએલા સુંદર પ્રયાસનું આલંબન લઈ આપણે સૌ મુક્તિમાર્ગમાં પ્રયાણ કરીએ એ જ શુભ કામના.

મતિમંદતાથી જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો વાચક વર્ગ જણાવશે તો અત્યંત આભારી થઈશ અને તેવુ લખાણ થયું હોય તો તેનું હાર્દિક મિચ્છામિ દુક્કડમ્.

**અધ્યાત્મપ્રેમી સાધ્વીજી શ્રીમયૂરકળાશ્રીજીના શિષ્યા**

**સાધ્વીજીશ્રી નંદીયશાશ્રીજી**

સ્થળ ગોવાલીયા ટેંક - મુંબઈ
વિ.સં. ૨૦૬૯ ફા. સુ. પાંચમ
તા. ૧૬-૩-૨૦૧૩

## દેવચંદ્રજી કૃત સુમતિનાથ જિન સ્તવન

અહો ! શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી,
સ્વગુણપર્યાય પરિણામ રામી ।
નિત્યતા એકતા, અસ્તિતા ઈતર યુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી ॥
અહો-૧

ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવિપિંડી ।
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોક પ્રદેશ મિત પણ અખંડી ॥
અહો-૨

કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,
કાર્ય ભેદેં કરે પણ અભેદી ।
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલ વેત્તા થકો પણ અવેદી ॥
અહો-૩

શુદ્ધતા, બુદ્ધતા દેવ પરમાત્મતા,
સહજ નિજભાવભોગી અયોગી ।
સ્વ-પર ઉપયોગી તાદાત્મ્યસત્તા રસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. ॥
અહો-૪

વસ્તુ નિજ પરિણતેં સર્વ પરિણામિકી,
એટલે કોઈ પ્રભુતા ન પામેં ।
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,
તત્ત્વસામિત્વ શુચિ તત્ત્વ ધામેં ॥
અહો-૫

જીવ નવી પુગ્ગલી નૈવપુગ્ગલકદા,
પુગ્ગલાધાર નાહીં તાસ રંગી ।
પરતણો ઈશ નહિં અપર ઐશ્વર્યતા,
વસ્તુધર્મે કદા ન પરસંગી ॥
અહો-૬

સંગ્રહે નહીં આપે નહીં પરભણી,
નવિ કરે આદરે ન પર રાખે ।
શુદ્ધસ્યાદ્‌વાદ નિજભાવ ભોગી જિકે,
તેહ પરભાવને કેમ ચાખે ॥
અહો-૭

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી
ઉપજે રુચિ તેણેં તત્ત્વ ઈહે ।
તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો,
દોષત્યાગે ઢળે તત્ત્વ લીહે ॥
અહો-૮

શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિછંદે સત્તા આરાધેં;
આત્મ નિષ્પત્તિ તેમ સાધના નવિ ટકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધેં. ॥
અહો-૯

માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ તું હી સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,
તત્ત્વ ભક્તે ભવિક સકલ રાચો ॥
અહો-૧૦

દેવચંદ્રજીની પરાવાણી

# अहो श्री सुमतिजिन शुद्धता ताहरी !

આ પુસ્તકની આર્થિક સહાય માટે

**લબ્ધિનિધાનશ્રી શાંતિનાથ જૈન સંઘ**

જિતેન્દ્ર રોડ, મલાડ(ઈસ્ટ), મુંબઈ

**ના આરાધકો ભાઈ-બહેનોનો**

તથા

**પો. હે. જૈનનગરના જ્ઞાનખાતામાંથી**

**સારો સહકાર મળેલ છે.**



**अहो श्री सुमतिजिन शुद्धता ताहरी,**
**स्व गुण पर्याय परिणाम रामी।**
**नित्यता एकता अस्तिता इतर युत,**
**भोग्य भोगी थको प्रभु अकामी ॥**
**अहो.॥१॥**

**અર્થ :** હે સુમતિનાથ પ્રભુ ! સ્વગુણ પર્યાયમાં જ રમણતા કરનારા આપની શુદ્ધતા અતિશય આશ્ચર્યકારક છે. કારણ કે આપની શુદ્ધતા નિત્યતા-અનિત્યતા, એકતા-અનેકતા, અસ્તિતા-નાસ્તિતારૂપ પરસ્પર વિરુદ્ધ ધર્મોથી યુક્ત છે તેમ જ આપ ભોગ્ય જ્ઞાનાદિ ગુણ-પર્યાયના ભોગી હોવા છતાં પણ 'અકામી' કામના રહિત છો એ પણ મહાન આશ્ચર્ય છે.

**વિવેચન :** શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજા પાંચમાં સ્તવનમાં શ્રીસુમતિનાથ જિણંદને નિજબોધાર્થે અને તે નિમિત્તે ભવિજીવોને ઉપકાર થાય તે હેતુથી સ્તવના કરતાં પ્રાર્થી રહ્યા છે.

'અહો' શબ્દ પરમ આશ્ચર્યને જણાવે છે. આશ્ચર્ય શબ્દની વ્યુત્પત્તિ જ આ છે. અહો અહોની ચર્ચા જેમાં સમાયેલી છે તે આશ્ચર્ય છે. જ્યારે આપણા કરતા સામી વ્યક્તિમાં કલ્પનાતીત

વિશેષતા જોવા મળે ત્યારે આપણા અંતરમાંથી અહો-અહોના ઉદ્‌ગાર નીકળી પડે છે.

પાંચમા સુમતિજિનની શુદ્ધતા સહજ ગુણગણમણિની ખાણરૂપ છે, પૂર્ણ જ્ઞાન કળાથી વિકસિત થયેલ છે, અંતઃતત્ત્વ પરમ, પરમ, પરમ શુદ્ધતાને પામેલું છે. જે પરમ પવિત્ર, નિત્ય, નિરંજન, નિર્લેપ, નિર્મમ, નિરાકાર, અરૂપી ચૈતન્યમય આકાશ સ્વરૂપ છે જે અમને હે પ્રભો! આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવું છે. હે પ્રભો આપે આપના સહજ સ્વભાવરૂપે રહેલ ત્રિકાળ ધ્રુવતત્ત્વ કે જે સહજ અનંતગુણાત્મક વીતરાગ ચૈતન્યસ્વરૂપ છે તેનો આધાર લઈને- તેનો આશ્રય કરીને આપની પર્યાયમાં કાર્યરૂપે અનંતજ્ઞાન, દર્શન ચારિત્ર અને વીર્ય પ્રગટ કર્યાં. આપની પર્યાયમાં વીતરાગી અનંત આનંદ પ્રગટ્યો એટલે આપ સાદિ અનંતકાળ માટે પ્રગટ પરમાત્મા બન્યા. અઘાતી કર્મોનો નાશ કરી આપ વિદેહી બન્યા, સિદ્ધ બન્યા, અજન્મા બન્યા. આપે જન્મ મરણનો નાશ કર્યો. આપ મહાન બન્યા, કૃતકૃત્ય બન્યા.

આપને આપના ત્રિકાળ સહજ સ્વભાવનો આશ્રય લેતાં આવડ્યો માટે આપ પ્રગટ પરમાત્મા બની મોક્ષે સિધાવ્યા જ્યારે અમે તો અનંતકાળથી અજ્ઞાની બનેલા અમારી ભીતરમાં પણ પ્રચ્છન્નરૂપે કારણ પરમાત્મા રહેલા હોવા છતાં તેને અનાદિકાળથી ઓળખ્યા જ નહિ એટલે વર્તમાનમાં મળેલા દેહાદિ સંયોગોને જ મારા માની તેના ઉપર મમત્વ કર્યું અને તેને જ વધારવા, સાચવવા, સંભાળવામાં અનંતકાળ પૂરો કર્યો.

જેમાંથી વીતરાગતાનું કાર્ય પ્રગટ થાય છે એવા ત્રિકાલાબાધિત સહજ સ્વભાવી ધ્રુવ પરમાત્મા-કારણ પરમાત્મા



તરફ અમારું લક્ષ આજ'દિ સુધી હજુ ગયું નથી એટલે જ અમે વિનાશી એવા પર પદાર્થનો આશ્રય લઈને જીવી રહ્યા છીએ અને એના કારણે પ્રતિ સમયે આશ્રય અને બંધને સેવી રહ્યા છીએ. સંવર અને નિર્જરારૂપ મોક્ષમાર્ગ શું છે? અને તે શેના આલંબને પ્રગટે તેનું ભાન અમને છે જ નહિ તેથી અમે અનંતકાળથી જન્મ,જરા મૃત્યુ, આધિ,વ્યાધિ, ઉપાધિ, રોગ, શોક, ચિંતા, ભય, વગેરેની ભઠ્ઠીમાં શેકાયા કરીએ છીએ.

આત્મા એક પદાર્થ છે. વસ્તુ છે. તે દ્રવ્ય,ગુણ પર્યાયથી યુક્ત છે. તેમાં દ્રવ્યનો જે પરમભાવ છે તે ત્રિકાળ ટકવાવાળો ભાવ છે તેને પરમ પારિણામિક ભાવ કહ્યો છે, અર્થાત્ આ ભાવ તેનાથી દ્રવ્યને દ્રવ્યરૂપે ટકાવી રાખે છે અને તેમાંથી ચ્યુત થવા દેતો નથી તથા વસ્તુના જે અનંતા જ્ઞાનાદિ ગુણો છે તે પણ અનાદિ અનંત સહજ ત્રિકાળ પણે છે-છે અને છે જ અર્થાત્ દ્રવ્યને દ્રવ્યરૂપે અને ગુણોને ગુણોરૂપે નિરંતર ટકાવી રાખનાર ત્રિકાળ હયાતીવાળો ભાવ તે પરમ પારિણામિક ભાવ છે તેનો આધાર લઈને જ અનંતા આત્માઓએ પોતાની પર્યાયમાં સમ્યગ્ દર્શનાદિ પ્રગટ કર્યા છે. તે પરમ પારિણામિકભાવને અમે ભજી રહ્યા છીએ, સ્તવના કરી રહ્યા છીએ જેના દ્વારા અમને અમારું આત્મસ્વરૂપ આપના જેવું જ છે તેની પ્રતીતિ સતત રહ્યા જ કરે છે.

આશય એ છે કે જીવ માત્ર પરમાત્મસ્વરૂપ છે. પછી તે શુદ્ધ છે કે અશુદ્ધ એ બીજી વાત છે. સોનાની લગડી કાદવમાં પડી જાય તો પણ એ સોનું જ કહેવાય છે, કાદવ નહિ. કાદવમાં પડવાથી તેની કિંમત ઘટી જતી નથી કારણ કે વ્યક્તિના મનમાં તેનું શુધ્ધ સ્વરૂપ જ ભાસે છે. તેમ જ્ઞાનીઓને મન-દૃષ્ટિમાં પ્રત્યેક આત્મા

શુદ્ધ સ્વરૂપે જ ભાસે છે. કાદવ સ્થાનીય એવી ઉપાધિને તેઓ ગણકારતા નથી અને તેથી જ તેમની સમતા સર્વત્ર અસ્ખલિત રૂપે પ્રવર્તે છે.

**विद्याविनयसम्पन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः ॥ ५-१८ ॥**

ભગવદ્‌ગીતા

**અર્થ :** વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણમાં, ગાય અને હાથીમાં, કૂતરા અને ચંડાળમાં પંડિતો સમાનતાને જોનારા છે.

આ એક નય છે સમભાવને કેળવવા, દ્વેષ-મત્સર વગેરે દોષોને દૂર કરવા તેનું પરિભાવન કરવું આવશ્યક છે.

ચૈતન્ય જ્યોતિનો અંશ પણ ઉદય પામે તો અદ્‌ભૂત પરિણામોની પ્રાપ્તિ થાય છે. બાહ્ય-અત્યંતર લક્ષ્મી સ્વયંવરા થઈને વરમાળા પહેરાવે છે. કુદરત પણ તેને વશ થાય છે. મનમાં જે વિચાર આવે તેની સિદ્ધિ થયા વિના રહેતી નથી. જેની ઈચ્છા થાય તે વસ્તુ સ્વયં હાજર થયા વિના રહેતી નથી. અંતરમાં સહજ આનંદની સરવાણીઓ ફુટે છે. વૈશ્વિક સમૃદ્ધિઓ અત્યંત તુચ્છ ભાસે છે, નવે નિધિઓ તેની સેવામાં હાજર થાય છે.

સાધકના આંતર ચક્ષુઓ ઉપાધિજન્ય ક્રિયાને ચીરીને એની પાછળના મૂળ તત્ત્વને નિહાળે છે આથી એને જગતના કોઈ પણ પ્રાણીની સારી કે માઠી કોઈપણ પ્રવૃત્તિ લેશમાત્ર અસમતા ઉપજાવવા સમર્થ નથી. જીવન અને મરણની પેલે પાર રહેલા અનંત જીવનનો જેને સાક્ષાત્કાર થયો છે એને એ બે દશા સરખી લાગે.



શરીર એ પુદ્‌ગલનો પિંડ છે, જે અનંત રજકણનું બનેલું છે. પુરાવું, ગળવું, વિખરાવું એનો સ્વભાવ છે. શરીર તેના યોગ્ય સમયે છુટું થાય તેમાં મુનિને કોઈ હર્ષ શોક ન થાય. તેમને શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવાનું જ લક્ષ છે અને તેમાં જ ઉલ્લાસવંત છે. આ જીવનમાં તે આંશિક રીતે પ્રગટે તો બીજા ભવમાં વૃદ્ધિ પામશે.

હે પ્રભો! આપના નામનો પણ મહિમા અમને અચિંત્ય ભાસે છે તે આપની આશ્ચર્યકારી શુદ્ધતારૂપ લક્ષણે જણાય છે.

આપે આપની સુમતિમાં આપ જ્યારે છદ્‌મસ્થપણામાં હતા ત્યારે આત્માના સ્વરૂપને સર્વાંશે જાણ્યું, સદ્દહ્યું અને અંશે પરિણમાવ્યું. કારણ કે આપ જન્મતા જ ત્રણ જ્ઞાનના ધણી હતા. યોગની છઠ્ઠી દૃષ્ટિના માલિક હતા. દીક્ષા લેતાં આપને મનઃપર્યવજ્ઞાન, યોગની સાતમી દૃષ્ટિ તેમજ સપ્તમ ગુણસ્થાનક પ્રગટ થયું હતું.

આપની મતિ ખરેખર સુમતિ હતી. શ્રેષ્ઠમતિ હતી. સ્વગુણોમાં રાચનારી મતિ હતી. પરથી પરાંગમુખ અને સ્વ-પરનો ભેદ કરવાવાળી હતી. સ્વદ્રવ્ય અને સ્વ-ભાવને યથાર્થપણે જાણનારી મતિ હતી. એને કારણે આપનું આત્મદ્રવ્ય પરમઉપાદેય તત્ત્વ સ્વરૂપ બન્યું. પ્રયોજનભૂત બન્યું. એમાં જ આપની વિલસના બની રહી. સમ્યગ્ ઉપયોગપૂર્વકની સભાનતાથી યુક્ત, આત્મ જાગૃતિવાળી આપની મતિ હતી. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મને આપની સુમતિએ યથાર્થ પણે જાણ્યા.

સ્તવનની પ્રથમ પંક્તિના પ્રથમ ચાર શબ્દોથી ચાર અતિશયનું વર્ણન જણાય છે. (૧) અહો (૨) શ્રી (૩) સુમતિ (૪) જિન

(૧) અહો શબ્દ પૂજાતિશયનો સૂચક છે. શ્રી અરિહંતપ્રભુ

સર્વ ગુણથી યુક્ત છે. સર્વ બંધનોથી મુક્ત છે, અનંત કરૂણા અને અનંત સામર્થ્યથી યુક્ત એવું વિરલ વ્યક્તિત્વ જોઈને સાધક અહોભાવથી અને કૃતજ્ઞભાવથી નતમસ્તક બની રહે છે.

(૨) શ્રી-લક્ષ્મી પ્રભુની અષ્ટ પ્રાતિહાર્યની સંપદા છે. ૩૪ અતિશયથી યુક્ત તથા ૩૫ વાણીના ગુણોથી યુક્ત ભવદુઃખવારણ શિવસુખકારણ વાણી છે અને હૃદયમાં કેવલજ્ઞાન છે આનાથી પ્રભુનો જ્ઞાનાતિશય સૂચિત થયેલો જાણવો.

(૩) સુમતિ- શબ્દ શ્રોતામાં સુમતિને ઉત્પન્ન કરનારી શ્રી અરિહંતપ્રભુની વાણીના ૩૫ અતિશયને જણાવે છે. આનાથી પ્રભુનો વચનાતિશય બતાવાયેલ છે.

(૪) જિન- શબ્દ પ્રભુના અપાયાપગમાતિશયનો સૂચક છે. અત્યાર સુધી શરીર, ઇન્દ્રિય, મન, વિષયને સેવ્યા તેમાં સુખ માન્યું એ જ ભાવ અપાય છે, ભાવ સંકટ છે તેનો નાશ પ્રભુની વીતરાગતા, અનંત કરુણા, અનંત સામર્થ્યના દર્શનથી થાય છે.

સાધકે નિર્ણય કરવાનો છે કે મારે દેવ-ગુરુરૂપ, ધનવાનનું આલંબન લઈ સદાચારની સંપત્તિ વડે સદ્‌ગુણોનું ફર્નીચર વસાવીને મારા આત્મઘરને સુશોભિત કરવાનું છે. આ સુખદ નિર્ણયથી બધા અપાયો ટળશે.

પ્રભુની આવી સુંદરતમ વાણીના આલંબનથી જીવો પોતાની દુર્ગતિને દૂર કરવા સમર્થ બને છે. આંશિક સુમતિ પણ જીવોની પાત્રતાનો વિકાસ કરતી રહે છે. બાકી સર્વ જીવોની પાસે અનાદિકાળથી રાગ-દ્વેષના નિબિડ પરિણામ કરવારૂપ યોગ્યતા, યોગ અને કષાયની યોગ્યતા તેમજ સહજમળ- કર્મબંધની યોગ્યતા રહેલી છે. પ્રભુના વચનના આલંબનથી જીવોની આ યોગ્યતા



ઘસાય છે. મોહનું આધિપત્ય તૂટે છે ને મોહરાજાના ગુરુત્વાકર્ષણમાંથી નીકળીને જીવ પોતાના સ્વરૂપને જોતો જાય છે. સંસાર પ્રત્યેનું તીવ્ર બહુમાન રહેતું નથી. જીવ વિષયનો કીડો થઈને સંસારમાં રહેતો નથી.

અચરમાવર્તી જીવો ચરમાવર્તમાં પ્રવેશ મેળવે છે અને તેનાથી આગળ વધીને ચરમાવર્તવર્તી જીવ ગુણસંપન્ન અપુનર્બંધક અવસ્થા મેળવવા સક્ષમ બને છે. માર્ગાનુસારી જીવ ૩૫ ગુણોમાં પોતાનું વીર્ય ફોરવવા વડે સમકિતની યોગ્યતા મેળવી શકે છે. પૌદ્‌ગલિક સુખના ટૂકડા માટે જીવે મોહરાજાને ત્યાં સમકિતરૂપી ઘરેણું ગીરવે (morgage) મૂકેલું છે, તેને હું છોડાવું તો જ મારો આ ભવ સફળ છે, એમ તેને લાગે છે. સુમતિ તેને સતત માર્ગદર્શન આપે છે. પુણ્યોદયનું આકર્ષણ ખોટું છે માટે તેના accident zoneમાંથી બહાર નીકળવાનું છે. સંવેગથી મોક્ષાભિલાષ બન્યો રહે છે. વળી સમકિતીને રાગ-દ્વેષના બંધનમાં ગુંગળામણ થાય છે. બાધ્યકક્ષાની મોજમજાને સમજરૂપી એસીડનું પોતું લઈ ઘસી નાંખવા તત્પર બન્યો છે. આ નિર્વેદનું કાર્ય ભવ વૈરાગ્યમાં તેને સ્થિર કરે છે.

ભાવનુકંપામાં રહેલો એવો સમકિતી જન્મ-મરણથી છુટવા ઉત્સુક બને છે. તે પોતાની સુમતિથી દર્શન-જ્ઞાન-ચારિત્ર મેળવીને રાગ-દ્વેષ-મોહને જીતવા કટીબદ્ધ બને છે. ગુણોનું આધાન કરવા વડે સંયમશ્રેણીમાં આગળ વધે છે અને અંતે અપ્રમત્ત ગુણસ્થાનકે પહોંચતા ક્ષપક-શ્રેણીનું સામર્થ્ય આવે છે. આમ સુમતિનાથ પ્રભુના વચનાતિશયની બલિહારી એ છે કે જીવને ચરમાવર્તમાં લાવીને ઠેઠ સુમતિનાથ બનાવી દે છે.

આત્મવિજ્ઞાન એ વીતરાગ વિજ્ઞાન છે, તેને જાણનારી

સમ્યગ્બુદ્ધિ એ ભેદવિજ્ઞાન સારરૂપ છે. જે દેહ અને આત્માને જુદા જાણે છે. કર્મ અને આત્મા, ઈન્દ્રિયો અને આત્મા, અંતઃકરણ અને આત્મા, વિકાર અને આત્મા, વિકલ્પ અને આત્મા, સંયોગ અને આત્મા, સંયોગીભાવ અને આત્મા એ બધાને જે જુદા-જુદા અને જુદા જ સતત, સતત અને સતત જાણે છે- જણાવે છે તે સુમતિ છે. આવી સુમતિનો આશ્રય કરીને વિકલ્પ અને વિકારથી ભિન્ન એવા આત્માને કેવળ ચૈતન્યરૂપે જાણવો- અનુભવવો અને તેમાં જ ઉપયોગને રાખવો અને સદા ઉપયોગવંત બનીને રહેવું તે જ નિશ્ચયથી સમ્યગ્ આચરણા છે. તે જ નિશ્ચયથી સુમતિ એટલે સમ્યગ્ જ્ઞાન છે અને તે જ નિશ્ચયથી સમ્યગ્ શ્રદ્ધાનરૂપ છે. તેને આપ પામ્યા છો. દ્વાદશાંગીમાં આત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે.

આમ ઉપયોગને રાગથી અત્યંત ભિન્ન જાણી ઉપયોગમાં એકતારૂપે જ્ઞાન પરિણમે અર્થાત્ જ્ઞાન, પોતાના આધારભૂત જ્ઞાયકમાં જ સમાઈ જાય તેને જ 'સ્વગુણપર્યાય પરિણામરામી' કહ્યું છે.

હે પ્રભો! આપ તો ભેદ વિજ્ઞાનની શક્તિ વડે નિજ સ્વરૂપમાં લીન થયા છો તેથી આપ રાગાદિરૂપે જરાપણ પરિણમતાં નથી અને જ્ઞાનરૂપે જ રહો છો. આપને આપના જ્ઞાન-સ્વરૂપમાં જેમ શરીર ભિન્ન જણાય છે તેમ રાગાદિ પણ ભિન્ન જ દેખાય છે એટલે આપ સદાને માટે સ્વરૂપવંત બનીને રહો છો. આપનો ઉપયોગ એક ક્ષણ માટે પણ સ્વરૂપની બહાર નીકળતો નથી એવી સુમતિ આપને ઉત્પન્ન થઈ છે. તેથી ભેદને ભેદરૂપે જાણીને આપ સદાને માટે અભેદમાં સ્થિર પરિણામવાળા થયા છો.



અસ્થિર બુદ્ધિવાળા કુમતિધારીને તો રાગ અને જ્ઞાન એ બે જુદા છે એ ભેદ જ સમજાતો નથી. કઠણ પડે તેવું તેમને ભાસે છે. જ્યારે આપે તો 'સુમતિ' પૂર્વક ચૈતન્યતત્ત્વને તત્ત્વસારરૂપે જાણ્યું. તેથી જ તો આપને આપનો આત્મા એકલો જ્ઞાનઘન ચૈતન્યપુંજરૂપે ભાસે છે. તેથી આપની સ્વરૂપ રમણતામાં પુણ્ય-પાપ-આશ્રવ-બંધ તો છે જ નહિ. પુણ્ય-પાપ-આશ્રવ-બંધ સાક્ષીભાવે થઈ ગયા તેથી હે પ્રભો! આપ પુણ્ય-પાપ-આશ્રવ-બંધના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદા છો.

આપ વસ્તુવિજ્ઞાનસારરૂપે જુદા છો તેને આપ અનુભવી રહ્યા છો. કુમતિધારક અજ્ઞાનીજનો સુખદુઃખના, રાગ-દ્વેષના પરિણામને પોતાના માની હર્ષ-શોક કરે છે. જ્યારે આપ તો આ બધા પરિણામને ગ્રહણ-કરતા જ નથી કે ભોગવતા નથી. સુમતિ દ્વારા આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે તેમ જાણવાપૂર્વક પર્યાયમાં થતી સુખ-દુઃખની કલ્પનાથી આપ પરાંગમુખ છો આપ સ્વરૂપમય છો તેથી પર્યાયમાં થતા ભાવોના કર્તા કે ભોક્તા નથી, સકળ કામનાથી રહિત છો.

પરમાત્મા ક્ષાયિકભાવની ગુણ સમૃદ્ધિના ભોકતા છે. જેમાં સમસ્ત વિશ્વની ઈચ્છાનો અભાવ વર્તે છે. પ્રભુ ઈચ્છા રહિત થવાથી, પરમ શાંત બની ગયા હોવાથી તેમને ભોગ્ય એવા ગુણોનો જે ભોગવટો છે તેમાં લેશમાત્ર પુદ્ગલની ઈચ્છા ભળતી નથી.

પ્રભુને સુખ ઈચ્છવું પડતું નથી. તે માટે પ્રવૃત્તિ કરવી પડતી નથી. માટે નિવૃત્તિનગર સ્વરૂપ મોક્ષ કહ્યો છે.

પુદ્ગલના ભોગવટામાં જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન છે તેથી તેમાં મલિનતા છે. પુદ્ગલના ભોગવટાથી સ્વાભાવિક સુખમાં

અંતરાય પડે છે.

સંયોગમાં એકત્વ-બુદ્ધિ એ અજ્ઞાન છે. જ્ઞાનની વિકૃતિ છે. મિથ્યાત્વ છે. સંયોગમાં એકત્વ વસ્તુતઃ થઇ શકતું નથી, પણ ત્યાં એકત્વનો ભ્રમ હોય છે અને જ્યાં આવો ભ્રમ હોય ત્યાં અવિરતિ અને કષાય હોય જ.

સુમતિનાથ પ્રભુની શુદ્ધતાને દેવચંદ્રજી મહારાજ બતાવી રહ્યા છે જે આપણા આત્મામાં અહોભાવ જગાડે છે અને તેમના જેવા થવાની અભિલાષા જગાડે છે. પુદ્ગલ-દ્રવ્યમાં આસકિત, એકત્વ, મમત્વ, વગેરે આત્મદ્રવ્યની શુદ્ધતાને ઓળખવા દેતા નથી. **સંયોગો પ્રત્યે જ્વલંત વૈરાગ્ય પ્રગટ્યા વિના ગમે તેટલું જિનવાણીનું શ્રવણ વગેરે કરવા છતાં જ્ઞાન સમ્યગ્ થતું નથી. સમજણનું સ્તર ખીલતું નથી.**

પુદ્ગલ દ્રવ્યનો આસકિતપૂર્વકનો ભોગવટો એ આત્માના ગુણોનો નાશ કરવા માટે મૃત્યુઘંટ સમાન છે. માટે પુદ્ગલ દ્રવ્યના આસક્તિપૂર્વકના ભોગવટામાં ભય લાગવો જોઇએ. પોતાના સ્વરૂપની નિરંતર જાગૃતિ રહેવી જોઇએ. વિવેક જગાવવો હોય તો લાગણીઓને શૂન્ય કરવી પડે. લાગણી વિવેકનો નાશ કરે તેવી ન હોવી જોઈએ. હૃદય બુઠ્ઠુ ન થઇ જાય તે માટે લાગણી જરૂરી છે પણ તેમાં લાગણીવેડા ન હોવા જોઈએ.

જીવ કર્મના ઉદયથી જ્યારે, જન્મ લે છે ત્યારે એ જન્મકાળમાં અને જન્મ પછીના કાળમાં કર્મના ઉદયે જે જે સંયોગ થાય છે તે બધા જ સંયોગો મૃત્યુ સમયે નાશ પામી જાય છે. પરંતુ આત્મા સ્વરૂપે તો એક સરખો જ રહે છે. જે સ્વજન બન્યા તે તો કર્મના ઉદયે હતા. તે ભવ પુરો થયો એટલે સ્વજનના સંબંધનો વિયોગ



થયો કારણકે તે સ્વજન સંબંધ નાશ પામવાના સ્વભાવવાળા હતા; તેનો નાશ થવા છતાં તે ૧૪ રાજલોકમાં ક્યાંકને ક્યાંક તો આત્મારૂપે છે જ એનું આશ્વાસન લઈ એમના વિયોગમાં ધૈર્ય ધારણ કરીને ખેદ ન કરવો જોઇએ. ખેદમાં વિવેકનો અભાવ હોવાથી તેમાં આર્ત્તધ્યાન છે. ખેદ તાત્ત્વિક બને તો દૃષ્ટિ વસ્તુ-સ્વરૂપ ઉપર જાય છે. તેથી ત્યાં ધર્મધ્યાન, ક્ષપકશ્રેણી, વગેરે આવી શકે છે.

વ્યક્તિનું વ્યક્તિત્વ એ સંસાર છે.

વ્યક્તિમાં ત્રિકાળ અસ્તિત્વને ઓળખવું એ મોટી વાત છે. ગુણપર્યાયની વિશુદ્ધતાથી જીવ મહાન બની શકે છે.

દોષોથી જીવ સંસારી છે, ગુણોથી મોક્ષમાર્ગી છે. સ્વરૂપ-અભેદતાથી મોક્ષ છે. ગુણો પણ સ્વરૂપના સાધક હોવા જોઇએ. અભવ્યના ગુણો સ્વરૂપના સાધક નથી. સિદ્ધોને અનંતકાળ સુધી અનંત આનંદ વર્તે છે. ગુણોના આધારપર જ્ઞાનગુણ કેવલજ્ઞાનત્વેન નિત્ય છે. જ્ઞેયના આધારપર જ્ઞાન ગુણ અનિત્ય છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ જ્ઞેયરૂપે જ્ઞાનને પરિણમાવવાનું નથી. જ્ઞેયને અનુસરવાનું નથી.

**વેદાંતદર્શનની શૈલીથી જગદાકારવૃત્તિ એ સંસાર છે. આત્માકાર વૃત્તિ એ મોક્ષમાર્ગ છે. જૈન દર્શનની શૈલીથી મિથ્યાત્વથી સંસાર છે. અને સમ્યગ્ દર્શનાદિ રત્નત્રયીથી મોક્ષમાર્ગ છે.**

પ્રભુના બધા ગુણોની બધી પર્યાયમાં એક જ ચેતનભાવ, જ્ઞાયકભાવ, નિર્વિકલ્પભાવ વ્યાપીને રહેલો છે, તે સદશભાવોની શુદ્ધતા છે. કોઈપણ ઈચ્છા થાય એટલે વિકાર થાય એટલે ઉપયોગનું પલટાવું થાય તે ચંચળતા છે. ઈચ્છા પૂરી ન થાય તો

આકુળતા વધે. આકુળતામાં ચંચળતા, વિકારીતા અને વિકલ્પ આ ત્રણ સાથે જ હોય. નિરાકુળતામાં નિર્વિકલ્પતા, સ્થિરતા અને અવિકારીતા હોય.

એકાગ્રતામાં, ધ્યાનમાં શાંતિ હોય પણ નિરાકુળતા નથી કારણકે ઉપયોગ પલટાય છે માટે ત્યાં વિકલ્પ છે. નિર્વિકલ્પતા નથી. જેણે પોતાના ત્રિકાળી ધ્રુવસ્વરૂપ જ્ઞાયક-દ્રવ્યનો આશ્રય કર્યો નથી એવા આત્માઓ એકાગ્રતા અને ધ્યાનમાં મળતી શાંતિને જ પોતાનું સ્વરૂપ માની લે છે. તેને નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય- ઉપયોગ એ જ પોતાનું સ્વરૂપ છે તે સમજાયું હોતું નથી. સ્થૂલ શરીરથી ભેદ-જ્ઞાન કરીને સૂક્ષ્મ શરીર-કાર્મણ શરીર સુધી પહોંચ્યો છે એટલે એકાગ્રતા, શાંતિ વેદાય છે પણ તેને પોતાના માની લે છે, તેની સાથે એકત્વ-અભેદ કરે છે. આ જ હું- આ જ મારું સ્વરૂપ એવું માની લે છે એટલે ત્યાં આત્મવિકાસ અટકે છે. આત્મવિકાસ ઉપર પડદો પડી જાય છે. ગ્રંથિભેદ થતો નથી. સમ્યગ્ દર્શન પ્રગટતું નથી.

પ્રાણી માત્રમાં જે વિકારભાવ થાય છે તે શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ ભિન્ન છે માટે તે અન્ય વસ્તુ છે. પરભાવ છે તે વિકારો શુદ્ધ આત્માના આશ્રયે થતા નથી તેમજ અજીવમાં થતા નથી પણ જડના લક્ષે થાય છે અને મિશ્ર-ચેતનમાં થાય છે, તેથી અધ્યાત્મ શૈલીમાં તેને જડ પુદ્‌ગલ કહીને આત્માથી અન્ય વસ્તુ કહેવામાં આવી છે. મિશ્ર-ચેતનમાં થાય છે. એટલે કે તે પરિણામ કાંઇ એકલા પુદ્‌ગલમાં થતાં નથી તેમજ એકલું કર્મ પણ કરાવતું નથી પણ જ્યારે જીવ પોતાના સ્વભાવમાં રહેવારૂપ પરિણામથી ચ્યુત થાય છે ત્યારે આત્માની અશુદ્ધ પર્યાયમાં થાય છે; તેથી જ તો



આપે પર્યાયબુદ્ધિ છોડીને શુદ્ધ આત્મદ્રવ્યમાં જ રમણતા કરવા જેવી છે, એવું આપે આપની સુમતિમાં જાણ્યું. જો કે તે પણ પર્યાય જ છે તો પણ તે પર્યાય આત્માની મોક્ષજનક નીસરણીના પગથિઆ સ્વરૂપ છે માટે અદુષ્ટ છે એટલું જ નહિ, આવકાર્ય પણ છે.

આપની શ્રેષ્ઠ સુમતિમાં જ્ઞાન વડે શુદ્ધ, આત્મા જણાયો તેમજ આત્મામાં જ્ઞાન ગુણની જેમ શ્રદ્ધા, દર્શન, વીર્યાદિ અનંતગુણો છે તેને પણ આપે જાણ્યા. જગતના જીવોને પર્યાયમાં જે રાગ દ્વેષ થાય છે, તે ચારિત્રગુણનું વિકારી પરિણમન છે તથા પર્યાયમાં શુદ્ધાત્માને રૂચિપૂર્વક માનવો તે શ્રદ્ધા ગુણનું નિર્મળ પરિણમન છે અને શુદ્ધાત્માને જાણવો તે જ્ઞાન ગુણનું નિર્મળ પરિણમન છે. એ રીતે દરેક ગુણનું પરિણમન ભિન્ન કાર્ય કરે છે, તેને આપે વસ્તુ સ્વરૂપે સુમતિપૂર્વક જાણ્યું.

વળી આપે એ પણ જાણ્યું કે રાગ એ ઉપાધિ સ્વરૂપ છે. જે જીવ પોતાના અપરાધથી પોતે જ કરે છે. દ્રવ્ય-કર્મ રાગ કરાવતું નથી. તે તો જડ છે એવા નિર્ણય પર આવીને આપે સ્વભાવ દૃષ્ટિના બળે એ પણ જાણ્યું કે ભાવકર્મરૂપ રાગ તે આત્માનું સ્વરૂપ નથી. પોતે તો ત્રિકાળ ચૈતન્યપુંજરૂપે જ છે, જે કદાપિ રાગ રૂપે થયો જ નથી. પોતે તો જાણનક્રિયા રૂપ આત્મા છે અને ક્રોધાદિ ક્રિયારૂપ આશ્રવો તો અત્યંત ભિન્ન છે, બન્નેની સત્તા જ જુદી છે. આમ સુમતિપૂર્વક જાણીને સાધનાકાળમાં આપ આત્મસ્થ થયા તેથી ઉપસર્ગો અને પરિષહો આપને લેશમાત્ર ચલાયમાન કરી શક્યા નહિ. ઉપસર્ગો અને પરિષહોના કાળે પણ આપ મેરૂની જેમ અડોલ રહ્યા.

હે પ્રભો! આપ જ્યારે ગૃહસ્થ પર્યાયમાં હતા ત્યારે આપે

આપની સુમતિમાં એ પણ જાણ્યું કે પ્રત્યક્ષપણે બાહ્ય અને ભિન્ન દેખાય તેવા સ્ત્રી, પુત્ર, ધન, મકાનાદિ તથા એક ક્ષેત્રાવગાહી સંબંધવાળા શરીર અને આઠ કર્મ તો પરદ્રવ્ય છે જ તે સિવાય જીવ-અજીવાદિ નવ તત્ત્વોના સંબંધમાં ઉઠતાં વિકલ્પો પણ આત્માથી ભિન્ન છે અને તે વિકલ્પોથી અગોચર એવું જે શુદ્ધ અભેદ સ્વરૂપ આત્મતત્ત્વ છે, તે જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તે જ ખરેખર સ્વ છે, તે જ સ્વીકાર કરવા યોગ્ય છે. તેની જ સ્વ-રૂપે શ્રદ્ધા કરવા યોગ્ય છે. તે જ આશ્રય કરવા યોગ્ય છે, તેના જ આશ્રયે શુદ્ધભાવ પ્રગટ થાય છે એટલે કે શુદ્ધ જીવની શ્રદ્ધા કરવી તેનું જ્ઞાન કરવું અને તેમાં જ લીન થવું. તેનાથી એ ફલિત થાય કે હું પોતે જ, પોતાને, પોતાના વડે, પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રગટાવવા માટે, પોતાનામાંથી અશુદ્ધિને દૂર કરીને પોતાનામાં જાણનાર છું, પોતાનામાં રમણતા કરનાર છું અને પોતાનામાં જ અનંત આનંદનો ભોક્તા છું. હું જાણનાર છું. હું મને જાણું છું એમ દૃઢતા કરીને પર તરફનું લક્ષ છોડ્યું. હું જ્ઞાતા છું. સ્વજ્ઞેય છું એ સિવાયના શરીરાદિ બધા પદાર્થો પરજ્ઞેયો છે. હું જ્ઞાતા અને તે જ્ઞેય એ સિવાયનો કોઇ પણ સંબંધ વિશેષ નથી. આ રીતે સુમતિપૂર્વક અવિચ્છિન્ન ધારાથી ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવ્યું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય. આમ શુદ્ધાત્માની સતત ભાવના કરતાં કરતાં પર્યાયમાં પૂર્ણતા (કેવળજ્ઞાન) વ્યાપી જાય. ભેદજ્ઞાનની ભાવના રાગરૂપ નથી પણ શુદ્ધ આત્માના અનુભવન કરાવવા રૂપ શુભ છે; એમ આપને સુમતિમાં જણાયું. તેથી હે સુમતિજિન ! આપના નામમાં જ આવો અચિંત્ય મહિમા ભરેલો છે. જે અમને પરમ આશ્ચર્યરૂપ જણાય છે તે જ તાહરી આશ્ચર્યરૂપ શુદ્ધતાના લક્ષણે



જણાય છે.

તેથી હે સુમતિ જિનેશ્વર! આ ભગવાન ત્રિકાળી ધ્રુવ કારણ પરમાત્મા તો જિનરાજ છે. જિનરાજ પર્યાય જે થાય છે તે જિનરાજ, કારણ પરમાત્મામાંથી થાય છે અને તે પોતે, કાર્ય પરમાત્મા છે. સમસ્ત રાગાદિને જે જીતે છે તે જિન કહેવાય છે. જેણે પોતાના કારણ પરમાત્મા સ્વરૂપ જિનરાજનો આશ્રય કરીને ભવના કારણભૂત એવા રાગ-દ્વેષ-મોહને સંપૂર્ણપણે જીત્યા છે. તેને જ જિન કહ્યા છે; આ જ વસ્તુસ્થિતિ છે- વસ્તુ સ્વરૂપ છે. વસ્તુની મર્યાદા છે. તેનું ઉલ્લંઘન કોઇ કરી શકે નહીં.

જો આત્માની ભીતરમાં જિનસ્વરૂપ સત્તાએ ન પડ્યું હોય તો વીતરાગ અને કેવલજ્ઞાન પર્યાય પ્રગટે ક્યાંથી? તેથી જ કારણ પરમાત્મારૂપે પોતાની ભીતરમાં રહેલા જિનરાજનું શરણ લઇને સમસ્ત રાગ-દ્વેષ-મોહને જીત્યા છે તે જિન છે. તેથી હે! સુમતિનાથ જિનેશ્વર આપ જિન છો, અર્હત્ છો, વીતરાગ છો, વીર છો, આપે આપની પર્યાયમાં શુદ્ધતાના લક્ષે અનુપમેય કાર્ય કરીને પૂર્ણતાને હાંસલ કરી છે. આપે જાણ્યું કે શક્તિ એ કારણ છે ને વ્યક્તિ એ કાર્ય છે. ત્રિકાળ ધ્રુવ સ્વભાવ કારણ છે ને વર્તમાન પ્રગટ પર્યાય એ કાર્ય છે. શક્તિરૂપ જે છે તેને કારણ પરમાત્મા કહે છે અને વ્યક્તિરૂપ જે છે તેને કાર્ય પરમાત્મા કહે છે. વસ્તુ નિત્ય, ત્રિકાળ, નિરાવરણ, કારણ સ્વભાવપણે છે તેની ભાવના કરતાં તેમાં લીનતા થતાં, શક્તિમાનની વ્યક્તિ થાય છે.

તે જ લોકોમાં પરમાત્મા, પરમ જ્યોતિ, પરમેશ્વર, પરબ્રહ્મ, નિરંજન, અવ્યય, અચ્યુત, શંકર, બ્રહ્મા, શિવ, પરમપુરુષ, પુરાણપુરુષ, બુદ્ધ, નિરાબાધ, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ,

તથાતા, તથાગત, અર્હત્, આદિ નામોથી નવાજે છે.

પરમ પારિણામિકભાવમાં પરમ એટલે ઉત્કૃષ્ટ, આશ્રય કરવા યોગ્ય- ઉપાદેય અને પારિણામિકભાવ એટલે મૂળ સત્તા, અરિહંત પરમાત્માએ તે મૂળ સત્તાનો આશ્રય કરીને તેનું સ્વરૂપ પર્યાયમાં પ્રગટ કર્યું છે માટે તે પૂજ્ય બન્યા છે. આપણે પર્યાયમાં સ્વરૂપ પ્રગટ કરી શકતા નથી માટે ચારગતિના દુઃખો ભોગવીએ છીએ.

**સમયસાર વગેરેમાં જે પરમ પારિણામિક ભાવની વાત છે તે ઉપાદાનની મુખ્યતાએ છે જ્યારે દેવચંદ્રજી મહારાજ અરિહંત પરમાત્મા રૂપ નિમિત્તની મુખ્યતાએ વાત કરી રહ્યા છે પણ કાર્ય તો નિમિત્ત અને ઉપાદાન બંને મળે ત્યારે જ થાય માટે સમયસારાદિની વાતો સાંભળીને વ્યામોહ ન થવો જોઈએ. દિગંબરની વાત હોય કે શ્વેતાંબરની બંનેમાં મૂળ સત્તા પકડવાની જ વાત છે.**

**દિગંબરોમાં ઉપાદાનનું અવલંબન લીધા પછી દેશનાલબ્ધિરૂપ નિમિત્તનું આવલંબન તો બતાવે જ છે જ્યારે દેવચંદ્રજી મ.સા. પરમાત્મારૂપ નિમિત્તનું આલંબન લઈને મૂળ ઉપાદાનસત્તામાં તન્મય થવાનું બતાવે છે.**

ભગવાન આત્મામાં જે મૂળ સત્તારૂપે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનો ત્રિકાળી સ્વભાવ પડ્યો છે તે આવરણ રહિત છે. આવરણ તો પર્યાયમાં હોય. પર્યાય નિરપેક્ષ ત્રિકાળી સ્વભાવને વળી આવરણ શું? આત્મામાં સદાય એકરૂપ જે દર્શનોપયોગ, જ્ઞાનનો ઉપયોગ અને શ્રદ્ધાનો ભાવ છે તે પરમ ચૈતન્યરૂપ મૂળ સત્તાનું સામાન્ય સ્વરૂપ છે તેના શરણમાં જવાનું છે. તેનો આશ્રય કરવાનો છે. તેમા એકાગ્ર થવાનું છે. ભીતરમાં પૂર્ણ વીતરાગી



સ્વભાવનો આશ્રય લઈને મોહનીય કર્મનો ક્ષય થયો ત્યારે પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ અને ત્રિકાળી ધ્રુવધામ દર્શન સ્વભાવનો આશ્રય લઈને દર્શનવરણીય-કર્મનો ક્ષય થયો, તે જ ક્ષણે કેવળદર્શન પ્રગટ્યું. તે જ રીતે જ્ઞાન સ્વભાવી ધ્રુવધામરૂપ આત્માનો આશ્રય લઈને જ્યારે જ્ઞાનવરણીય કર્મનો નાશ થયો ત્યારે પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થયું. ભીતરમાં સ્વભાવરૂપે રહેલ અનંત વીર્યનો આશ્રય લઈને વીર્યાંતરાય કર્મનો ક્ષય થયો ત્યારે પર્યાયમાં અનંતવીર્ય પ્રગટ થયું; આ રીતે હે પ્રભો! આપે શુદ્ધતાને પ્રગટ કરી.

**સ્વગુણ પર્યાય પરિણામ રામી :** હે પ્રભુ આપની પ્રગટ થયેલી શુદ્ધતા એ સ્વગુણપર્યાયમાં રમણતા કરવા સ્વરૂપ છે. તેની ઉપર વિચારણા કરતા તે વસ્તુવિજ્ઞાનસારને જ લક્ષિત કરે છે. અર્થાત્ આત્મા એ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે અને તેનું કાર્ય વિજ્ઞાનસાર એટલે પોતાના અનંતગુણોના વિશુદ્ધ પરિણમનમાં રમણતા કરવાનું છે.

દ્રવ્ય અને ગુણો બંને ત્રિકાળ ધ્રુવ છે. તે પોતે પોતાને પ્રકાશિત કરતા નથી પણ તે તો સ્વાનુભૂતિની પર્યાયમાં પ્રગટ થાય છે. જ્યારે પર્યાયે ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો આદર કર્યો, તેનું શરણ સ્વીકાર્યું, તેની સાથે એકતા કેળવી ત્યારે સ્વાનુભૂતિની પર્યાયમાં પરમાત્મદ્રવ્ય ઝળક્યું. પોતે પોતાનો અનુભવ કર્યો.

ગુણો એ દ્રવ્યના પૂરા ભાગમાં રહે છે. આ ગુણોના પરિણમનને પર્યાય કહે છે. પ્રત્યેક દ્રવ્ય, ગુણો અને પર્યાયોનો પિંડમાત્ર છે જેનાથી પ્રવાહમાં એકરૂપતા બની રહે છે.

Performance of individul player may be

different from player to player. It may be the best, very good, good or bad, but the overall performance of the team remains the same to retain its position i.e. rank.

ટીમના પ્રત્યેક ખેલાડીનો વૈયક્તિક દેખાવ ખેલાડી ખેલાડીએ જુદો ઉત્તમ, સારો, ઠીક ઠીક કે ખરાબ હોઇ શકે છે. પરંતુ ટીમનો દેખાવ સમગ્રતયા એકંદરે એક સરખો એવો રહે છે કે સાફલ્ય ક્રમાંકમાં પોતાનું સ્થાન જાળવી રાખે.

એવી જ રીતે દ્રવ્યના પ્રદેશે પ્રદેશે કે પરમાણુ પરમાણુમાં ગુણકાર્યની માત્રા (ડિગ્રી)માં ફરક હોય પણ અસંખ્યાત પ્રદેશના કે પરમાણુઓના બનેલા સ્કંધના સમગ્રતયા-Overall ગુણકાર્યમાં એક સરખાપણું રહે છે અને તે સરખાપણું જોવામાં-હોવામાં કારણભૂત તત્ત્વ દ્રવ્યોનો સામાન્યગુણ અગુરુલઘુ છે. જે જ્યાં હાનિ છે તેની સામે બીજા પ્રદેશે વૃદ્ધિ કરી આપીને ગુણકાર્યની સદશતાનું સાતત્ય જાળવી રાખે છે.

હે પ્રભુ! આપની અનુભૂતિમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદો નથી. સ્વ-પરના ભેદો નથી. અંતરમાં તો એક ભગવાન આત્મા કારણરૂપે બિરાજે છે. જ્ઞાયકરૂપે બિરાજે છે તેથી જ આપ દ્રવ્યપણે ત્રિકાળ ધ્રુવ છો અને પર્યાયપણે વર્તમાન છો તે બે ભેગા થઈને એક સમયમાં આખી વસ્તુ બને છે. ત્રિકાળ અભેદ તે પિંડરૂપ દ્રવ્ય છે અને એક સમયનો અંશભેદ તે પર્યાય છે. આમ અંશભૂત પર્યાયનું ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય સાથે ભીતરમાં એકાગ્ર થવું તે મોક્ષનો માર્ગ છે અને તેનું ફળ પર્યાયમાં પૂર્ણતા તે મોક્ષ છે.



આવા દ્રવ્ય-પર્યાય સ્વરૂપનું જેને અંતરમાં ભાન અને શ્રદ્ધાન થયું છે અને જે નિરંતર ભેદ વિજ્ઞાનના અભ્યાસના બળે નિજ સ્વરૂપમાં રમે છે તેને વિજ્ઞાનસારરૂપ વસ્તુ મળે જ છે. કેવળજ્ઞાન સહિત પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

અનિત્ય એવી એક સમયની અનુભૂતિની પર્યાય નિત્યને જાણે છે. જાણનાર તો છે જ્ઞાનની પર્યાય, પણ જાણે છે દ્રવ્યને. અનુભૂતિની પર્યાયનું વલણ દ્રવ્ય તરફ રહે છે પણ પર્યાયને આશ્રય પર્યાયનો નથી. કાર્ય તો પર્યાયમાં થાય છે પણ તે કાર્યમાં કારણ તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. વસ્તુ જે આત્મા તે જ્ઞાનમાં પ્રત્યક્ષ જ છે.

શાસ્ત્રોમાં આત્માને સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યો છે. સ્વરૂપ પ્રત્યક્ષ આત્મા છે તેથી જ તે એક સમયની જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. આત્મા પર્યાય સ્વભાવવાળો છે પણ નિજ ત્રિકાળી સ્વભાવના જ્ઞાન અને શ્રદ્ધાન વિના માત્ર ક્ષણ ક્ષણ ટકનારી વિનાશી પર્યાયને જ આત્મા માને તેને તો શાસ્ત્રકારોએ પર્યાયમૂઢ કહ્યો છે. એટલે કે પૂર્ણતાના લક્ષે આપમાં થઇ રહેલી સ્વભાવ પર્યાય જેને કાર્ય પરમાત્મા, કાર્ય સમયસાર, કાર્ય નિયમ, કાર્ય શુદ્ધપર્યાય, કાર્યદૃષ્ટિ તરીકે ઓળખવામાં આવી છે તેને જાણતાં જ અમારું ચિત્ત સ્વભાવ પર્યાયના લક્ષે પૂર્ણતાને પામવા લક્ષિત થઇ રહ્યું છે.

હે દેવાધિદેવ સુમતિનાથ પ્રભુ! આપની સ્વાદ્વાદમયી વાણી દ્વારા એ પણ જાણ્યું કે શુદ્ધ રત્નત્રય તે જ સ્વભાવ રત્નત્રય છે અને તે છે તો પર્યાય જ. છતાં અહીં તેને સ્વભાવ કહેવાનો અર્થ એ છે કે વ્યવહાર અપેક્ષાએ રત્નત્રયનો જે વિકલ્પ છે તે વિભાવ છે. નિશ્ચય અપેક્ષાએ શુદ્ધ રત્નત્રય-નિર્વિકલ્પ ઉપયોગ સ્થિત

રત્નત્રય એ સ્વભાવ છે અને તે ગુણ છે એટલે સ્વભાવ છે એમ નથી. પણ વિભાવ ટળીને તે પર્યાય પ્રગટ થઇ છે એટલે તે શુદ્ધરત્નત્રય વીતરાગ સ્વરૂપે પરિણમી રહી છે માટે તે સ્વભાવ છે. શુદ્ધ રત્નત્રય વીતરાગ-પરિણતિ સ્વરૂપ મોક્ષમાર્ગ પરથી નિરપેક્ષ છે, જેમાં પરની ગંધ પણ નથી. પોતાના જ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યનો આશ્રય લઈને પ્રગટ થયેલો આ મોક્ષમાર્ગ છે અને તે જ અંતે પૂર્ણ થતાં સ્વાત્મોપલબ્ધિ એટલે કે નિજ શુદ્ધ આત્માની પૂર્ણતાએ પ્રાપ્તિરૂપ છે. **ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એ હોવારૂપ છે અને તેના આશ્રયે શુદ્ધ રત્નત્રયની આંશિક પ્રાપ્તિરૂપ મોક્ષમાર્ગ અને પૂર્ણ પ્રાપ્તિરૂપ મોક્ષ એ થવા રૂપ છે. જેમાં તત્ત્વદૃષ્ટિએ જોતાં કશું કરવાપણું નથી.**

અધ્યાત્મમાં ત્રિકાળી દ્રવ્ય એ અકર્તા છે અને તેનું લક્ષ સતત સતત રહ્યા કરે તો પર્યાયમાં શુદ્ધિ થયા કરે છે અને જે થાય છે તેનો સહજપણે, શાંતપણે, સરળપણે, સતત સ્વીકાર, સ્વીકાર અને સ્વીકાર એ મોક્ષમાર્ગ છે. પર્યાયમાં જો પ્રતિક્ષણે શુદ્ધિ ન અનુભવાતી હોય તો ત્રિકાળી ધ્રુવદ્રવ્યનું લક્ષ સાચું છે એમ માનવાની ભૂલ કરવી નહિ. અધ્યાત્મમાં પ્રતીકારને ખંડનને, વાદને, વિવાદને, વિખવાદને, તર્ક, દલીલ, છલ, કપટ, આડાઇ, અવળાઇ, અવળચંડાઇ, ઊંધાઇ, માયા, પ્રપંચને કોઇ સ્થાન નથી. આખા જગતને, પોતાના નામરૂપની માયાને, સર્વથા ભૂલી જઇ, પરથી, સર્વથા ચિત્તને ઉપર ઉઠાવી લઇ પોતાની ભીતરમાં જે સહજ અનંત ચતુષ્ટય સ્વરૂપ પરમપારિણામિક ભાવ રહેલો છે તેની ઉપર ઉપયોગનો ધોધ વરસાવી તેને કાર્યરૂપે પ્રગટ કરવાના છે. પર્યાયરૂપી નદીએ દ્રવ્યરૂપ સાગરમાં ભળી જવાનું છે.



પર્યાય, દ્રવ્ય તરફ ઢળી તે દ્રવ્યનું ધ્યાન છે. પોતે સ્વભાવથી સિદ્ધ સમાન છે. તેનું ધ્યાન કરતાં પોતે સિદ્ધ સમાન થઈ જાય છે. પર્યાય અંદરમાં ધ્રુવ સ્વભાવમાંથી પ્રગટી છે. ધ્રુવના આશ્રયે સિદ્ધ પર્યાય પ્રગટ થાય છે માટે જ સિદ્ધ પર્યાયને વંદના કરીએ છીએ.

આત્મામાં જે ત્રિકાળ સ્વભાવ પડ્યો છે તેમાંથી સ્વભાવ પર્યાય પ્રગટે છે. કેમકે આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. પોતે સર્વનો જાણનાર-દેખનાર છે એટલે કે કોઈપણ ચીજનો કર્તા નથી. અકર્તા છે. આ અકર્તાપણામાં ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય પણ થઈ જાય છે. તેથી જ વસ્તુના સ્વભાવને જાણીને સ્વભાવરૂપે પરિણમવાનું છે. અત્રે વસ્તુતત્વથી આત્મા વિજ્ઞાનઘનરૂપે છે. વિજ્ઞાનસારરૂપે છે અને તેનો અર્થ જ્ઞાનનું પોતાનું પોતાનામાં સમાવાપણું છે. આ સમજાય તો જ્ઞાનોપયોગ, પર એવા વિષયોમાંથી નીકળીને સ્વમાં ત્રિકાળી સહજ ધ્રુવ તત્ત્વ તરફ ઢળે. આ રીતે ઉપયોગનું વલણ પરથી છૂટીને સ્વ તરફ વળે છે ત્યારે અધ્યાત્મની શરૂઆત થાય છે અને છૂટીને સ્વ તરફ ઢળેલો ઉપયોગ ધ્રુવ દ્રવ્યમાં સંપૂર્ણપણે મળી જાય છે ત્યારે આત્મા વીતરાગ-સર્વજ્ઞ બને છે અને આ છે ભાવ મોક્ષ. આત્મા સર્વજ્ઞ થતા જ્ઞાન પૂર્ણ થાય છે અને તે થતાં આનંદ પણ પૂર્ણ થાય છે.

વ્યવહાર ચારિત્રમાં પંચમહાવ્રતના વિકલ્પો ષટ્કાય-જીવરક્ષાના વિકલ્પો સમિતિ-ગુપ્તિના પરિણામો, પંચાચાર પાલનની ભાવના, વગેરે જે છે તે સરાગી પર્યાય છે. વીતરાગી પર્યાય નથી. જ્યાં સરાગતા છે ત્યાં બંધ અને આશ્રવ છે. વીતરાગી પર્યાયમાં સંવર-નિર્જરા છે અને તે મોક્ષમાર્ગ છે. જેટલા અંશમાં સરાગીપણું તેટલા અંશમાં આશ્રવ છે અને જેટલા અંશમાં

વીતરાગીપણું છે તેટલા અંશમાં સંવર-નિર્જરા છે. ૪-૫-૬ ગુણસ્થાનકે આવી સ્થિતિ હોય છે. અને સાતમા ગુણસ્થાનકે જે નિશ્ચય નયનું ચારિત્ર છે તે નિજાનંદની મસ્તીરૂપ છે અને તે નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગરૂપ છે.

આત્મારૂપ વસ્તુનું એક પડખું દ્રવ્યરૂપે છે અને તેની ઓળખ ગુણોથી છે. એ ગુણો આત્મામાં અનંત છે. આત્મામાં સામાન્ય ગુણો પણ છે અને વિશેષ ગુણો પણ છે. વસ્તુમાં અસ્તિત્વ દ્રવ્યત્વ, વસ્તુત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુ, વગેરે સામાન્ય ગુણો છે. તેને સામાન્ય એટલા માટે કહીએ છીએ કે તે બીજા દ્રવ્યોમાં પણ છે જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ વિશેષગુણો છે તે બીજા દ્રવ્યોમાં નથી એવા વિશેષગુણો આત્મામાં અનંત છે.

પારિણામિક ભાવ સાથે તન્મયપણે રહેલી પરિણતિ કે જે દ્રવ્યની નિર્મળ, સ્વચ્છ સપાટીતુલ્ય છે તેને પંચમ પરિણતિ કહેલ છે. પારિણામિક ભાવ એ પાંચભાવોમાં પંચમભાવ છે અને તેથી તેની સાથે તન્મયપણે રહેલી પરિણતિને પંચમપરિણતિ કહેલ છે. ત્રિકાળી ધ્રુવ-દ્રવ્યની આ પરિણતિને એટલે કે પંચમ પરિણતિને કારણ શુદ્ધ પર્યાય કહેલ છે. તેમાં ઉત્પાદ-વ્યય નથી. દ્રવ્ય ધ્રુવ છે તેમ કારણ શુદ્ધ પર્યાય પણ ધ્રુવ છે. તેનો આશ્રય કરતાં કેવલજ્ઞાન, કેવલદર્શન, વગેરે કાર્ય શુદ્ધ પર્યાય પ્રગટે છે તે ક્ષાયિકભાવે છે. ધ્રુવ દ્રવ્યની સાથે રહેલા ગુણો પણ ધ્રુવ છે માટે તેની સાથે તન્મયપણે રહેલી પરિણતિને પણ કારણશુદ્ધ પર્યાય કહેલી છે કારણ કે તે ગુણો પણ પારિણામિકભાવે જ રહેલા છે. આવા સહજ અનંત ગુણાત્મક વીતરાગ ચૈતન્યના પિંડ-સ્વરૂપ, ત્રિકાળ ધ્રુવરૂપે રહેલા દ્રવ્યનું ધ્યાન કરતાં પર્યાય પોતે દ્રવ્યમય



અને ગુણમય બની જાય છે એટલે કે પર્યાયમાં વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટે છે આ કાર્ય પરમાત્મા છે કાર્ય શુદ્ધ પર્યાય છે. કારણશુદ્ધ પર્યાયનું ધ્યાન ધરતાં કાર્યશુદ્ધ પરમાત્મા પ્રગટે છે.

પ્રભુ આવી રીતે પોતાનામાં કાર્યશુદ્ધ પરમાત્માને પ્રગટ કરી પ્રતિ-સમયે અનંત અનંત સ્વગુણ પર્યાયમાં રમણતા કરી રહ્યા છે. આપણે પણ સ્વરૂપમાં ઉપયોગની સમગ્રતા કેળવી પ્રભુની જેમ સ્વગુણ પરિણામરામી બનવાનું છે. પુદ્ગલના રુપાદિ પરિણામો તે પર પરિણામો છે કે જેમાં રમણતા કરી અનંતકાળ સંસારમાં નરકાદિ ગતિઓમાં ઘોરાતિઘોર દુઃખો વેઠ્યા છે, તેમાંથી છુટવા દેવચંદ્રજી મહારાજ કૃપા કરીને આપણને અધ્યાત્મનો માર્ગ બતાવી રહ્યા છે.

આ રીતે જીવ દ્રવ્યરૂપ અખંડ વસ્તુ તેના દ્રવ્ય, ગુણ અને પર્યાયની યથાર્થ છણાવટ કરીને જીવદ્રવ્યની પર્યાયો એ પ્રસ્તુત વિષય હોવાથી તેની વિચારણા કરવી આવશ્યક બને છે.

**સિદ્ધોની શુદ્ધતા પાંચ પ્રકારે છેઃ**

**(૧) દ્રવ્ય પર્યાય (૨) ગુણ પર્યાય (૩) દ્રવ્ય વ્યંજન પર્યાય (૪) ગુણ વ્યંજન પર્યાય (૫) સ્વભાવ પર્યાય**

**(૧) દ્રવ્ય પર્યાયમાં શુદ્ધ જીવત્વ પર્યાય**

**(૨) ગુણ પર્યાયમાં શુદ્ધ એવો જે જ્ઞાન સામાન્ય પર્યાય કે જે જાણવું, જાણવું જાણવું એ રૂપે પ્રવર્તી રહ્યો છે.**

**(૩) દ્રવ્ય વ્યજંન પર્યાયમાં શુદ્ધ એવો સિદ્ધત્વ પર્યાય**

**(૪) ગુણ વ્યંજન પર્યાયમાં શુદ્ધ એવું જે કેવલજ્ઞાન એટલે કે ક્ષાયિકભાવે બધા ગુણોની પૂર્ણતા**

**ગુણવ્યંજન પર્યાય કહો કે અર્થ પર્યાય કહો બંને એક જ છે.**

**(૫) સ્વભાવ પર્યાય-અગુરુલઘુ ગુણથી પણ શુદ્ધ એવો પર્યાય**

સિદ્ધોના અનંતગુણોમાં અગુરુલઘુગુણ પ્રતિસમયે ષડ્ગુણ હાનિ-વૃદ્ધિથી પ્રવર્તી રહ્યો છે. તે સ્વભાવ શુદ્ધ પર્યાય છે.

ગુણ-વ્યંજન પર્યાયની અપેક્ષાએ સાધક અવસ્થામાં વિચાર કરીએ તો ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી સાધના છે માટે તે ગુણઠાણા સાધકના છે. માટે દરેક જીવનું આત્મ દ્રવ્ય-ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે પણ સ્વભાવથી એટલે ગુણ-પર્યાયથી અશુદ્ધતા-શુદ્ધતા નીચે પ્રમાણે જાણવી. પહેલે ગુણઠાણે મિથ્યાત્વ અવસ્થામાં ગુણ પર્યાયથી અશુદ્ધતા છે એટલે કે જ્ઞાન,દર્શન ચારિત્ર ત્રણેય અશુદ્ધ છે.

જ્યારે ૪થી ૧૨ ગુણઠાણા સુધી જ્ઞાન, દર્શન ચારિત્રમાં અંશે શુદ્ધતા વર્તતી હોવાથી તેમજ ઉપર ઉપરના ગુણઠાણે તે શુદ્ધતા વધતી જતી હોવાથી ત્યાં એક-દેશ શુદ્ધતા માનવામાં આવી છે. અને ૧૩મા ગુણ સ્થાનકથી માંડીને ઘાતી કર્મનો ક્ષય થયો હોવાથી સંપૂર્ણ શુદ્ધતા માનવામાં આવી છે.

અરિહંત પરમાત્માની ગુણ વ્યંજન પર્યાય શુદ્ધ છે કારણકે અનંતા ગુણો પરિપૂર્ણરૂપે ખીલ્યા છે પણ દ્રવ્ય વ્યંજન પર્યાય શુદ્ધ નથી કારણ કે હજુ સિદ્ધત્વ પર્યાય પ્રગટ્યો નથી મનુષ્યપણું છે. **દ્રવ્યનો આકાર તે દ્રવ્યનો વ્યંજન પર્યાય કહેવાય.** સાધકની ગુણ વ્યંજન પર્યાય એકદેશ શુદ્ધ કહેવાય.

દ્રવ્યના જે સામાન્ય ગુણો બતાવ્યા તેમાં પ્રદેશત્વ નામનો પણ ગુણ છે. જીવદ્રવ્યના પ્રદેશો અસંખ્યાત છે. **પ્રદેશત્વ ગુણના વિશેષ કાર્યને દ્રવ્ય વ્યંજન પર્યાય કહે છે. પ્રદેશત્વ ગુણ સિવાયના**



**બાકીના ગુણોના વિશેષ કાર્યને અર્થ પર્યાય કહે છે.** દરેક ગુણનું જે જે પરિણમન તે તે ગુણનું કાર્ય કહેવાય છે.

સિદ્ધ ભગવંતોને દેહ નથી માટે દેહના નિમિત્તે જે આકાર હોય તે આકાર તેમને નથી. પણ સિદ્ધ ભગવંતોના પ્રદેશોનો જે આકાર છે કે જેના કારણે તેના પ્રદેશો સિદ્ધશિલાની ઉપર લોકાગ્રે અમુક નિશ્ચિત આકારરૂપે ગોઠવાયેલા છે, પછી તે પદ્માસન મુદ્રામાં હોય, કાયોત્સર્ગ મુદ્રામાં હોય કે ચાહે કોઈપણ મુદ્રામાં હોય, તે આકારને **સ્વભાવ વ્યંજન પર્યાય** કહી છે. અને ચારગતિમાં દેહ ધારણ કરવાના કારણે જીવને જે જે નર-નારક દેવ-તિર્યંચના આકાર ધારણ કરવા પડે છે, તેને **વિભાવ વ્યંજન પર્યાય** કહે છે.

જીવનો જે સિદ્ધાવસ્થામાં કેવળ જ્ઞાન, કેવળ દર્શન, વગેરે જે પર્યાય છે જે પરના નિમિત્ત રહિત છે તેને **સ્વભાવ અર્થ પર્યાય** કહી છે અને જે પરના નિમિત્ત સહિત સંસારી અવસ્થામાં જે મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન તેમજ મતિઅજ્ઞાન-શ્રુત અજ્ઞાન-વિભંગજ્ઞાન વગેરે જે અર્થ પર્યાય છે તે **વિભાવ અર્થ પર્યાય** કહી છે.

આત્મા કર્મના ઉદયે મનુષ્ય થાય છે, નારક થાય છે ત્યારે વ્યવહારે તે મનુષ્ય પર્યાય, નારક પર્યાયને પામે છે પણ નિશ્ચયથી તે મનુષ્ય કે નારક થયો નથી કેમ કે આત્મા તે તે નરકાદિ ગતિથી તન્મય નથી તેનાથી છુટો પડી શકે છે. સ્વરૂપથી તો તે પોતાના જ્ઞાનાનંદ સાથે તન્મય છે. વ્યવહારમાં ભલે નરકગતિ હો તો પણ તેનાથી ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તન્મય નથી. ભિન્ન છે. માટે જ તે તે ગતિથી પાછો છૂટો પડી શકે છે. પર્યાયમાં અશુદ્ધતા વર્તતી હોવાના કારણે પર્યાયમાં નરકગતિ સાથે તન્મયતા જણાય છે. પણ ત્રિકાળી

ધ્રુવ દ્રવ્ય તો સદા નિર્લેપ, નિર્મમ અને ત્રિકાળ શુદ્ધ જ છે. તેમાં તો ક્યારે પણ અશુદ્ધતા વર્તતી નથી. આ રીતે બીજી ગતિઓના વિષયમાં પણ સમજી લેવું. ચારે ગતિ વિષયક જે દ્રવ્યની વ્યંજન પર્યાય છે તે વ્યવહારે છે અને તે અશુદ્ધ છે માટે તે દ્રવ્યની અશુદ્ધ વ્યંજન પર્યાય સમજવી.

આત્માના બાહ્ય પ્રગટ આકારની જે અવસ્થા છે તે દ્રવ્યની બહારની આકૃતિ છે, તેને દ્રવ્યની અશુદ્ધ વ્યંજન પર્યાય કહી. તે અવસ્થા ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-તેના ગુણો અને તેની કારણ શુદ્ધ પર્યાયમાં નથી, તેથી હે પ્રભુ! આપ વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણીને નિજસ્વરૂપમાં વિશ્રાંતીને પામ્યા છો !

દ્રવ્યની સત્તા માત્રને જ ગ્રહણ કરનાર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે સિદ્ધ તેમજ સંસારી બધા જ આત્માઓ ઉપરોક્ત વ્યંજન પર્યાયથી મુક્ત છે. શુદ્ધ નયે સર્વ જીવ શુદ્ધ જ છે એવું આપનું વચન હોવાથી તે ગ્રહણીય છે.

પ્રાકૃત જનોને જે આકાર પરિચિત છે, એવા પ્રકારના આકારથી પરમ જ્યોતિ રહિત છે માટે તે નિરાકાર છે. એ પરમ જ્યોતિ નિર્વિકલ્પ છે. જેમ પવન ન હોય તો સાગરમાં તરંગો સંભવિત નથી તેમ પર-પરિણામના અભાવે શુદ્ધ આત્મસ્વરૂપમાં વિકલ્પો સંભવિત નથી. ઉપયોગની કંપન અવસ્થા-ઉપયોગનું પલટાવું-ભાવોનું પલટાવું એ વિકલ્પ છે. **જ્ઞેયો પ્રતિ સમયે પલટાય છે તેના કારણે જ્ઞાનની પર્યાય પણ પલટાય છે છતાં ઉપયોગમાં વીતરાગતા, સર્વજ્ઞતા, પૂર્ણતા તો એક સરખા જ ચાલ્યા કરે છે તે જ્ઞાનની નિર્વિકલ્પતા છે. પર્યાય પલટાઈ, અવસ્થા બદલાઈ પણ અવસ્થા અંતર્ગત ભાવ વીતરાગતા, સર્વજ્ઞતા, પૂર્ણતા તો દરેક**



**વખતે એક સરખા જ ચાલ્યા કરે છે અર્થાત્ ઉપયોગ તો અવિનાશી જ રહે છે તે ઉપયોગની નિર્વિકલ્પતા છે.**

આત્મા અસંખ્ય પ્રદેશી ચૈતન્યપ્રભુ અનંતગુણનો પિંડ છે, તો તે અનંતગુણનું પરિણમન તે અર્થ પર્યાય છે, જ્યારે પ્રદેશત્વ ગુણનું જે પરિણમન છે તે આકાર સંબંધી છે તેને વ્યંજન પર્યાય કહી છે અને સંસારદશામાં તે વ્યંજન પર્યાય વિભાવરૂપે છે, સંસારમાં વિભાવ વ્યંજન પર્યાય છે ખરી પણ શુદ્ધ દ્રવ્યનો આશ્રય લેતા તે દ્રવ્ય પરમ શુદ્ધ હોવાથી તે વિભાવ વ્યંજન પર્યાય સિદ્ધને નથી અને સંસારીને શુદ્ધ દ્રવ્યાર્થિક નયે તે નથી, કેમ કે વ્યવહાર નયની અપેક્ષાથી શુદ્ધ દ્રવ્યાર્થિક નયની માન્યતા જુદી છે.

સિદ્ધના જીવોને વિભાવ વ્યંજન પર્યાય સિદ્ધદશામાં નથી. પણ પૂર્વે સંસારી અવસ્થામાં હતી. માટે ભૂત નૈગમનયની અપેક્ષાએ સિદ્ધના જીવોને પણ વિભાવ વ્યંજન પર્યાય કહી શકાય છે.

જૈન શાસનમાં નય વિવક્ષા હોવાના કારણે આ બધું ઘટમાન થઈ શકે છે.

વસ્તુ એટલે કે જીવનો આકાર જ ન હોય તો પ્રદેશત્વ ગુણ જ સિદ્ધ થાય નહિ અને એનો વિભાવરૂપ આકાર જે સંસારમાં છે તે પણ સિદ્ધ થાય નહિ.

જીવ દ્રવ્યમાં પ્રથમ અર્થ (ગુણ) પર્યાય શુદ્ધ થાય પછી વ્યંજન પર્યાય શુદ્ધ થાય. ૪ થી ૭ ગુણઠાણે શ્રદ્ધા ગુણનો પર્યાય પ્રથમ શુદ્ધ થાય છે. બારમા ગુણઠાણે ચારિત્ર ગુણનો પર્યાય શુદ્ધ થાય છે. ૧૩મા ગુણઠાણે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય ગુણનો પર્યાય શુદ્ધ થાય છે. ૧૪ ગુણઠાણે યોગ ગુણનો પર્યાય શુદ્ધ થાય છે. સિદ્ધદશા થતાં વૈભાવિક ગુણ, ક્રિયાવતી શક્તિ તથા ચાર

પ્રતિજીવી ગુણો અવ્યાબાધ, અરૂપી, અક્ષય સ્થિતિ, અગુરુલઘુત્વ, ઈત્યાદિ અર્થ પર્યાયો શુદ્ધ થાય છે અને તે જ સમયે સિદ્ધ દશા પ્રગટતા પ્રદેશત્વ ગુણનો વ્યંજન પર્યાય શુદ્ધ થાય છે. તેથી હે પ્રભુજી! આપને સાદિ અનંત સ્વભાવ વ્યંજન પર્યાય અને સાદિ-અનંત સ્વભાવ અર્થ પર્યાય હોય છે. સ્વગુણ પર્યાયરૂપ સંપદા મધ્યે નિત્ય રમી રહ્યા છો. સ્વભાવ ધર્મે રમણતા કરો છો. તે રમણતા કેવી છે તે હવે બતાવી રહ્યા છે.

**નિત્યતા એકતા અસ્તિતા ઈતર યુત**

આ શુદ્ધતા નિત્યતા, એકતા અને અસ્તિતા આ ત્રણ ગુણોથી યુક્ત છે સાથે સાથે તેના વિરોધી અનિત્યતા, અનેકતા અને નાસ્તિતારૂપ ત્રણ ગુણોથી પણ યુક્ત છે. નિત્યતાનું લક્ષણ तद्भावाव्ययं नित्यम् ॥

સત્ છે તે સ્વભાવથી જ નાશ પામે નહિ, માટે તે નિત્ય છે. તે દ્રવ્યનો જે ભાવ છે તેનાથી ચ્યુત થવાપણું ત્યાં નથી. સુમતિનાથ પ્રભુ સાદિ અનંતકાળ સુધી હવે સ્વરૂપ-રમણતાના નિત્ય સુખની અનુભૂતિ કરી રહ્યા છે.

વળી એકતા શબ્દને સમજાવતાં શાસ્ત્રકારો કહે છે કે જગતમાં અનંતા દ્રવ્યો છે, અનંતા જીવો છે પણ જે વિવક્ષિત દ્રવ્યનું અગુરુ-લઘુ પર્યાયનું ષટ્ગુણહાનિ વૃદ્ધિરૂપ ચક્ર જલાવર્તની જેમ એકઠું રહે તે એક દ્રવ્ય કહેવાય. જેનું ચક્ર ભિન્ન પડ્યું તે ભિન્ન દ્રવ્ય. તે સર્વ દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત છે માટે નિત્યાનિત્ય છે. ઉત્પાદ-વ્યય એ અનિત્ય અંશ છે અને ધ્રુવ તે નિત્ય અંશ છે બન્ને સમકાલે છે.

સરોવરમાં જેમ કોઈ કાંકરો નાંખે અને તરંગોની રચના થાય છે. કોઈ બીજો કાંકરો નાંખે છે ત્યારે બીજા તરંગોની રચના થાય



છે, તેવી રીતે અગુરુલઘુ પર્યાયનું ચક્ર એ દ્રવ્યની હદ નક્કી કરે છે એટલે કે અગુરુલઘુ પર્યાય ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપે પ્રવર્તે છે તેમાં જેટલા પ્રદેશોમાં (અવિભાજ્ય અવયવમાં) આ ચક્રની હાનિવૃદ્ધિ પ્રવર્તી રહી તે એક દ્રવ્ય. આ દ્રવ્ય એક જ છે તે હવે વિભાગ પામી શકે નહિ અને બીજાને પોતાનામાં Joint - ભેગો પણ કરી શકે નહિ; આવો એકત્વ સ્વભાવવાળો આત્મા છે. વળી આ આત્માના આધારે અનંતા ગુણો છે માટે અનેક પણ કહી શકાય પણ અખંડિત હોવાથી આ એકત્વ અને અનેકત્વ સાથે જ રહેલું છે.

હે દેવાધિદેવ પ્રભુ! આપના બધા ગુણો નિત્ય પારિણામિક-ભાવે પરિણમી રહ્યા છે. દ્રવ્યના ગુણો સામાન્ય વિશેષરૂપે છે. સામાન્યરૂપે નિત્ય છે. પર્યાયરૂપે-વિશેષરૂપે-પરિણમનરૂપે અનિત્ય છે. જેમ દરિયારૂપ પદાર્થ નિત્યાનિત્યરૂપે છે. તેમાં પાણી નિત્ય છે, મોજા અનિત્ય છે તેમ આત્મા નિત્યાનિત્યરૂપે છે, તેમાં દ્રવ્ય નિત્ય છે, પર્યાયો અનિત્ય છે.

પરમાણુ પરમાણુત્વેન નિત્ય, વર્ણાદિ ગુણત્વેન નિત્ય, વર્ણાન્તર, ગધાન્તર અનિત્ય. આત્મદ્રવ્યમાં સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવત્વેન અસ્તિતા છે. પર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવત્વેન નાસ્તિતા છે. આત્મ દ્રવ્યમાં દ્રવ્યત્વેન એકતા છે. આત્મ દ્રવ્યમાં પર્યાયત્વેન અનેકતા છે. દ્રવ્યત્વેન ગુણત્વેન નિત્યતા છે. પર્યાયત્વેન અનિત્યતા છે.

નિત્યતા કહો, એકતા કહો કે અસ્તિતતા કહો બધુ જ સ્વગુણરૂપે છે. ઈતરતાથી અનિત્યતા, અનેકતા, નાસ્તિતા જણાવાઈ છે.

**આમ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા નિત્યતા, અનિત્યતા, વિગેરે બન્ને ધર્મોનું એક સાથે પ્રકાશિત થવું તેવો જ દ્રવ્યનો સ્વભાવ હોવાથી અનેકાન્ત સ્વરૂપ સિદ્ધ થાય છે, અને તે સ્વરૂપને જણાવનાર વચનને સ્યાદ્‌વાદ કહે છે. આમ સર્વજ્ઞ પરમાત્માનું શાસન અનેકાન્ત અને સ્યાદવાદથી અસ્ખલિતપણે વહી રહ્યું છે. અનેકાન્ત સ્વરૂપ, વસ્તુ સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરાવે છે. તેનાથી વસ્તુમાં અસંગપણાની શ્રદ્ધા જાગે છે. અનેકાન્તથી વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી. એનાથી એ નિશ્ચિત થાય છે કે આત્મારૂપ વસ્તુ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપે છે અને શરીર,ઇન્દ્રિયાદિરૂપે નથી એટલે પરવસ્તુનું કાંઈપણ કરવા આત્મા સમર્થ નથી. પરવસ્તુ અનુકૂળ હોય કે પ્રતિકૂળ તેને ફેરવવા તું સમર્થ નથી અને પરવસ્તુ ન હોય તેથી આત્મા દુઃખી પણ નથી. આટલુ જો નક્કી થાય તો શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, શાંતિ, સમાધિ નિરંતર પાસે જ છે. તેથી જ અનેકાન્ત વસ્તુને સ્વપણે સત્ બતાવે છે. સત્‌ને સામગ્રીની જરૂર નથી. સંયોગોની જરૂર નથી પણ સત્‌ના નિર્ણયની જરૂર છે કે હું સત્‌પણે છું-છું અને છું અને અસ્‌તપણે નથી-નથી અને નથી.**

**આ અનેકાન્ત, વસ્તુને એક-અનેક સ્વરૂપે બતાવે છે; તું તારામાં દ્રવ્યપણે એક છો પર્યાયપણે અનેક છો. દ્રવ્યપણે નિત્ય છો, અવિનાશી છો, પર્યાયપણે અનિત્ય છો, વિનાશી છો. વસ્તુ પોતે જ દ્રવ્ય પર્યાય સ્વરૂપે છે એટલે નિત્ય, અનિત્યરૂપે છે. નિત્ય તરફની રૂચિ કરે તો નિત્ય ટકનારી એવી વીતરાગતા પ્રાપ્ત થાય. અનિત્ય એવા પર્યાયની રૂચિ કરે તો ક્ષણિક રાગ-દ્વેષ થાય. એક જ વસ્તુમાં બે વિરુદ્ધ શક્તિઓનું જુદી જુદી અપેક્ષાથી હોવાપણું તે જ વસ્તુનો સ્વભાવ છે તેનાથી જ વસ્તુની પૂર્ણતા છે.**



વિશેષથી જોઈએ તો **પોતે પોતાથી** અસ્તિરૂપે છે અને **પોતાના** સિવાય પરથી અસ્તિરૂપે નથી પણ નાસ્તિરૂપે છે એમ જ્યારે જ્ઞાનમાં યથાર્થપણે નક્કી થાય છે ત્યારે દરેક તત્ત્વ યથાર્થપણે ભાસે છે, તેમજ **પોતે** પર-દ્રવ્યોને સંપૂર્ણપણે અકિંચિત્કર છે. તથા પર-દ્રવ્યો **પોતાને** સંપૂર્ણપણે અકિંચિત્કર છે. તેથી નિષ્કર્ષ એ છે કે **પોતે** પરાશ્રયી-પરાવલંબી મટી સ્વાશ્રયી થાય તે જ ધર્મની શરૂઆત છે.

દ્રવ્યની અપેક્ષાએ જ્યારે દ્રવ્યને નિત્ય કહ્યું ત્યારે પર્યાયની અપેક્ષાએ અનિત્ય હોવા છતાં અનિત્યતા ગર્ભિત રાખી અને તેમ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અનિત્ય કહ્યું ત્યારે નિત્યતા ગર્ભિત રાખી પણ કહી નથી. કારણ કે બંને ધર્મો એકી સાથે કહી શકતા નથી.

આમ એક વસ્તુમાં વસ્તુપણાને નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે જ અનેકાન્ત છે. જેમ કે જે વસ્તુ સત્ છે તે જ અસત્ છે અર્થાત જે અસ્તિ છે તે જ 'નાસ્તિ' છે. જે એક છે તે જ અનેક છે. જે નિત્ય છે તે જ અનિત્ય છે.

આથી સિદ્ધ થયું કે પોતે પરનું કાંઇ કરી શકે નહિ અને પર પોતાનું કાંઇ કરી શકે નહિ. દરેક વસ્તુ પોતાનાથી જ છે. પરના કારણે નથી. દરેક વસ્તુ, પર વસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે. આવો સ્વતંત્ર વસ્તુ સ્વભાવ જે સમજે તે જ સ્વ-પરનો ભેદ-વિજ્ઞાની થઈ, સ્વ સન્મુખ થઈ અંતરંગ સુખનો સાચો ઉપાય કરી શકે. કેમકે અંદર આત્મા એક જ્ઞાયક પરિપૂર્ણ કારણ પરમાત્મારૂપે છે. **જે પોતે પોતાનાથી હોય અને ત્રિકાળ હોય તે અપરિપૂર્ણ ન હોય.** વસ્તુની ત્રિકાળ શક્તિઓમાં અપૂર્ણતા હોય જ નહિ. અસ્તિરૂપે એટલે કે સત્તારૂપે ત્રિકાળ વસ્તુ છે. તેના જ્ઞાન-દર્શનાદિ ગુણો પણ શક્તિરૂપે ત્રિકાળ કાયમી છે; તેને અનુસરીને થતો વર્તમાન પ્રગટ પરિણામ

કે જે ઉપયોગરૂપ છે તે વસ્તુની ત્રિકાળ અસ્તિતાને પ્રકાશે છે કેમકે તે હોવાવાળું તત્ત્વ છે. વસ્તુમાં જે સહજભાવે-વીતરાગભાવે અનંત જ્ઞાન-દર્શનાદિ ગુણો રહેલા છે તેને તે જ વસ્તુમાં રહેલ જ્ઞાન જાણવાને સમર્થ છે અને તે પણ વસ્તુની ત્રિકાળ સત્તાને કારણે જ.

આમ વસ્તુમાં રહેલ દ્રવ્ય પણ સત્ છે ગુણ પણ સત્ છે અને પર્યાય પણ સત્ છે. દ્રવ્ય અને ગુણો ત્રિકાળ સત્ છે. પર્યાય ક્ષણિક સત્ છે. વસ્તુમાં રહેલા પર્યાય જ્યારે ત્રિકાળ સત્ એવા દ્રવ્ય અને ગુણોને અભિમુખ થાય છે ત્યારે તે અભિમુખ થયેલી પર્યાય, દ્રવ્ય તથા ગુણ સાથે અભેદરૂપે મળી જતાં તે પર્યાયમાં ચિત્ સ્વભાવ સ્વાનુભૂતિથી પ્રકાશે છે. આ સ્વાનુભૂતિ એ દ્વાદશાંગીનો સાર છે. આ તો ચંદ્રમાંથી ઝરતું સાક્ષાત્ અમૃત છે.

પ્રભુના સ્વરૂપને દ્રવ્યાનુયોગ વડે જાણવાથી આ લાભ થાય છે કે આત્મા મમત્વથી પર-દ્રવ્યાદિમાં રાગ કરતો હોય તો તરત અટકે છે; આ હું નથી અને આ મારું નથી.

**પ્રભુનું સ્વરૂપ જાણ્યા પછી અહમ્ અને મમરૂપ મોહના મંત્રનો પ્રતિકાર મંત્ર નાહમ્ દેહમ્ ન મમ્ કિંચિત, જાણવા મળે છે.**

**અનાદિકાળથી ઉપયોગમાં જે આપણું નથી તેને પણ ભ્રમ દ્વારા જો મારું માનવાની ભૂલ થઈ જાય છે તો auto-suggestion થી આખો મિથ્યા સંસાર ખડો થઈ જાય છે તો હવે સાચી સમજની જમાવટથી હું પરમાત્મ સ્વરૂપ છું. હું નિર્વિકારી છું. હું ચેતન છું. હું અણાહારી છું. એવું જે તિરોભૂત તત્ત્વ રહેલું છે તે આવિર્ભૂત બને છે. પણ આ માટે સ્વરૂપનો દૃઢ નિર્ણય કરી તે તરફના ચક્રો ગતિમાન કરવાના રહે છે.**

**ભોગ્ય ભોગી થકો પણ અકામી :**

હે પ્રભો! આપ પૂર્ણ જ્ઞાન-દર્શનાદિ અનેક ગુણોમાંથી આવતા અનંત આનંદને ભોગ્યપણે ભોગવો છો તેથી ભોગી છો. આમ અનંત ગુણ વૈભવને ભોગવતા હોવા છતાં આપ અભોગી અને અકામી કહેવાઓ છો તે આશ્ચર્ય છે. આપ અકામી છો કેમકે કામી જનોમાં સંસારને વધારનારા, ચારગતિમાં રૂલાવનારા વિકારી પર્યાયોનો ભોગવટો છે તે અજ્ઞાન-મિથ્યાત્વ-અવિરતિ અને કષાય ભાવોથી થયેલ છે તેથી તેઓ ભોગોને ભોગવતાં કામી થયા છે જ્યારે આપ તો સંપૂર્ણ નિર્દોષ, વીતરાગ, સર્વજ્ઞ છો! ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ કે જે કાર્ય શુદ્ધ પર્યાય છે જે નિત નિત એક સરખી છતાં નવી નવી પર્યાયોને ભોગવો છો છતા અકામી છો. અઘાતી કર્મના ક્ષયથી જે અવ્યાબાધ સુખ પ્રગટ થયું તે સિદ્ધની પર્યાયને પણ આપ નિરંતર ભોગવો છો. આપ સ્વરૂપના ભોગી છો પણ કામના રહિત ભોગી છો. અકામી છો તે જ અમારે મન મોટું આશ્ચર્ય છે.



પ્રભુ આત્મ-સ્વરૂપના ભોગી છો માટે આ શક્ય બન્યું. એટલે સ્વક્ષેત્રથી (પોતાના ચૈતન્ય આત્મ-પ્રદેશથી) વેગળા જે પુદ્‌ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો ભોગ કરવો હોય તો તે પર-સંબંધી હોવાના કારણે માલિકીનો નથી, માટે તેની ઈચ્છા કરવી પડે. કામના જોઈએ. પણ પ્રભુ તો જ્ઞાનાદિક ગુણ જે સ્વક્ષેત્રે વ્યાપક છે તેના ભોગી છે. તે સ્વસંપત્તિ હોવાના કારણે ઈચ્છા કરવી પડતી નથી. આમ કામના વિના ભોગીપણું એ આશ્ચર્ય છે.

પ્રભુજીએ સાધના દ્વારા પ્રગટ કરેલું આ વ્યક્તિત્વ છે. આપણે પણ પરમાત્માના અંશ સ્વરૂપ જ છીએ અને માટે જ દ્રવ્યાનુયોગનો એક સિદ્ધાંત છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ભોગવી શકતું નથી; આ સમજણ આપણી સાધનાને બહુમૂલ્યવાન વળાંક આપે છે.

સામાન્યથી વિભાવદશામાં રમમાણ આપણે એમ માનીએ છીએ કે હું પુદ્ગલના વર્ણ, ગંધ, રસ, સ્પર્શને ભોગવું છું પણ હકીકતમાં તેમ નથી. જ્યારે શ્રીખંડ ખાઈએ છીએ ત્યારે હકીકતમાં તો શ્રીખંડના સ્વાદને રસનેન્દ્રિયના ક્ષયોપશયથી જાણી શકીએ છીએ. કારણકે જ્ઞાન એ આત્માનો ગુણ છે. તે વખતે ઉપયોગમાં વિભાવભાવ હોવાથી વિભાવદશાના રતિ, અરતિ પર્યાયો ભળે છે, જીવનું કર્તૃત્વ, ભોકતૃત્વ ભળે છે તેથી શ્રીખંડ સારો છે, મને બહુ ભાવે છે એવો મિથ્યાબોધ થાય છે અને જ્યારે આપણે કોઈક અશુભ સમાચારથી વ્યગ્ર અને ચિંતિત હોઈએ છીએ ત્યારે શ્રીખંડ તો એનો એ જ છે છતાં તેને ખાવાનો આનંદ છૂટી જાય છે. કારણકે ઉપયોગ બીજી વાતમાં રોકાયેલો છે એટલે તેનો જ બોધ થાય છે. ટૂંકમાં આપણે ઉપયોગનું જ વેદન કરીએ છીએ. તે ઉપયોગ રાગાદિ વિકારોથી મલિન છે, અજ્ઞાનથી યુક્ત છે તેથી વિકારી વેદન અનુભવાય છે. જેમ જેમ રાગાદિ વિકારો ઓછા થશે તેમ તેમ ઉપયોગની શુદ્ધિ વધતાં નિર્વિકલ્પ ભણી પગલું મંડાશે. વીતરાગતા અને સર્વજ્ઞતા આવતા ઉપયોગ સંપૂર્ણ નિર્વિકલ્પ બની જશે.

પ્રભુના બધા ગુણોની પર્યાયમાં એક જ ચેતનભાવ, જ્ઞાયકભાવ, નિર્વિકલ્પભાવ વ્યાપીને રહેલો છે, તે સદંશ ભાવોની શુદ્ધતા છે. જ્ઞાયક એ દ્રવ્ય છે. તેનો એક સરખો ત્રિકાળભાવ તે જ્ઞાયકભાવ કે જેને પરમપારિણામિક ભાવ કહે છે તે તેની શુદ્ધતા છે.

કોઈ પણ ઈચ્છા થાય એટલે વિકાર થાય એટલે ઉપયોગનું પલટાવું થાય. પર્યાય બદલાતા ભાવ બદલાય છે તે ભાવની



વિસદંશતા છે, તે અનિત્યતા છે અને તેવી અનિત્યતા સંસારી જીવોમાં છે, જ્યારે પર્યાય બદલાવા છતાં ભાવ ન બદલાય તે ભાવની સદંશતા છે, તે નિત્યતા છે અને તેવી નિત્યતા સિદ્ધના જીવોમાં છે.

**પર્યાય બદલાય તેનો વાંધો નથી કારણકે બદલાવું તે તેનો સ્વભાવ છે પણ તેમાં વિસદંશતા આવે છે તેનો વાંધો છે. ઉત્પન્ન થઈને વ્યય પામવો તે પર્યાયનો સ્વભાવ છે પણ અંદરનો ભાવ તો એક સરખો વીતરાગતા, સર્વજ્ઞતા અને સિદ્ધતાનો જ રહેવો જોઈએ.**

એક વ્યક્તિ પાણીમાં ઉભી રહે. ઉપર સૂર્ય તપતો હોય તો સમયે સમયે પાણી બદલાય છે, સૂર્યની ગરમી બદલાય છે પણ (સ્થૂલદષ્ટિથી) શીતલતા અને ઉષ્ણતાનો અનુભવ તો એક સરખો જ રહે છે.

**એક સરખા વીતરાગભાવમાં રહેવું તે નિર્વિકલ્પભાવ તેમાં સ્વ સંવેદન પ્રગટે. વિચારથી નિર્વિચારતા એ નિર્વિકલ્પતા નથી પણ એકાગ્રતા છે. મનની શાંતિ છે. નિર્વિકલ્પતામાં કષાયોના અભાવનું સંવેદન હોય. નિર્વિચારતામાં કષાયોની મંદતાનું સંવેદન હોય. જે મનઃસ્થિતિ છે.**

**ધ્રુવતત્ત્વ-ધ્રુવ અંશ સાચો પકડાયો હોય તો પર્યાયમાં શુદ્ધિ અનુભવાવી જોઈએ અને પર્યાયમાં શુદ્ધિ આવે તો ધ્રુવ અંશનો આશ્રય લીધો સાચો કહેવાય.**

ધ્રુવતત્ત્વમાં દ્રવ્ય, તેના સહજપણે રહેલા અનંતગુણો અને તેનું પરિણમન બધું જ આવે આ ત્રણે મળીને ધ્રુવ તત્ત્વ કહેવાય. ધ્રુવ એટલે એકલું દ્રવ્ય જ નહિ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવે.

આત્માની અનુભૂતિ પહેલા, સમ્યગ્ દર્શન પહેલા, દ્રવ્યદૃષ્ટિ કહેવાય નહિ પણ દ્રવ્યદૃષ્ટિની ધારણા હોય. દ્રવ્યદૃષ્ટિની ધારણાને દ્રવ્યદૃષ્ટિ ના કહેવાય. સ્વસંવેદન પહેલા ઉપચાર જ હોય. ધારણારૂપે પણ દ્રવ્યદૃષ્ટિ-અભેદદૃષ્ટિ આવે તો જ પરિણમન સુધરે અને તો જ સમ્યક્ત્વ પ્રગટે.

દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતા આપીએ ત્યારે પર્યાયમાં ગુણોનું પરિણમન પણ ખ્યાલમાં રહેવું જોઈએ. ગુણોનું પરિણમન સમ્યગ્ થાય તો દ્રવ્યદૃષ્ટિ યર્થાથ કહેવાય.

**દ્રવ્યદૃષ્ટિના નામ પર પર્યાયમાં વિશુદ્ધિનો અનુભવ થાય છે કે નહિ એ જોવા માટે ઉપેક્ષા વર્તતી હોય અને છતાં પોતે બફમમાં રહેતો હોય કે હું આગળ વધી રહ્યો છું તો તે નિશ્ચયાભાસ કહેવાય. નિશ્ચયદૃષ્ટિનું સમ્યગ્ પરિણમન થાય એટલે વ્યવહારમાં પોતાનાથી નીચેના સ્થાનમાં રહેલા, અલ્પ બોધવાળા, અલ્પ ક્ષયોપશમવાળા કે ક્રિયારૂચિવાળા જીવો પ્રત્યે ઉપહાસ કરવાનું મન ન થાય પણ તેઓ પ્રત્યે પણ અંતરમાં મૈત્રી, પ્રેમ, કરૂણા, વાત્સલ્ય, સેવા, સહાનુભૂતિના ભાવો ઝળકે અને તેઓમાં જ્ઞાનની, તત્ત્વની સમજણની જે ખામી છે તે કૂનેહપૂર્વક દૂર કરાય આવો પૂરક બનવાનો, પૂર્તિ કરવાનો યથાર્થ પ્રયત્ન જ્યાં છે ત્યાં જ નિશ્ચયનું સમ્યગ્ પરિણમન હોય.**

નામકર્મના ઉદયથી થતી પ્રવૃત્તિ અને નામકર્મનો ઉદય, એ કર્મજનિત બાહ્ય વ્યવહાર કહેવાય. જ્યારે સિદ્ધત્વ પર્યાયનું પ્રગટીકરણ એ પોતાનો કર્મરહિત અભ્યંતર વ્યવહાર કહેવાય જે પરમાર્થથી તત્ત્વરૂપ છે.

દ્રવ્યનો ભાવ એક સરખો રહેવાનો છે. પર્યાયનો સ્વભાવ



પલટાવાનો છે. પલટાતા પર્યાય વખતે પણ ભાવ એક સરખો રહે ત્યારે દ્રવ્ય પર્યાય એક થયા કહેવાય.

ધ્રુવ અંશ બરાબર પકડાય પછી જ એકાગ્રતામાં—ધ્યાનમાં ધ્યાનજન્ય શાંતિમાં નિરાકુળતા વેદાય. અન્યથા તે શાંતિને પોતાની માની લેવારૂપ આકુળતા હોય જ. નિરાકુળતા આવે તો નિર્વિકલ્પતા આવે. જ્યાં સુધી ધ્રુવાંશનો આશ્રય ન લેવાય ત્યાં સુધી સાધના દ્વારા જે એકાગ્રતા આવે તેમાં જે શાંતિ-સમતા વેદાય તેને પોતાની માની લેવાની ભૂલ ભલભલા ઊંચી ભૂમિકાના સાધકો પણ કરતા હોય છે. જે ખરેખર પોતાનું નથી તેને પોતાનું માનીને ચાલવું તે અજ્ઞાન છે અને તેમાં ગર્ભિતપણે રાગ-આકુળતા-ઈચ્છા હોય છે. સમ્યગ્ દર્શન પામવા માટે મનથી આત્માનો ભેદ કરવો પડે.

એકાગ્રતામાં બધા ભેદ વીતરાગતા જેવા જ લાગે પણ હોય નહિ. સમ્યગ્ દર્શન થયા પછી જીવને અવિરતિ જન્ય અશુભ સંસ્કાર-અશુભ ભાવ આવે છે, પણ તે પોતાના લાગતા નથી જ્યારે અજ્ઞાનીને ધ્યાનજન્ય શાંતિ પોતાની લાગે છે તેમ વાસના, વિકારો, વિકલ્પો પણ પોતાના લાગે છે. કારણકે ધ્રુવ અંશ ધારણામાં બરાબર આવ્યો નથી.

ટૂંકમાં પહેલી કડીમાં જણાવાયું કે અહો ! અત્યંત આશ્ચર્યકારી ઘટના તો એ છે કે સુમતિનાથ પરમાત્મા કેવલજ્ઞાન વડે સકળ જગતના સર્વ દ્રવ્યોના, સમસ્ત ગુણ પર્યાયના જ્ઞાતા-દૃષ્ટા હોવા છતાં પ્રભુ તો પોતાના સ્વ-ગુણ પર્યાયમાં જ રમણતા કરી રહ્યા છે; આથી જ તેઓ પોતાની શુદ્ધ જ્ઞાનાદિગુણોવાળી સ્વ સત્તાના સહજપણે ભોગી હોવા છતાં પરભાવમાં એટલે પરદ્રવ્યના ભોગવટામાં તેમને અકામીપણું છે.

વળી પ્રભુમાં નિત્યત્વ, એકત્વ અને અસ્તિત્વ હોવા છતાં સ્યાદ્વાદ સત્તાએ જોતાં તેઓ ઈતર એટલે અનિત્યતા, અનેકતા અને નાસ્તિતા ગુણોવાળા પણ છે.

જગતના તમામ પદાર્થો-જ્ઞેયો કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જ્ઞેયો પ્રતિસમયે બદલાય છે. સંસારી જીવો તેમજ પુદ્ગલ દ્રવ્યની પર્યાયો પ્રતિ-સમયે વિસદશપણે બદલાય છે. તેનું પ્રતિબિંબ કેવલજ્ઞાનમાં પડતાં કેવલજ્ઞાનની જ્ઞેય સંબંધી પર્યાય પણ બદલાય છે, તે અપેક્ષાએ કેવલજ્ઞાન અનિત્ય પણ છે. વળી અગુરુલઘુગુણના કારણે પ્રતિસમયે અસંખ્ય પ્રદેશે ષડ્ગુણ-હાનિવુદ્ધિ થાય છે તેથી પ્રભુ પ્રતિપ્રદેશે અનંતાનંત ભિન્ન, ભિન્ન ગુણોના ભિન્ન ભિન્ન પરિણામવાળા હોવાથી અનેક સ્વરૂપી પણ છે. વળી તેઓ ક્યારે પણ પરભાવરૂપે પરિણમતાં નથી માટે નાસ્તિપણું તેમનામાં છે.

ઉપર જણાવેલ ત્રિવિધ સ્વરૂપમાં પરસ્પર વિરોધી બે ભંગનું સ્વરૂપ જણાવી ફરી પણ તે બન્ને ભંગને ત્રીજા ઉભય સ્વરૂપના ભંગથી જણાવે છે.

જીવને જ્યારે સુમતિ પ્રગટે છે ત્યારે જીવનમાંથી વિકલ્પોની હારમાળા ઘટતી જાય છે, મન શાંત થાય છે એટલે પોતાનાથી વિરોધી જણાતા અન્ય જીવોના વિચારો પ્રત્યે પણ માધ્યસ્થભાવ જન્મે છે. નય સાપેક્ષદષ્ટિથી વસ્તુનું ઊંડાણ વિચારાય છે એટલે સર્વત્ર સમાધાન મળતાં સમન્વય સધાય છે એટલે તેવા જીવનું કોઈ વૈરી, વિરોધી રહેતું નથી અને તેથી આવા શાંતભાવમાં વર્તતા જીવને સતત પ્રજ્ઞાનો ઉદય થતાં સમ્યગ્ દર્શનાદિ મોક્ષમાર્ગ પ્રગટે છે.



**उपजे व्यय रहे तहवि तेहवो रहे,**
**गुण प्रमुख बहुलता तहवि पिंडी।**
**आत्मभावे रहे अपरता नवि ग्रहे,**
**लोक प्रदेश मित पण अखंडी ॥**
**अहो.॥२॥**

**અર્થ:** હે પ્રભો! આપની ગુણપર્યાયમયી શુદ્ધતા કેવી અદ્ભૂત છે! એ જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે નાશ પામે છે અને ધ્રુવ પણ રહે છે અર્થાત તે શુદ્ધતામાં નવીન પર્યાયનો ઉત્પાદ અને પૂર્વ પર્યાયનો નાશ થાય છે – એ અનિત્યતા છે અને જ્ઞાનપણે એ ધ્રુવ રહે છે – એ નિત્યતા છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાદિ અનેક ગુણો આપમાં રહેલા છે એ અનેકતા છે અને સર્વગુણોના સમુહરૂપ આત્મા એક છે એ એકતા છે. આપ સદા આત્મભાવમાં રહો છો એ અસ્તિધર્મ છે અને પરભાવને કદી ગ્રહણ કરતા નથી એ નાસ્તિ ધર્મ છે.

લોકકાશના પ્રદેશો જેટલાં જ આપના અસંખ્ય પ્રદેશો છે તે અપેક્ષાએ અવયવતા હોવા છતાં તે પ્રદેશો કદી પણ આપનાથી છૂટા પડતા નથી તેથી આપ અખંડ છો, આ અદભૂત આશ્ચર્ય છે.

પહેલી ગાથામાં નિત્યતા વગેરેની જે વાત કરી તેને હવે વિશેષ રીતે બતાવે છે. ઉપજે-વ્યય પામે તે અનિત્યતા. તેહવો રહે તે નિત્યતા

**ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે**

**વિવેચન :** સર્વ દ્રવ્યોમાં કાળ એ ઉપચરિત દ્રવ્ય છે તથા ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય ત્રણ એક એક દ્રવ્ય છે, જીવ દ્રવ્ય અનંતા છે, પુદ્ગલદ્રવ્ય અનંતાનંત છે.

**પ્રશ્ન :** બધાં ભેગા રહેલાં દ્રવ્યોમાં આ જ એક દ્રવ્ય નક્કી કરનાર કોણ ?

**જ.** અગુરુલઘુ પર્યાયનું ષટ્ગુણ હાનિવુદ્ધિરૂપ ચક્ર એકઠું જલાવર્તની પેઠે વર્તે તે એક દ્રવ્ય. જેનું ચક્ર ભિન્ન પડ્યું તે ભિન્ન દ્રવ્ય. તે સર્વ દ્રવ્ય ઉત્પાદ-વ્યય-યુક્ત છે માટે તે નિત્યાનિત્ય છે.

નિગોદમાં એક શરીરમાં અનંતા જીવો હોય. બધાના જન્મ, મરણ, આહાર-વિહાર એક જ સાથે થાય. હવે તેમાંથી જે જે જીવનું મૃત્યુ થાય ત્યારે તે જીવ પોતાના જ અસંખ્ય આત્મપ્રદેશો લઇને નીકળી જાય છે. બીજા જીવનો એક પણ આત્મપ્રદેશ લેતો નથી અને પોતાનો એક પણ આત્મ પ્રદેશ મૂકતો નથી. આવું કેમ? કારણકે પ્રત્યેક આત્મા એક ભિન્ન દ્રવ્ય છે. જે અસંખ્ય પ્રદેશમાં અગુરુલઘુપર્યાયનું ષડ્ગુણ હાનિવૃદ્ધિરૂપ ચક્ર છે તે એક દ્રવ્ય છે.

જેમ સરોવરમાં એક કાંકરો નાંખ્યો, જળ તરંગ ઉત્પન્ન થયા. બાજુમાં બીજો કાંકરો નાંખ્યો. વળી તે સંબંધી જુદા તરંગ ઉત્પન્ન થયા. હવે એવું પણ બને કે બંને વખતે ઉત્પન્ન થયેલા જળતરંગમાંથી કેટલાક સરખા આકારવાળા પણ હોય છતાં તે અલગ અલગ છે.

તેવી જ રીતે સમાવગાહી અનંતા સિદ્ધ ભગવંતોના આત્મપ્રદેશો અસંખ્યપ્રદેશોમાં ગોઠવાઇને જ્યોતમાં જ્યોત મળે તેમ રહેલા છે છતાં તે અનંતા દ્રવ્યો અલગ અલગ છે.



અગુરુલઘુગુણના કારણે દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે છે. અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થતું નથી તેમ બીજા કોઇ દ્રવ્યને આધીન પણ નથી. બીજા દ્રવ્યનું કાંઇપણ કરી શકે નહિ. એક ગુણ બીજા ગુણરૂપે ન થાય તેમ તે જ દ્રવ્યના બીજા ગુણનું કાર્ય કરી શકે નહિ. દરેક ગુણ નિત્ય-પરિણામ સ્વભાવી હોવાથી દરેક સમયે પોતાના નવી નવી પર્યાયપણે ઉત્પન્ન થયા કરે છે, તેમાં બીજા ગુણોની હાજરી હોવાથી તે નિમિત્તરૂપે કહેવાય છે. એક ગુણની વર્તમાન પર્યાયમાં કાર્ય થતાં બીજા ગુણોના વર્તમાન પર્યાય નિમિત્ત કહેવાય છે. દ્રવ્ય તથા ગુણો તો સદાય બધી હાલતમાં પૂર્ણ શક્તિવાળા જ રહે છે. એક દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાયમાં કાંઈ કરી શકે નહિ. તેઓ એકબીજાને આધીન નથી. એમ એક દ્રવ્યને આશ્રિત ગુણોમાં પણ પરસ્પર સ્વતંત્રતા હોવાથી એક ગુણનું કાર્ય બીજો ગુણ કરી શકે નહીં.

વિશેષમાં એ પણ જાણવું જરૂરી છે કે કોઇ પણ એક ગુણ કોઇ રીતે બીજા ગુણમાં અંતર્ભૂત થતો નથી. પરસ્પર આધાર-આધેય તથા કારણ-કાર્ય રૂપે બે ગુણોને સંબંધ નથી. પરંતુ બધા ગુણો પોત-પોતાની શક્તિના યોગથી સ્વતંત્ર છે તે જુદા જુદા લક્ષણવાળા છે - અનેક છે તો પણ સ્વદ્રવ્યની સાથે પરસ્પરમાં મળેલા છે.

આમ આત્મદ્રવ્ય પોતાની સાથે પરસ્પરમાં મળેલા ગુણ પર્યાયની હદમાં રહીને રમણતા કરી રહ્યું છે. આમ આત્મદ્રવ્ય પોતાના અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રની બહાર ડોકિયું કરતું નથી. કાળથી પોતાના વર્તમાન સમયની મર્યાદાને ઉલ્લંઘતા નથી અને ભાવથી જ્ઞાન-દર્શનાદિગુણોને છોડીને પર દ્રવ્યના ગુણોમાં લેશ માત્ર જતાં નથી. આ રીતે અગુરુલઘુગુણના કારણે તેઓ પોતાની મર્યાદા ઉલ્લંઘતા નથી. આ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મર્યાદા

બંધાણી અથવા તો દ્રવ્ય-ગુણ-પર્યાયથી પોતાની મર્યાદામાં દરેક જીવ રહે છે. ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થા એ એક સમયની મર્યાદા છે ને ધ્રુવાત્મકની એટલે કે દ્રવ્ય-ગુણની મર્યાદા ત્રિકાળ છે. આમ દરેક દ્રવ્ય અગુરુલઘુપણે રહ્યો એટલે સત્‌પણે રહ્યો તેથી તે ધ્રુવ જાણવો. આમ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ બન્નેની મર્યાદા જાણતા પ્રમાણજ્ઞાનને પમાય છે. પોતાના જ્ઞાનમાં આખુ દ્રવ્ય (આત્મા) જ્ઞેય તરીકે ખ્યાલમાં આવી જાય છે અને આવું દ્રવ્ય ગુણપર્યાયમાં રમણતા કરી રહ્યું છે.

ગુણોનું પરિણમન અગુરુલઘુભાવે છે. દરેક ગુણ નિત્ય છે. સર્વ ગુણોમાં અગુરુલઘુગુણના આધારે ષડ્‌ગુણહાનિવૃદ્ધિ થાય છે જેમકે અસંખ્ય પ્રદેશો પૈકી એક સમયે એક વિવક્ષિત પ્રદેશમાં અનંતગુણવૃદ્ધિથી પ્રવર્તે છે તો તે જ સમયે વિવક્ષિત બીજા પ્રદેશમાં તે અનંત ભાગ હાનિથી પ્રવર્તે છે તો તે જ સમયે વિવક્ષિત ત્રીજા પ્રદેશમાં તે અસંખ્યાત ગુણવૃદ્ધિથી પ્રવર્તે છે. તો તે જ વિવક્ષિત ચોથા સમયે તે સંખ્યાતગુણવૃદ્ધિથી પ્રવર્તે છે. તે પ્રતિ સમયે પરાવર્તમાનરુપ છે.

હવે જે પ્રદેશમાં અગુરુલઘુગુણ અનંત ગુણવૃદ્ધિથી પ્રવર્તતો હતો તે બીજે સમયે તે જ પ્રદેશમાં અગુરુલઘુગુણ અસંખ્યાત ગુણવૃદ્ધિથી પ્રવર્તે તો જે પ્રદેશે અનંતગુણપણું ટળ્યું તે વ્યય થયો અને અસંખ્યાતપણાનું ઉપજવું થયું તે ઉત્પાદ થયો તથા બંને વખતે અગુરુલઘુગુણ સત્ પણે રહ્યો તે ધ્રુવપણું જાણવું.

ગુણો અનંતા છે અને તે ભેદરૂપ છે માટે અશુદ્ધિરૂપ છે છતાં તે બધા ગુણોના સમુહરૂપ પિંડ તે શુદ્ધ છે તે આશ્ચર્ય પમાડનારું છે. વસ્તુમાં ભેદ નથી છતાં તેમાં ભેદ બતાવવો તે વ્યવહાર છે અને તે અશુદ્ધિ છે.

પ્રતિ સમય ઉત્પાદ-વ્યય ચાલે છે તે ભેદરૂપ છે અને તેથી



તે અશુદ્ધ છે, લોકાકાશના પ્રમાણ જેટલા જ આત્માના અસંખ્ય પ્રદેશો છે. તે પણ ભેદરૂપ છે માટે અશુદ્ધ છે તો પણ તમે તેવાને તેવા રહો છો અને અખંડ રહો છો તે શુદ્ધતા રૂપ છે અને તે આશ્ચર્ય છે.

નિત્યાનિત્ય સ્વભાવવાળા જીવદ્રવ્યોમાં જે અભિનવ પર્યાય ઉપજે છે તે ઉત્પાદ અંશ છે, પૂર્વ પર્યાય વ્યય થાય છે. આ ઉત્પાદ-વ્યય અંશો અનિત્ય સ્વભાવના કારણે છે અને અગુરુલઘુગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ જે કાયમ રહે છે તે ધ્રુવપણુ જાણવું. આ રીતે શ્રી સુમતિનાથ પ્રભુને નિત્યાનિત્ય ધર્મથી ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું જાણવું.

હવે જ્ઞાન ગુણથી આત્મા જ્ઞેયને જાણે છે. જ્ઞેયને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે, તે જ્ઞાન જો સર્વથા નિત્ય હોય, તો જ્ઞેયનો બદલાવ થયેથી જ્ઞેય જણાય નહિ. તે માટે વિવક્ષિત સમયને વિશે કેવળ જ્ઞાન, અનંતા અતીત ધર્મો થયા તેને જાણે છે, વર્તમાનમાં અનંતા ધર્મ છે તેને જાણે છે તથા અનાગત અનંતા ધર્મો થશે તેને પણ જાણે છે. ભૂત અને ભવિષ્યને વર્તમાન સમયમાં વર્તમાનવત્ જાણે છે.

બીજે સમયે જે જ્ઞાન વર્તમાનપણે જાણતું હતું તેને અતીતપણે અને જેને અનાગત (=ભવિષ્ય) રૂપે જાણતું હતું તેને વર્તમાનપણે જાણે અને આ રીતે જ્ઞાનના પર્યાય ભાસન વેત્તાદિક તે સર્વ એવી રીતે પલટે તેથી પૂર્વ પર્યાયનો વ્યય, ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને જ્ઞાનપણે ધ્રુવ.

અહીં એટલું સ્પષ્ટપણે જાણવું જરૂરી છે કે થયા છે, થાય છે અને થશે આ ધર્મો જ્ઞેયના છે પણ તે સર્વને જાણવાનો ધર્મ જ્ઞાન માંહે છે અને **પરજ્ઞેયને જાણંગપણે - વીતરાગપણે - જ્ઞાયકભાવે જાણવાથી જ્ઞાન પરાનુયાયિ થતું નથી.** કેવલી ભગવાન બધા જ

પર્યાયોને એક જ સમયે જાણે છે.

**‘છતી પર્યાય જે જ્ઞાનના રે તે તો નવી બદલાય;**
**જ્ઞેયની નવી નવી વર્તના રે, સમયમાં સર્વ સમાય રે :**
**ભવિયા વંદો કેવલજ્ઞાન.’**

જેટલી જ્ઞેયની પર્યાયો છે તેટલી જાણપણારૂપ જ્ઞાનની પણ જાણવી. એમ દર્શન એટલે શ્રદ્ધાની પણ અનંતી પર્યાયો છે. સમ્યગ્દર્શન થયા પછી સમ્યગ્દર્શનની નિર્મળતા વધવાની સાથે પૂર્વ પર્યાયનો નાશ, ઉત્તર પર્યાયનો ઉત્પાદ એમ સતત ઉત્પાદ-વ્યય, દર્શન ગુણની ધ્રુવતા સાથે પરિણમ્યા જ કરે છે.

તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ વાસ્તવિક સત્‌ને, નિત્યાનિત્ય સ્વરૂપે જણાવે છે. તેમાં ઉત્પાદ-વ્યય અનિત્યતાને અને ધ્રૌવ્ય નિત્યતાને જણાવે છે. આ રીતે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું છે એમ કહેતાં તે સત્ છે એમ વગર કહે જ આવી જાય છે, તેમ દ્રવ્ય એ પોતાના સ્વરૂપ પ્રાપ્તિના કારણભૂત ગુણ પર્યાયોને જાહેર કરે છે એટલે કે જો દ્રવ્ય હોય તો જ ધ્રૌવ્ય હોય અને જો પર્યાયો હોય તો જ ઉત્પાદ-વ્યય હોય. માટે જો દ્રવ્યપર્યાયો ન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પોતાનું સ્વરૂપ પામી શકે નહિ.

ગુણપર્યાયો અન્વય દ્વારા નિત્યતાને અને વ્યતિરેક દ્વારા અર્થાત્ કે પરિણમન દ્વારા અનિત્યતાને સૂચવે છે.

આ રીતે નિત્યાનિત્યસ્વરૂપ સત્‌ને જણાવે છે એટલે કે નિત્યાનિત્ય સ્વરૂપવાળા પારમાર્થિક સત્‌ને જણાવે છે.

પ્રમાણ વસ્તુનું સ્વરૂપ બતાવે છે તેથી તે દ્રવ્ય અને પર્યાયને સરખું સ્થાન આપે છે. જ્યારે નિશ્ચય પ્રયોજનભૂત વસ્તુને બતાવે છે. હેય-ઉપોદયને બતાવે છે; કાર્યસિદ્ધિ વ્યવહાર સાપેક્ષ નિશ્ચયનયને અનુસરવાથી થાય છે.



સ્વદ્રવ્ય અને સ્વપર્યાયને એટલે કે આત્મ દ્રવ્ય અને સિદ્ધત્વ પર્યાયને મુખ્યતા કરીને બતાવે કે આત્મા સિદ્ધ સ્વરૂપી છે તે નિશ્ચય. પર દ્રવ્ય અને પર પર્યાયને મુખ્યતા કરીને બતાવે તે વ્યવહાર. જેમ કે હું મનુષ્ય છું - પુરુષ છું.

પ્રયોજન હોય ત્યાં સુધી વ્યવહાર રાખવાનો. તે પતી જાય પછી વ્યવહારને ભૂલી જવાનો.

ઉપયોગ શુદ્ધિના લક્ષ્યે મન, વચન, કાયા અને ગુણોના સમ્યગ્ પરિણમનથી સંસારની રાગાદિ પરિણતિ તૂટે છે અને વૈરાગ્ય પ્રગટે છે. જેમ વૈરાગ્ય પ્રગટવો જરૂરી છે તેમ ત્રિકાળી ધ્રુવદ્રવ્ય ઉપર દૃષ્ટિ પડવી એ પણ જરૂરી છે. આ બંને હોતે છતે કાળલબ્ધિનો પરિપાક થાય ત્યારે આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતારૂપ સકામ અંશ પ્રગટે છે; આ સકામ અંશ જ વધતાં વધતાં ગ્રંથિભેદ દ્વારા સમ્યક્ત્વને પ્રગટ કરે છે.

તત્ત્વદૃષ્ટિથી જોતાં તો આત્મામાં સમ્યક્ત્વથી માંડીને ઉત્તરોત્તર વીતરાગતા, કેવળજ્ઞાનાદિ પ્રગટે છે તે તો સહજવીર્યના પ્રવર્તનથી પ્રગટે છે અને સહજવીર્યનું પ્રવર્તન કાળલબ્ધિના પરિપાકને અનુસારે છે.

આત્મામાં સકામ અંશ પ્રગટે તો જ માનવું કે વૈરાગ્ય સાચો છે. અર્થાત્ કષાયનો ઘટાડો થયો હોય તો જ માનવું કે વૈરાગ્ય સાચો છે, નહિ તો માનવું કે જે એકાગ્રતા, શાંતિ, સમતા અનુભવાય છે તેમાં કષાયોની મંદતા છે પણ ઘટાડો નથી.

અધ્યાત્મમાં આત્માએ પોતાના સ્વરૂપ ઉપર નિરંતર દૃષ્ટિપાત કરતાં રહેવાનું છે અને એના દ્વારા કાળલબ્ધિનો પરિપાક કરવાનો છે. વ્યવહારમાં જે સંયોગો આવે, જે પરિસ્થિતિનું નિર્માણ થાય તેમાં શાંત રહેવાનું છે.

સાધક પરમાત્માને જોતાં - તેમના ગુણોનું સંપૂર્ણ પરિણમન

જોતાં આશ્ચર્ય પામે છે એટલે રૂચિ - બહુમાન જાગે છે. આ રૂચિ જ તેને પર્યાયમાં શુદ્ધતા લાવે છે, સંવેદન પ્રગટાવે છે, સકામ અંશ પ્રગટાવે છે. એ સકામ અંશ, તત્ત્વથી ચોથે ગુણઠાણેથી શરૂ થાય છે તે જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધ પરિણતિ સ્વરૂપ છે. તે પહેલાં પહેલે ગુણઠાણે જેટલો નિરાશંસ ભાવ પ્રગટે તેટલી ગર્ભિત શુદ્ધતા છે, તે સકામ અંશ છે પણ તે વ્યવહાર્ય નથી. વ્યવહારમાં તે સકામ અંશ કહેવાતો નથી.

અભવ્યને રાગ-દ્વેષના પરિણામ મંદ તો થાય છે પણ રાગ-દ્વેષની પરિણતિથી પોતાની વીતરાગ પરિણતિ જુદી છે એવું સમજાતું નથી. મોટે ભાગે જીવો પોતાના ઉપયોગને મન સાથે જોડે છે એટલે વિકલ્પ ઉભા થાય છે. ઉપયોગને મન સાથે ન જોડતાં મનના માધ્યમથી પણ આત્મા સાથે જોડે તો ઉપયોગ સૂક્ષ્મ બને અને તો ગ્રંથિ ભેદાતા ઉપયોગ નિર્વિકલ્પ બનતાં આનંદ વેદન પ્રગટે. જ્યાં સુધી ઉપયોગ સૂક્ષ્મ બનીને ભીતરમાં સ્વસંવેદન ન પ્રગટાવે ત્યાં સુધી ઉપયોગ પરમાં જાય છે એમ માનવું જ પડે.

૬-૭ ગુણઠાણે દેશોનક્રોડપૂર્વ વરસ રહેવા છતાં આત્મા ક્ષપકશ્રેણી માંડી શકતો નથી તે બતાવે છે કે ભીતરમાં જે અબુદ્ધિપૂર્વકના કષાયો પડ્યા છે તે ઓળખાતા જ નથી. પકડાતા જ નથી અને તેથી તેને તોડવા માટેનું સામર્થ્ય પ્રગટ થતું નથી. આનંદઘનજી જેવા યોગીની પણ આ સ્થિતિ હતી. જો ઉપયોગ પરમાં ન જોડાતો હોય તો આત્મા ક્ષપકશ્રેણી કેમ ન માંડે ?

પ્રભુને ઉપયોગ મૂકવો પડતો નથી છતાં બધું જણાઈ જાય છે. અપેક્ષા કોઈ નથી છતાં જણાય છે બધું અને છતાં અસર કાંઈ નહિ એ આશ્ચર્ય છે. પ્રભુનો ઉપયોગ તો એક સમયની પર્યાયમાં વ્યાપીને રહેલો છે. ઉપયોગમાં લોકાલોક બધું ઝળકે છે છતાં એની કોઈ અસર નથી અને છતાં આનંદવેદનનો પાર નહિ.



વીતરાગ પરિણતિના અંશરૂપ સકામઅંશ સાથે ઉપયોગને જોડીને ઉપયોગને સૂક્ષ્મ-સૂક્ષ્મતર બનાવવાનો છે અને એ દ્વારા ઘાતી કર્મોને તોડવાનો પુરુષાર્થ કરવાનો છે એ રીતે કરવાથી જ સ્વસંવેદન ગાઢ-ગાઢતર બનતા સંસારનો અંત લાવી શકાય. તેના બદલે જીવો મન, વચન, કાયા સાથે ઉપયોગને જોડીને વિકલ્પો ઉભા કરે છે તેનાથી ક્યારેય સંસારનો અંત આવે નહિ. જેનાથી છૂટવાનું છે તેને જ વળગેલા રહીએ તો કેમ છૂટાય ?

ઉપયોગમાં સ્વરૂપ જેટલું નજરાયા કરે તેટલી સાધના ઊંચી કોટિની થાય. ક્ષપકશ્રેણીમાં ઉપયોગ મનથી છૂટો પડીને પોતાના સ્વરૂપ સાથે વધુ ને વધુ લીન બનતો જાય છે, તેથી આનંદવેદન પ્રગટવા છતાં તેનો ભોગવટો નથી. જો ભોગવટો હોય તો ઉપયોગ દ્રવ્યમય બનીને જે સ્વરૂપમાં ઠરે છે તે ઠરે નહિ. બારમા ગુણઠાણે ઉપયોગ સ્વરૂપમાં ઠરી ગયો હોય છે. વિકલ્પો શાંત થઈ ગયા હોય છે એટલે તે ઉપયોગ આંખના પલકારામાં કેવળજ્ઞાન પામે છે.

મોટા ભાગના જીવો સાધનાકાળમાં મળતા શાંતિ, સુખ, સમતા વગેરેનો ભોગવટો કરે છે તેથી ઉપયોગનું ત્યાંથી આગળ વધવાપણું રહેતું નથી. ઉપયોગની સ્વરૂપ સાથે લીનતા સધાતી નથી. તે માટે તો લક્ષ્ય આનંદવેદન ઉપર ન રાખતા જ્ઞાયક ઉપર જ રહે તો જ આગળ વધી શકાય.

દરેક ગુણોમાં વીર્ય ભળે છે માટે તે તે ગુણો તે તે રુપે પરિણમવા રૂપે પોતાનું કાર્ય કરી શકે છે. આત્માના અનંત-ગુણોમાંથી પોતાના લક્ષને જારી રાખવાપૂર્વક આનંદવેદન કરવું એ પ્રભુની આજ્ઞા છે. ગુણોને વિકૃત કરી દોષરુપે વેદવા તે આજ્ઞાની વિરાધના છે.

ગુણોના સમ્યગ્ પરિણમનથી જ્ઞાનકળા એ અધ્યાત્મકળા બને છે. સ્વદર્શન કે અન્યદર્શન ગમે ત્યાં રહેલ હોય પણ સમ્યગ્દર્શન

ગુણ પ્રગટે એટલે પ્રગટરૂપે સ્યાદ્વાદનો બોધ ન હોય તો પણ ગર્ભિતરૂપે તે પ્રગટી જ જાય, કારણ કે સમ્યગ્દર્શનીને ગુણોના પરિણમનની જ રૂચિ હોય. દોષોના પરિણમનની રૂચિ ન જ હોય. ગુણોના પરિણમનની રૂચિવાળો અહંકારી નથી હોતો. વક્રગામી નથી હોતો. પક્કડવાળો નથી હોતો. સ્વ-પરનો ભેદ કોઈ જાતિ, લિંગ, વેશ અને સંપ્રદાયથી કરનારો નથી હોતો અને આ જ તો સ્યાદ્વાદનું ફળ છે.

પરસ્પર વિરુદ્ધ ધર્મોનું એક જ ધર્મીમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ સમ્યગ્ અવસ્થાન તે સ્યાદ્વાદનું સાચું સ્વરૂપ છે. એક જ ધર્મમાં આપણને ફાવે તેવી અપેક્ષા લગાવીને પરસ્પર વિરુદ્ધ ધર્મોને રાખવાનો પ્રયત્ન તે સ્યાદ્વાદનું વિકૃત સ્વરૂપ છે. સ્યાદ્વાદ એના સમ્યગ્ સ્વરૂપથી દરેક દ્રવ્યોમાં રહેલ છે. આવા સ્યાદ્વાદનું ફળ કદાગ્રહનો નાશ, પક્કડનો અભાવ, દોષોનો નાશ, વિકૃતિઓનો નાશ, સંસ્કૃતિની ઉત્પત્તિ અને અંતે અનંતગુણોના સમ્યગ્ પરિણમનથી અનંત આનંદવેદન છે. આવું અનંત આનંદવેદન કેવલી અને સિદ્ધોમાં ઘટે છે માટે તેઓ ફળથી અસ્યાદ્ (પૂર્ણ) છે જ્યારે સંસારી એવા આપણે ફળથી પણ સ્યાદ્ છીએ.

ધ્યાનમાં એકાગ્રતા સારી કેળવાય છે, શાંતિ અનુભવાય છે માટે ધ્યાન સારું છે, કરવા જેવું છે. પણ એકાગ્રતા અને શાંતિ જ પોતાનું સ્વરૂપ સમજાઈ જાય અને તેનો જ ભોગવટો રહ્યા કરે તે ખોટું છે, તે મોટી ભૂલ છે. એ ઉપરની ભૂમિકાએ પહોંચવાના વિકાસમાં અવરોધક છે. આ ભૂલ આત્મજ્ઞાની પુરુષના સાનિધ્યમાં સત્સંગ કરવાથી દૂર થાય છે માટે ધ્યાન સાથે સત્સંગને પણ એટલું જ મહત્ત્વ આપવું જરૂરી છે.

મનની શાંતિને આત્માનું સ્વરૂપ માની લેવું એ ભ્રાન્તિ છે. મિથ્યાત્વ છે. હું દેહ છું, દેહ સ્વરૂપી છું એ માન્યતા જેમ ભ્રાન્ત



છે તેમ હું મન સ્વરૂપ છું, મનની શાંતિ એ મારું સ્વરૂપ છે એવી માન્યતા પણ ભ્રાન્તિ છે. મોટા ભાગના યોગીઓ પણ સ્થૂલ શરીરથી આત્માનું ભેદજ્ઞાન કરે છે. પછી સૂક્ષ્મ શરીરમાં ઉપયોગ આવતાં ત્યાં એકાગ્રતા વધતાં પરમ શાંતિ અનુભવે છે. વિકલ્પો બધા શાંત થઈ ગયા હોય એવું અનુભવાય છે પણ આ નિર્વિચાર દશા છે. મનની શાંતિ છે પણ નિર્વિકલ્પ દશા નથી. નિર્વિકલ્પ દશામાં મન જ ન હોય. વિચાર તો ન હોય, પણ વિકલ્પ પણ ન હોય. આ આત્માની શાંતિ છે, સમાધિ છે. તેનો પણ ભોગવટો કરવાનો નથી, તેને પણ પોતાનું સ્વરૂપ માનવાનું નથી. તે વખતે પણ ઉપયોગનું જોર ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ઉપર જ રાખવાનું છે તો જ આગળ વધી શકાય અન્યથા ત્યાં અટકી જવાય.

સાધકને માટે આ બહુ અગત્યની વાત છે જ્યારે જ્યારે આપણે દુઃખી થઈએ છીએ, ત્યારે ત્યારે આપણા દોષોના કારણે દુઃખી થઈએ છીએ એ વાત શ્રદ્ધામાં બેસી જાય તો દુઃખનાશ માટે દોષનાશનો ઉપાય આચરાય, અને નિમિત્ત પરનું અસદ્ દોષારોપણ અટકી જતાં નવીન કર્મબંધ પણ અટકી જાય.

**એ રીતે જેટલું જ્ઞાનમાં જાણ્યું છે, શ્રદ્ધામાં આણ્યું છે તેને અનુસારે જીવનમાં જે પરિણમન થાય છે તે ચારિત્ર જાણવું. સાધકે સમજવું જોઈએ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે ભેગા થઈને મોક્ષમાર્ગ બને છે માટે ત્રણેમાંથી જે ખુટતી કડી હોય તેને પ્રાપ્ત કરવા વિશેષ પ્રયત્ન કરવો જોઈએ.**

જ્ઞાન એ આત્માનો અસાધારણ ગુણ છે. જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે તેથી જ્ઞાન અને આત્માને અભેદ છે. જ્ઞાન ગુણ છે અને આત્મા ગુણી છે બંને વચ્ચે અભેદ સંબંધ છે. આખુ જગત એટલે કે સમસ્ત દ્રવ્યો તેના ગુણ-પર્યાયો સહિત જ્ઞાનમાં ઝળહળે છે માટે જ્ઞેયો સાથે જ્ઞાનનો જ્ઞાતા-જ્ઞેય સંબંધ ટાળી શકાય તેવો નથી. જ્ઞાન

સમસ્ત જ્ઞેયોને જાણતું હોવા છતાં જ્ઞાન એ જ્ઞેયોરૂપે પરિણમતું નથી પણ પોતાના આધાર જ્ઞાયકમાં જ સમાઈને રહેલું છે તેથી જ્ઞાન નિત્ય છે. પોતાની સમસ્ત શક્તિઓ ખૂલી જાય તો જ્ઞાન એક જ સમયમાં અક્રમથી સમસ્ત જ્ઞેયોને જાણી લે છે. સમસ્ત જ્ઞેયાકારો જ્ઞાનની મર્યાદાને ઉલ્લંઘી શકતા નથી એટલે કે જ્ઞાનની હદ બહાર જઈ શકતા નથી એટલે કે જ્ઞાનમાં જણાઈ જ જાય છે **જેમ કશુંય આકાશની બહાર નથી તેમ કશુંય જ્ઞાનની બહાર પણ નથી.** આમ સમસ્ત જ્ઞેયો જ્ઞાનમાં જણાતા હોવા છતાં જ્ઞાન તે જ્ઞેયાકારોરૂપે પરિણમતું નથી પણ બધા જ ગુણો એક અભિન્ન વીતરાગસ્વરૂપે જેમનામાં પરિણમી રહ્યા છે તેવા પ્રચંડ સામર્થ્યવાન્ પુરુષ એટલે કે સર્વજ્ઞ ભગવાન આપ પોતે જ છો, આપના ગુણોનું કોઈ અદ્ભૂત મહાત્મ્ય છે. જ્ઞાન-સમસ્ત પર ને જાણે છે પણ પર-રૂપે થતું નથી જ્યારે સ્વને જાણે છે અને સ્વને વેદે છે - અનુભવે છે. **આમ આત્મા પોતાની જ્ઞાન શક્તિથી પર-ક્ષેત્રે લોકાલોક પ્રકાશક છે અને જ્ઞાન રસથી સ્વક્ષેત્રે અનંત આનંદવેદનરૂપ છે.**

**આમ કેવળી ભગવાનને પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિવર્ત્ય કર્મ જ્ઞાન જ છે કેમ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઉપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.** કેવળજ્ઞાનીને ચેતન, ચેતના અને ચીતિની એકવાક્યતા છે. આમ હોવાથી કેવળી ભગવાનને બંધ થતો નથી. કારણકે જ્ઞપ્તિ ક્રિયા એ બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા અર્થાત્ જ્ઞેય-પદાર્થો સન્મુખવૃત્તિ થવી - જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું તે જ બંધનું કારણ છે. તેથી જ કહ્યું છે કે પર જ્ઞેયને જાણંગપણે જાણતું જ્ઞાન બંધનું કારણ થતું નથી પરંતુ પર સન્મુખ થઈને રાગ-દ્વેષના વિકલ્પરૂપે પરિણમતું જ્ઞાન જ બંધનું



કારણ થાય છે.

કેવલીનું જ્ઞાન ત્રણે કાળના પર્યાયોને એકી સાથે જાણવા છતાં દરેક પર્યાયનું સ્વરૂપ, પ્રદેશ, કાળ, આકાર, વગેરે વિશેષતાઓને સ્પષ્ટરૂપે જાણતું હોવાથી એક-બીજાનું, એક-બીજામાં સાંકર્ય નથી. અર્થાત્ સઘળા દ્રવ્યના સઘળા પર્યાયોનું અક્રમે એક જ સમયમાં ગ્રહણ હોવાથી કેવલીના જ્ઞાનમાં સમસ્ત દ્રવ્ય પર્યાયો જુદા જુદા જ જણાય છે પણ ભેગા થતા નથી.

ધવલા ટીકા-મહાધવલા સિદ્ધાંત શાસ્ત્રમાં સ્પષ્ટ કરેલ છે કે કેવલી ભગવાન ત્રિકાલાવચ્છિન લોક-અલોક સંબંધી સંપૂર્ણ ગુણપર્યાયોથી સમન્વિત અનંતદ્રવ્યોને અક્રમથી એટલે કે એક સાથે જ એક સમયમાં જાણે છે. સમસમુચ્ચય All at a time હોય છે. જો ક્રમથી જાણવા જાત તો સંપૂર્ણ પદાર્થોનો સાક્ષાત્કાર ન થાત, અનંતકાળ વ્યતીત થવા છતાં પણ અનંત પદાર્થોની અનંતગણના અનંત જ રહેત. અર્થાત્ અનંતુ જણાવા છતાં અનંત જણાવાનું બાકી જ રહે પણ તેવું થતું નથી. આત્માની અસાધારણ નિર્મળતા હોવાના કારણે એક સમયમાં સકલ પદાર્થોનું જ્ઞાન થાય છે.

જ્યારે જ્ઞાન એક સમયમાં સંપૂર્ણ જગતના બધા તત્ત્વોનો બોધ કરી ચૂકે પછી જ્ઞાન કાર્યહીન થઈ જશે એવી આશંકા પણ યુક્ત નથી. કારણકે અગુરુલઘુગુણના કારણે સમસ્ત વસ્તુઓમાં ક્ષણે ક્ષણે પરિણમન-પરિવર્તન થાય છે. ભવિષ્યગત્ પદાર્થ બીજે સમયે વર્તમાન થાય છે અને જે વર્તમાન હતો તે બીજે સમયે અતીત બને છે. આવી રીતે પરિવર્તનનું ચક્ર સદા ચાલતું રહેવાના કારણે જ્ઞેયના પરિણમન અનુસાર જ્ઞાનમાં પણ પરિણમન થાય છે. જગતના જેટલા પદાર્થો છે તેટલા જ જાણવાની કેવળજ્ઞાનની શક્તિ અથવા મર્યાદા નથી. કેવળજ્ઞાન અનંત જ છે. જે લોક આજે છે તેનાથી અનંત ગુણો પણ હોત તો કેવળજ્ઞાનરૂપી સિન્ધુમાં તે બિન્દુ

તુલ્ય બનીને સમાઇ જાત.

અનંત કેવળજ્ઞાન દ્વારા અનંત જીવ તથા અનંત આકાશાદિનું ગ્રહણ હોવા છતાં તે પદાર્થ સાન્ત થતા નથી. અનંત જ્ઞાન અનંત પદાર્થોને અનંત રૂપથી બતાવે છે એ કારણે જ્ઞેયથી અને જ્ઞાનથી અનંત અનંત સંખ્યા અબાધિત રહે છે.

આમ विषयभेदात् विषयिणोऽपि भेदः ज्ञेय भेदात् ज्ञानभेदः આ વાતની સિદ્ધિ થઈ.

વસ્તુ સ્વભાવને બરાબર ઓળખે તો ભેદજ્ઞાન થઈને ત્રિકાળી, ધ્રુવ સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય ને મલિનતાનો વ્યય થાય. આ ધ્રુવાત્મકની સ્પર્શના તે જ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશનું તાત્પર્ય છે.

તેથી એ વિદિત થયું કે આત્મામાં અજ્ઞાન પરિણામરૂપ રાગ દ્વેષ-મોહનો ઉત્પાદ થતાં આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિના ગુણો આવરાય છે કિન્તુ તે ગુણો આવરાયા હોવા છતાં અચેતન પુદ્‌ગલ દ્રવ્ય હણાતું નથી. વળી પુદ્‌ગલ દ્રવ્ય હણાતા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો હણાતા નથી માટે જીવના કોઇ ગુણો પુદ્‌ગલમાં નથી અને પુદ્‌ગલ દ્રવ્યના કોઈ ગુણો આત્મામાં નથી. હે પ્રભુજી ! આપ આવું નિશ્ચિતપણે જાણો છો. એટલે આપને અચેતન એવા વિષયોમાં રાગાદિ થતા નથી. કેમકે રાગ, દ્વેષ, મોહ પુદ્‌ગલ દ્રવ્યમાં નથી તે તો જીવની એક સમયની પર્યાયમાં છે અને જીવના અજ્ઞાનથી તે ઉપજે છે. હવે જ્યારે તે અજ્ઞાનનો અભાવ થાય ત્યારે ઉપયોગ પોતાના ધ્રુવાત્મક ત્રિકાળી દ્રવ્યને સ્પર્શે છે એટલે જ્ઞાન ધ્રુવરૂપ થાય ત્યારે પર્યાયમાં રાગાદિ ઉપજતા નથી. આ રીતે રાગાદિ પુદ્‌ગલમાં નથી તેમ જ્ઞાનમાં-આત્મામાં પણ નથી તેથી શુદ્ધ દૃષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાય દૃષ્ટિથી જોતાં જીવની અજ્ઞાન અવસ્થામાં તેઓ છે. તેથી જ્ઞાન અને જ્ઞેય તદન ભિન્ન



છે. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ કોઇ ગુણો પર દ્રવ્યમાં નથી એમ જાણતાં આપને વિષયો પ્રત્યે રાગાદિ થતા નથી. તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામરૂપ છે તેથી જ્યાં સુધી જ્ઞાન-જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય-જ્ઞેયરૂપ ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષ ઉપજે છે માટે ધ્રુવ દ્રવ્યના સમ્યગ્ જ્ઞાનથી અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાન, જ્ઞાનરૂપ થાય તો, એટલે કે જ્ઞાનપણે ધ્રુવ થાય એટલે માત્ર જ્ઞાનરૂપે જ જ્ઞાન રહે તો પૂર્વ-પર્યાયનો વ્યય અને ઉત્તર-પર્યાયનો ઉત્પાદ એ બે જે જ્ઞાનમાં થાય છે તે મટી જાય એટલે જ્ઞાન પૂર્ણ સ્વભાવને પામી જાય.

જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે. (અર્થાત્ ચાંદનીનું નિમિત્ત પામીને પૃથ્વી પોતાની યોગ્યતાથી ઉજ્જવળ થાય છે.) પરંતુ પૃથ્વી ચાંદનીરૂપે જરા પણ થતી નથી. એટલે કે ચંદ્રરૂપે જરા પણ થતી નથી તેમ સ્વચ્છ જ્ઞાન, સ્વભાવ જ્ઞાન, પૂર્ણ-જ્ઞાન જ્ઞેયને જાણે છે પણ જ્ઞેયરૂપે જરા પણ થતું નથી. જ્ઞાનની સ્વચ્છતામાં જ્ઞેયો સ્વયમેવ ઝળકે છે. પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો જરા પણ પ્રવેશ નથી.

શુદ્ધનયની દૃષ્ટિથી જોતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ નથી. સ્વચ્છત્વ સ્વભાવના કારણે જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે જ્ઞેયો જ્ઞાનને સ્પર્શતા નથી. આમ છતાં જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાવ જોઈને અજ્ઞાની જનો જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે એવું માનતા થકા પોતાના જ્ઞાન સ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેઓનું અજ્ઞાન છે.

શુદ્ધ નયથી આત્માનો સ્વભાવ એક ચેતના માત્ર છે અને તે છે, છે અને છે. તેના પરિણામ જાણવું, દેખવું, અનુભવવું, સદ્દહવું, સ્થિર રહેવું, અક્રિય રહેવું, વગેરે છે અને તેથી તે પરમાર્થથી સ્વનો જ જ્ઞાયક છે, દર્શક છે, વેદક છે, શ્રદ્ધેય છે. પરનો જ્ઞાયક, દર્શક, વેદક, વગેરે જે કહેવામાં આવે છે તે

વ્યવહારથી છે - ઉપચારથી છે કારણકે પર દ્રવ્ય અને આત્માને નિમિત્ત - નૈમિત્તિક ભાવ છે. તેને આગળ કરીને અજ્ઞજનો કહે છે કે આત્મા પર દ્રવ્યને જાણે છે, શ્રદ્ધાન કરે છે, ત્યાગે છે, ભોગવે છે. તેથી જ તો નિશ્ચય અને વ્યવહારના પ્રકારોને - ભેદોને યથાવત્ જાણીને જેમ છે તેમ શ્રદ્ધાન કરવું.

તેથી હે સુમતિ જિન ! આપની શુદ્ધતા જે અગાઉ કહી છે કે જે સમયે ઉપજે, તે સમયે જ વ્યય પામે છે અને છતાં તે શુદ્ધતા તેવીને તેવી જ રહે છે એટલે મૂળધર્મને આપ મૂકતા નથી. આમ આપની આશ્ચર્યકારક શુદ્ધતાને જાણીને અમારું મન તેને પામવા ઉછળી રહ્યું છે - ઉલ્લસિત થઇ રહ્યું છે.

જગતના પદાર્થોમાં જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોત પોતાની યોગ્યતા પ્રમાણે થઈ રહ્યા છે તેમાં આપને હર્ષ કે શોક નથી કારણકે આપનો જ્ઞાતા રહેવાનો જ સ્વભાવ છે. ધ્રુવ સ્વભાવ ઉત્પાદ કે વ્યયના લીધે નથી પણ પોતાના લીધે જ છે તેથી હે પ્રભો ! આપ સત્તાએ આપના મૂળધર્મને વળગીને જ રહેલા છો.

**ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી** - આત્માને વિશે જ્ઞાનગુણ, દર્શનગુણ, ચારિત્રગુણ, વીર્યગુણ, દાનગુણ, લાભગુણ, ભોગગુણ, અરૂપીગુણ, અગુરુલઘુગુણ, અવ્યાબાધગુણ, ઈત્યાદિ અનંતગુણો છે. તે સર્વગુણો ભિન્ન-ભિન્ન છે તેથી **અનેકતા** છે તથા તે સર્વ ગુણો સમુદાયરૂપ છે પણ ક્યારેય ભિન્નક્ષેત્રી થતાં નથી. તે અનંત ગુણ પર્યાયનો એક પિંડ આત્મા છે. **(એકતા)** વળી આપ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વ-ભાવ પણે અસ્તિ છો. તે અસ્તિભાવ કોઈપણ કાળે ટળતો નથી.

અનંત ગુણ પર્યાયનો એક પિંડ એવો આ આત્મા એક ચૈતન્ય દ્રવ્ય છે. તે સત્ છે. આ રીતે આત્મામાં અનાદિ અનંત એક દ્રવ્ય સ્વભાવ છે અને બીજો વર્તમાનમાં વર્તતો પર્યાય સ્વભાવ છે.



આત્મામાં ગુણો એકી સાથે છે અને પર્યાયો ક્રમિક છે. આવા ક્રમ અને અક્રમથી વર્તતા અનંતા ધર્મો આત્મામાં છે તેથી જ્ઞાનમાત્ર ભવન આત્મા અનંતધર્મની મૂર્તિ છે.

અક્રમથી રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, શ્રદ્ધાદિ અનંત ગુણો અને તેની ક્રમથી થતી નિર્મળ પર્યાયોનો આખો પિંડ જ્ઞાન લક્ષણ વડે જ લક્ષિત થાય છે. ને તેને જ આત્મા કહ્યો છે. જ્ઞાનીને નિર્મળભાવમાં બધા ગુણોનો રસ અભેદરૂપે અનુભવમાં આવે છે. અનંતગુણનો પિંડ આત્મા હોવાથી એકરૂપતા થઈ અને ગુણો સંખ્યાથી અનંત હોવાથી અનેકરૂપતા પણ થઈ. આમ પ્રભુ એકાનેકરૂપે છે.

**આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે** : એ પંક્તિથી હવે દેવચંદ્રજી મહારાજ આત્માના અસ્તિનાસ્તિરૂપ આત્મસ્વભાવની સિદ્ધિ કરી રહ્યા છે.

સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી આત્માની અસ્તિ છે અને

પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ છે.

સ્વ દ્રવ્ય = પોતાના ગુણ-પર્યાયનો સમુદાય

સ્વ ક્ષેત્ર = અગુરુલઘુ સ્વભાવ દ્વારા વિભાગીકૃત અસંખ્યાત પ્રદેશ એટલે વિવક્ષિત એક આત્માના અસંખ્ય પ્રદેશની અવગાહના તે સ્વક્ષેત્ર સ્વ કાલ = ઉત્પાદ-વ્યયરૂપ પ્રવર્તના તે કાળ (નિશ્ચયકાળ એ જ્ઞેયની વર્તના રૂપ ગણેલો છે.)

સ્વ ભાવ-પોતપોતાના ગુણોનું પરિણમન

હે સુમતિનાથ પ્રભુ ! આપ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છો તે અસ્તિ સ્વભાવ કોઈ'દિ ટળતો નથી તેથી તમે સદાકાળ આત્મભાવમાં રહો છો; સાથે સાથે બીજા દ્રવ્યનો ભાવ કહેતા ધર્મ તેને તમે લેતા નથી માટે પરરૂપે નાસ્તિપણે છો. આમ **અસ્તિ** અને

**નાસ્તિ** પરસ્પર વિરુદ્ધ ધર્મો પણ અપેક્ષાથી તમારામાં સમાયા છે. માટે બીજી કોઈ તમારી અવસ્થા દેખાતી નથી.

હે પ્રભો ! ત્રિકાળી ધ્રુવ દ્રવ્યના આશ્રયે અનંતા ગુણો છે. અનંતી જ્ઞાન પર્યાય, અનંતી દર્શન પર્યાય, અનંતી ચારિત્ર પર્યાય, અનંતી વીર્ય પર્યાય, અનંતી અગુરુલઘુ પર્યાય આ બધાથી આપ સ્યાત્ અસ્તિપણે છો. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી દરેક પદાર્થ-માત્ર સ્વતંત્ર છે. કોઈને લીધે કોઈ નથી. આપનો આત્મા સ્વતંત્ર છે તેમ પરમાણુ-માત્ર સ્વતંત્ર છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય બધા પદાર્થો સ્વતંત્ર છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સ્વતંત્ર છે. તેથી દરેક દ્રવ્યો પોતાના સ્વભાવથી ક્યારે પણ ટળતા નથી. એટલે આત્મા પોતે પોતાનાથી છે. રાગાદિથી નથી તેમ કર્મના પરમાણુથી નથી. આમ દરેક દ્રવ્યો પોતાના સ્વભાવથી શુદ્ધ છે. વીતરાગ છે. તેની સમય-સમયની અવસ્થા પણ તે તે સમયની યોગ્યતાથી છે. દ્રવ્યના કારણે પર્યાય છે અને પર્યાયના કારણે દ્રવ્ય છે એવું નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે સત્ છે. પોતાનાથી છે. જે સત્ છે તે અહેતુક છે. દરેક પદાર્થમાં પોત પોતાના ગુણને અનુરૂપ પરિણમન થવું - કાર્ય થવું તે કાળલબ્ધિ છે પણ તે કાંઈ કાળ દ્રવ્યને કારણે નથી. ટૂંકમાં દરેક પદાર્થમાં પ્રતિસમયે જે કાંઇ પરિણમન થઇ રહ્યું છે તે પોતાનાથી છે અને તે વ્યવસ્થિત છે આવું જ્ઞાની જાણે છે. માટે જ્ઞાનીને કોઈ પણ ચીજમાં ફેરફાર કરવાનો વિકલ્પ આવતો નથી. તેથી જ્ઞાની દરેક અવસ્થા કાળે વીતરાગ રહી શકે છે.

આત્માની અપેક્ષાએ પર વસ્તુ શૂન્ય છે. અદ્રવ્યરૂપ છે, અક્ષેત્રરૂપ છે, અકાળરૂપ છે અને અભાવરૂપ છે. તેથી આત્મામાં પરની નાસ્તિ છે.

અહીં દ્રવ્યનું સ્વરૂપ નક્કી કરવા સપ્તભંગી બતાડે છે.



(૧) આત્મા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવથી 'સ્યાત્ અસ્તિએવ' એ પહેલો ભાંગો થયો.

(૨) આત્મા પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવથી 'સ્યાત્ નાસ્તિએવ' એ બીજો ભાંગો થયો.

(૩) આત્મામાં સ્વદ્રવ્યાદિથી અસ્તિપણું અને પર દ્રવ્યાદિથી નાસ્તિપણું - એકી સાથે ભેગું રહેલું છે માટે - 'સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ એવ' એ ત્રીજો ભાંગો થયો.

(૪) આત્મા એકી સાથે સ્વ-પર દ્રવ્યાદિની અપેક્ષાએ 'સ્યાત્ અવક્તવ્ય એવ' કારણકે એક જ શબ્દ દ્વારા અસ્તિ, નાસ્તિ પર્યાયો મુખ્યરૂપે જણાવી શકાતા નથી અથવા તો વસ્તુમાં રહેલા અનંત ધર્મો વચનથી બતાવી શકાતા નથી. અનભિલાપ્ય છે તેથી પણ સ્યાત્ અવક્તવ્ય એવ આત્મામાં અસ્તિ, નાસ્તિ પરસ્પર વિરોધી ધર્મો એક સાથે રહેલા છે તે એક સાથે - એક જ સમયે કહી શકાતા નથી કારણ કે કહેવામાં ક્રમ પડે છે. અસ્તિ-નાસ્તિ ધર્મ દ્વારા આખું દ્રવ્ય જણાય છે એક સાથે, પણ કહેવામાં ક્રમ પડે છે. જ્યારે સંસારમાંથી મુક્તિ થાય છે ત્યારે પણ સ્વ ચતુષ્ટયથી થાય છે પર ચતુષ્યથી થતી નથી; એ રીતે જોતાં પણ આખું દ્રવ્ય ખ્યાલમાં આવે છે.

અનુભૂતિ પર્યાયમાં છે છતાં તેને પર્યાય નહિ કહેતા દ્રવ્યપિંડ કહેવો તે આશ્ચર્ય છે. દ્રવ્ય-પર્યાયની અભેદ અનુભૂતિ તે નિશ્ચયનય. જે ભાવ સાથે તન્મય હોય ત્યારે નિશ્ચયથી તે તેવો કહેવાય.

ક્રોધ સાથ તન્મય હોય ત્યારે નિશ્ચયથી તે ક્રોધી કહેવાય.

(૫) તે અવક્તવ્યપણું અસ્તિ ધર્મનુ પણ છે માટે સ્યાત્ અસ્તિ અવક્તવ્ય એવ

(૬) તે અવક્તવ્યપણું નાસ્તિ ધર્મનું પણ છે માટે સ્યાદ્ નાસ્તિ અવક્તવ્ય એવ

(૭) આત્માનો એક અંશ સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ, આત્માનો બીજો અંશ પર દ્રવ્યાદિની ચતુષ્ટયની અપેક્ષાએ, આત્માનો ત્રીજો અંશ એકી સાથે સ્વ પર દ્રવ્યાદિની ચતુષ્ટયની અપેક્ષાએ ગણતરી કરવામા આવે તો પર્યાયપણે અસ્તિ નાસ્તિ યુગપદ્ અવક્તવ્ય એવ એ પદાર્થ ધર્મ છે.

આ પ્રમાણે સામાન્યથી સપ્તભંગી કહી. અન્ય ગ્રંથોમાં અહીં જે ચોથો પ્રકાર કહ્યો છે તેને ત્રીજો જણાવવામાં આવે છે અને ત્રીજા પ્રકારને ચોથો જણાવવામાં આવે છે. અહીં સ્વોપજ્ઞ ટબાના આધારે વિવરણ કરાયું છે.

આપ આત્મભાવે રહો છો પણ બીજા ભાવને ગ્રહણ કરતા નથી. આ કઠીન પદાર્થને સરળ રીતે નીચે પ્રમાણે સમજાવી શકાય. કોઈ ભાઈ બિમાર છે અને તેનો મિત્ર તેને મળવા આવે છે ત્યારે તેની તબિયતના સમાચાર પૂછે છે, તેના સાત જવાબ હોઈ શકે. અહીં ઠીક-અઠીક બે વિરુદ્ધ ધર્મોથી સાત પ્રકારની જિજ્ઞાસા અને સાત પ્રકારના ઉત્તરો હોઈ શકે. તે આ રીતે

**કેમ છો ?** (૧) ઠીક છે દવા લાગુ પડતી જાય છે.

(૨) અઠીક છે. ૨ મહિનાથી દવા લઉં છું રોગ વધ્યો નથી. પણ ખાસ સુધારો નથી.

(૩) તો પછી શું સમજવું ? ઠીકાઠીક છે. કાંઈ ઠીક છે, કાંઇ ખરાબ લાગે છે. ચાલ્યા કરે છે.

(૪) ડૉક્ટર શું કહે છે ? અવક્તવ્ય છે. કાંઇ સમજાતું નથી. કાંઇ કહેવાય નહિ.

(૫) કાંઈક ઠીક છે પણ નીવડે વખાણ, અત્યારે કંઈ જ કહી



શકાય તેવું નથી. ડૉક્ટર આશા આપે છે પણ કાંઈ કહી શકાય નહિ.

(૬) જરાય સારું લાગતું નથી. ડૉક્ટરો કહે છે અત્યારે શું કહી શકાય ?

(૭) ક્યારેક સારું ક્યારેક અત્યંત ખરાબ એટલે તબિયતની બાબતમાં અવક્તવ્ય છું. જેવી હરીચ્છા ?

આઠમી જિજ્ઞાસા ન રહેતી હોવાના કારણે આઠમો પ્રશ્ન નથી ઉઠતો, માટે આઠમો ભંગ નથી થયો. તેથી સપ્તભંગી જ છે. આ રીતે પરસ્પર વિરોધી એવા અનેક ધર્મો જેવા કે નિત્ય-અનિત્ય, એક-અનેક, સત્-અસત્ વક્તવ્ય-અવક્તવ્ય, ગુણ-પર્યાય, દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક, ભિન્ન-અભિન્ન એવા અનેક ધર્મોની સપ્તભંગી થઈ શકે છે. આ વસ્તુધર્મ છે તે સપ્તભંગીએ સર્વ પદાર્થ પોતાના સ્વભાવને પલટતા નથી માટે હે પ્રભુજી આપ અસ્તિ-નાસ્તિપણે છો. સ્વધર્મપણે રહો છો- પર ધર્મને ગ્રહણ કરતા નથી.

**''લોક પ્રદેશ મિત્ત પણ અખંડી''** ચૌદ રાજલોકના જેટલા આકાશ પ્રદેશ છે તેટલા જ તમારા આત્મપ્રદેશ છે. ચૌદ રાજલોકના પ્રમાણ આત્મપ્રદેશના આપ ધારક છો. લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા આત્મપ્રદેશોમાં અગુરુલઘુપર્યાયનો તરતમયોગ, ષડ્ગુણહાનિવૃદ્ધિરૂપે પ્રવર્તન પામતો હોવા છતાં તેમાં એક જ કર્તૃત્વપણે અખંડતા હોવાથી આત્માના સર્વ પ્રદેશો ભેગા મળીને કર્મબંધ તેમજ ક્ષયોપશમ નક્કી થતો હોય છે. આ આત્મપ્રદેશો ક્યારે પણ ખંડિત થતા નથી. વધઘટ પામતા નથી. હા, તેમાં ક્ષયોપશમ કાળે કાર્યાભ્યાસે તરતમતા હોઈ શકે છે. યોગસ્થાનમાં વીર્યાણુની વધઘટ હોઇ શકે છે. તથા સંયમશ્રેણીમાં અધ્યવસાયની હીનાધિકતા હોઈ શકે છે.

ક્ષાયિકભાવે સર્વગુણની સામાન્યતા છે પરંતુ અગુરુલઘુ-

પર્યાયનું તારતમ્ય સદા છે. તથા તેને પ્રદેશ ધર્મ છે. વળી આત્માના અસંખ્યાત પ્રદેશે સર્વગુણપર્યાય તુલ્ય વિભાગે વહેંચાય છે પણ કોઈ વારે જુદા પડતા નથી માટે અખંડરૂપે છે. એટલે હે સુમતિનાથ પ્રભુ! આપશ્રીની અસંખ્યાત પ્રદેશરૂપ અવયવતા છે પણ ભિન્ન થાય નહિ તે આશ્ચર્ય જાણવું.

અહીં આત્માની અખંડતા સમજવા માટે ગરોળીનું દૃષ્ટાંત અતિ ઉપયોગી છે. કોઈ વાર બારણામાં ગરોળી કપાઈ ગઈ, પૂંછડી છૂટી પડી ગઈ, ત્યારે તરત જ જોશો તો ગરોળી અને પૂંછડી બન્ને ધ્રુજતાં હશે કારણ કે બન્નેમાં આત્મપ્રદેશો છે. તેમ વચલા ખાલી ભાગમાં પણ આત્મપ્રદેશો છવાયેલા હતા. થોડા સમય પછી પૂંછડીના આત્મપ્રદેશો ગરોળીના શરીરમાં સમાઈ ગયા એટલે પૂંછડી નિર્જીવ બની ગઈ. આ જ અસંખ્ય પ્રદેશનું અખંડત્વ સૂચવે છે.

એક સફરજનના ચાર ટૂકડા કરી ચાર બાળકોને એક એક ટૂકડો આપો અને જો તે ચાર જુદી જુદી દિશામાં જાય તો વચ્ચે પણ આત્મપ્રદેશો સંકળાયેલા હોય છે. પછી એક છોકરો સફરજનનો એક ટૂકડો ખાઈ ગયો. તો તેના આત્મ પ્રદેશો બીજા ત્રણ ટૂકડામાં સંક્રમી જાય છે. બધા ટૂકડા ખવાઈ જતા અથવા અંતર્મૂહુર્ત પસાર થતાં તે નીકળીને પોતાની સાથે રહેલા તૈજસકાર્મણ શરીરના માધ્યમે પોતાની ગતિ પ્રમાણે બીજું જીવન લઈ લે છે. આવી આત્માની અખંડિતતા એ જ આશ્ચર્ય છે.

પ્રથમ ગાથામાં નિત્યતા, એકતા, અસ્તિતા એ અનિત્યતા, અનેકતા અને નાસ્તિતાથી યુક્ત છે એવું જે કહ્યું હતું તે બીજી ગાથામાં કેવી રીતે ઘટે છે તે બતાવ્યું. હવે દેવચંદ્રજી મહારાજા ત્રીજી કડીમાં શુદ્ધાત્મા એવા સુમતિનાથ પરમાત્માની શુદ્ધતાને આગળ વર્ણવી રહ્યા છે.



**कार्य-कारणपणे परिणमे तहवि ध्रुव,**
**कार्य भेदें करे पण अभेदी।**
**कर्तृता परिणमे नव्यता नवि रमे,**
**सकल वेत्ता थको पण अवेदी॥**
**अहो.॥३॥**

**અર્થ :** હે પ્રભો! આપના ઉપાદાન કારણ સ્વરૂપ જ્ઞાનાદિ સર્વગુણો જ્ઞપ્તિ આદિ કાર્યરૂપે પરિણમે છે તે ઉત્પાદ- વ્યય ધર્મ છે અને તે જ્ઞાનાદિ સર્વગુણોનો ક્યારે પણ અભાવ થતો નથી એ ધ્રુવ ધર્મ છે. જ્ઞાન ગુણ જાણવાનું, ચારિત્ર ગુણ સ્થિરતાનું એમ સર્વ ગુણો પોત-પોતાના ભિન્ન-ભિન્ન કાર્યને કરે છે એ ભેદ સ્વભાવ છે. એમ કાર્ય ભેદે અનેકતા છે. એ બધા ગુણોમાં કાર્યભેદ હોવા છતાં તે ગુણો આત્માથી જુદા થતા નથી એથી અભેદરૂપ છે તે એકતા છે.

હે પ્રભો! આપ કર્તા હોવાથી પ્રતિસમયે પોતાના કાર્યમાં કારણનું અવલંબન લઈને પરિણમો છો છતાં કોઈ નવીનતા પામતા નથી. પ્રતિ સમયે તે તે ગુણ તે તે કાર્યરૂપે પરિણમે છે છતાં અસ્તિ ધર્મે તો આપ કાયમ રહો છો. તેમજ સર્વ દ્રવ્યોના ગુણ-પર્યાયોના તથા ત્રણે કાલના જ્ઞાતા છો છતાં ત્રણે વેદથી રહિત

હોવાથી અવેદી છો એ બધું જ આશ્ચર્ય છે.

**વિવેચનઃ કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ**- વળી ઉત્પાદ-વ્યયરૂપ ધર્મને કહે છે. જીવ દ્રવ્યને વિશે જેટલા ગુણ છે તે પ્રતિ સમયે તે તે રૂપે પરિણમવારૂપે પોતાનું કાર્ય કરી રહ્યા છે એટલે કે ગુણો એ ઉપાદાન કારણ છે અને તેનું જાણવું, દેખવું, સદ્દહવું, સ્થિરતા, સહાયકતા, વગેરે કાર્ય તે તે ગુણોનું પરિણમન છે અને તે જ કાર્ય છે. સમયે સમયે પરિણમન થવાથી નવા નવા ઉત્પાદ-વ્યય ચાલ્યા જ કરે છે (અનિત્યતા) અને તો પણ દરેક સમયે ગુણો તો પાછા ધ્રુવરૂપે રહે છે જ. (નિત્યતા)

અહિંયા કોઈ પ્રશ્ન કરે કે પૂર્વકાળે કારણ અને પછીના કાળે કાર્ય થાય એ તો નિન્હવ એવા જમાલીનો મત છે અને તે તો સુંદર નથી. ભિન્ન ભિન્ન કાલે કારણ કાર્ય માનવાથી, જ્યારે કારણ હતું ત્યારે કાર્ય થયું નહિ અને જ્યારે કાર્ય થશે ત્યારે કારણ નહિ હોય એટલે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થયેલી માનવી પડશે, તેથી તો ઘટની સામગ્રીથી પટકાર્ય અને પટની સામગ્રીથી ઘટકાર્ય માનવાની આપત્તિ આવશે એટલે વસ્તુ વ્યવસ્થા ઘટશે નહિ. એટલે કારણ વિના કાર્ય નથી અને કારણભાવ તથા કાર્યભાવ એ બંને એક સમયે છે એ જૈનોની શ્રદ્ધા છે.

એ વાત શ્રી વિશેષાવશ્યક ભાષ્યની ૫૨૩મી ગાથામાં સ્પષ્ટપણે જણાવી છે. જો બાહ્યમાં ઉત્પન્ન કારણ-કાર્ય વિશે એક કાલતા છે તો સહજ, અકૃત્રિમ આત્મા વગેરેમાં તો કારણ-કાર્યતા એક સમયે જ હોય. જીવને વિશે કેવલજ્ઞાન ગુણ તે સર્વ વિશેષભાવને જાણે છે ત્યાં સર્વનું જાણવું તે કાર્ય છે અને જ્ઞાન ગુણ જાણવારૂપે પ્રવર્તે તે કારણ છે બન્ને એક જ સમયે છે અને જ્ઞાન ગુણ ગુણપણે સદા ધ્રુવ છે તે જ રીતે કેવળદર્શનાદિ બીજા અનંતા ગુણો સર્વ તે રીતે પરિણમે છે.



કારણતાનો જે સમયે વ્યય તે જ સમયે કાર્યતાનો ઉત્પાદ અને કાર્યતાનો જે સમયે વ્યય તે જ સમયે અન્ય નવી પર્યાયની કારણતાનો ઉત્પાદ આ રીતે સર્વ દ્રવ્યને વિશે ઉત્પાદ-વ્યય ધર્મ છે.

પ્રશ્ન- અહીં કોઈ કહે કે ઉત્પાદ-વ્યય સ્વતઃ નથી. પર પ્રત્યયી છે. અને તેથી લોકાકાશમાં તો ઘટાકાશનો નાશ અને પટાકાશની ઉત્પત્તિ સ્વરૂપ ઉત્પાદવ્યય ધર્મો ઘટી શકશે પણ અલોકાકાશમાં તો કોઈ વસ્તુ જ નથી તો તેમાં ઉત્પાદવ્યય ધર્મો કેવી રીતે ઘટી શકશે?

ઉત્તરઃ- આવું જે પૂર્વપક્ષનું કથન છે તે વ્યાજબી નથી, પર પ્રત્યયી ધર્મ તે લક્ષણ બની શકે નહિ. લક્ષણ તો સ્વધર્મનું જ થાય. પર પ્રત્યયી લક્ષણનો ભોગવટો ન થઈ શકે. સ્વ પ્રત્યયી લક્ષણનો જ ભોગવટો થાય એ સિદ્ધાંત છે. જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં તથા લોકાકાશમાં થતાં ઉત્પાદ-વ્યય સ્વ પ્રત્યયી અને પર પ્રત્યયી બન્ને હોય. તેમાં સ્વ પ્રત્યયી ઉત્પાદ-વ્યય એ અગુરુલઘુગુણના કારણે છે. અગુરુલઘુગુણના કારણે આત્માના અનંતગુણોમાં પ્રતિ પ્રદેશે ષડ્ગુણહાનિવૃદ્ધિથી ઉત્પાદ-વ્યય ચાલે છે આ સ્વપ્રત્યયી ક્રિયા છે અને એના જ કારણે દરેક ગુણમાંથી અનંત અનંત આનંદ આવે છે.

પ્રભુ લોકાલોકને જાણે છે પણ વેદે છે તો સ્વને, સ્વમાંથી ઉપજતા આનંદને. આત્મા હોય ત્યાં જ વેદન હોય. વેદન તે જ આત્મા. સ્વરૂપના વેદનમાં મન નથી પણ માત્ર આત્મા છે.

શ્વેતાંબર ગણી તત્ત્વાર્થ ટીકાકારની સાક્ષી આપતા કહે છે કે અમે જૈનો તો અહીં ઉત્પાદાદિ ત્રણેને સર્વવસ્તુમાં વિસ્રસા પરિણામ (એટલે કે સ્વાભાવિક) વડે જ ઇચ્છીએ છીએ અને પ્રયોગ દ્વારા ઉત્પાદાદિ ત્રણ તો જીવ અને પુદ્ગલમાં જ ઇચ્છીએ છીએ. આકાશાસ્તિકાય દ્રવ્ય, અવગાહક દાન પરિણતિમાં પરિણામ પામી જ રહ્યું છે. કોઈ પદાર્થ અવગાહના ન લે તેમાં તે દ્રવ્યની ઉણપ નથી.

ખુરશીની વ્યવસ્થા હોવા છતાંય આવનાર બધા આવીને નીચે બેસી જાય તેમાં કાંઈ ખુરશીનો વિસ્રસા પરિણામ નાશ પામતો નથી, તેમ અલોક આકાશમાં વિસ્રસા પરિણામ સ્વીકારવામાં કોઇ વાંધો નથી.

આ વચનથી યર્થાથ શ્રદ્ધા કરવી કે પરમાત્માને પોતાના સર્વગુણોમાં સમયે સમયે જે શુદ્ધ પરિણમન છે તેને કાર્ય જાણવું તેમજ તે કાર્ય પરિણામી સત્તાને ભાવિ કાર્યના કારણરૂપે જાણવી અને તે કાર્ય-કારણ સ્વરૂપી સર્વગુણોની ધ્રુવ સત્તા તો ક્ષાયિકભાવે હોવાથી પરમાત્માને સ્વગુણ સત્તાએ સદા ધ્રુવપણું જાણવું. હે પ્રભુ! તે આશ્ચર્ય છે કે તમારા ગુણો કાર્યપણે પરિણમે છે તેથી ઉત્પાદ-વ્યય છે અને ગુણનો અભાવ થતો નથી તે ધ્રુવ ધર્મ છે તેથી સ્યાત્ નિત્યં, સ્યાત્ અનિત્યં એ સ્વરૂપ છે.

પ્રભુના અવલંબને પોતાનામાં જે ગુણો પ્રગટ્યા તે જ કારણ બનીને મોક્ષ અપાવશે. આથી પ્રભુના ગુણો ઉપર આદર-બહુમાન-અહોભાવ પ્રગટે તે સ્વાભાવિક છે અને તે જ શુદ્ધિનું કારણ છે.

પ્રભુના પ્રદેશો અસંખ્ય છે માટે ભેદરૂપ છે પણ છૂટા પડતા નથી માટે અભેદરૂપ છે તે આશ્ચર્ય છે. ઉપયોગ વર્તમાન પર્યાયમાં છે છતાં અસંખ્ય પ્રદેશમાં - આત્મામાં કહેવાય છે તે આશ્ચર્યરૂપ છે.

ઉપયોગ પોતાનામાં જ રહે છે. પદાર્થ સન્મુખ થતો નથી. જોવા-જાણવા માટે કોઇ પ્રયાસ નહિ છતાં જણાઇ જાય બધું અને છતાં કોઇ વિકલ્પ નહિ તે આશ્ચર્ય.

જેટલું બહુમાન તેટલું સંવેદન અને જેટલું સંવેદન તેટલી કાર્ય સિદ્ધિ નજીક. અસંખ્ય પ્રદેશે અનંત ગુણો વ્યાપીને રહેલા છે દરેક ગુણનું કાર્ય ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે છતાં અસંખ્ય પ્રદેશે એક વીતરાગ પરિણમન, એક નિર્વિકલ્પ પરિણમન, એક નિર્વિકલ્પ આનંદવેદન અનુભવાય તે આશ્ચર્ય.



પ્રભુની પ્રભુતા જોઇને આપણને આપણી અંદર રહેલ પ્રભુતાનો ખ્યાલ આવે છે અને તેને પ્રગટાવવાની રૂચિ જાગે છે માટે પ્રભુ એ પુષ્ટ નિમિત્ત છે; તે ન મળે ત્યાં સુધી પ્રગટાવવાની રૂચિ જાગતી નથી. માટે નિમિત્ત કારણરૂપે પ્રભુ ઉપકારી છે. દરેક જીવો જે ક્ષપકશ્રેણી માંડે છે તે સમતા ગુણના આધારપર માંડે છે. અને તે સમતા ક્ષપકશ્રેણીમાં સઘન બનતી જાય છે. સ્થિરતા જામતી જાય છે. માટે ત્યાં આનંદનો ભોગવટો હોવા છતાં તત્ત્વથી ભોગવટો નથી એમ કહેવાય કારણકે જ્ઞાન-આનંદનો અભેદ થતો જાય છે એટલે ત્યાં મન હોવા છતાં મન કાર્યકારી નથી. મન શાંત થઇ ગયેલું છે. સાધના કરતાં ગમે તેવી ઊંચી દશા આવે પણ તેનો ભોગવટો ન થાય તે પુરુષાર્થ છે.

કાળલબ્ધિના પરિપાકથી ભીતરમાં જ્યારે સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે ત્યારે કર્મનો ક્ષયોપશમ કે ક્ષય તે બાહ્ય નિમિત્ત બની જાય છે અને તત્ (તે) સમયની ઉપાદાનની યોગ્યતા એ પ્રધાન કારણ બને છે. માટે ત્રિકાળી ધ્રુવ આત્મા એ અકર્તા કહેવાય છે.

**ભીતરમાં જે ભાવ પ્રગટે, ગુણો પ્રગટે, આનંદ પ્રગટે તેને પોતાનો માને એટલે ઉપયોગ પલટાય, વિકલ્પ ઉભો થાય અને તે જ કષાય.**

અધ્યાત્મમાં સમજણપૂર્વકની એકાગ્રતા ઉપયોગી છે. રત્નત્રયની શુદ્ધ પરિણતિ — વીતરાગતાનો અંશ — સકામ અંશ તે જ હું ! તે જ હું ! એમ તેમાં રમણતા કરતાં સાધના સઘન બને છે. શુદ્ધિ વધે છે.

ગ્રંથિભેદ દ્વારા જેણે એક વખત શુદ્ધ ઉપયોગ દ્વારા શુદ્ધાત્માનું નિર્વિકલ્પ વેદન કરી લીધું તેવા આત્માઓનો શુદ્ધ ઉપયોગ પછીથી પરમાં જોડાય તો પણ એકત્વ થતું નથી કારણકે લબ્ધ ઉપયોગ શુદ્ધ પરિણતિ સાથે જોડાયેલો છે. **ઉપયોગ પરમાં એકત્વપૂર્વક ન જોડાય**

**તેવા વારંવારના અભ્યાસથી જ અપૂર્વ વેદનથી અપૂર્વકરણ પરિણામ સ્પર્શે છે અને ત્યારે જ ગ્રંથિ ભેદાયા પછી અનિવૃત્તિકરણ પરિણામ સ્પર્શે છે અને પછી જ અંતરકરણ એટલે ઉપશમ સમ્યક્ત્વને જીવ પામે છે.**

"હું પરનું કંઇ કરી શકું નહિ અને પર મને કાંઇ કરી શકે નહિ" એવો સિદ્ધાંત છે તેની શ્રદ્ધા થવી જોઇએ. શ્રદ્ધા જો સાચી હોય તો તેનું અમલીકરણ પણ થાય.

એક પર્યાય બીજા પર્યાયનું નિમિત્ત બને તે તો પર્યાયની શક્તિ અનુસારે છે. ઉપાદાનમાં જેટલી કાર્ય કરવાની શક્તિ હોય એટલું જ કાર્ય નિમિત્તની હાજરીથી થઇ શકે. એટલે એક જ નિમિત્ત હોવા છતાં ઉપાદાનની શક્તિ ભિન્ન-ભિન્ન હોવાથી કાર્ય ભિન્ન-ભિન્ન થાય છે. ભણાવનાર શિક્ષક નિમિત્તરૂપે એક જ છે ભણનારા વિદ્યાર્થીઓ ઘણા છે દરેકને બોધ તરતમભાવે થાય છે તે ઉપાદાનની તેવા તેવા પ્રકારની યોગ્યતાને કારણે છે.

આનો સાર એક જ છે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ શ્રુતના અવલંબને ચિત્તમાં ભાવિત કરવાનું છે. પુદ્‌ગલ દ્રવ્યના આધારપર ચાલતા કાર્યનું કર્તૃત્વ આત્મામાં ન આવે તેની કાળજી રાખવાની છે. પુદ્‌ગલ દ્રવ્ય સદાને માટે અભોગ્ય છે, એ રીતે ચિત્તને ભાવિત કરી, સાંયોગિક સુખના ક્લિષ્ટ સંસ્કારો નાશ પામે તે માટે પ્રયત્ન કરવાનો છે. અઘાતીકર્મના ઉદયથી પ્રાપ્ત થતાં સુખદુઃખમાં ઉપયોગ તેનાથી છૂટો પડી જઇ આત્મસુખમાં રમણતા કરે અને શાતા-અશાતા પ્રત્યે ઉદાસીનભાવ રહે તેવી રીતે જીવવાનું છે.

**કાર્ય ભેદે કરે પણ અભેદી :** વળી જીવ દ્રવ્ય મધ્યે જેટલા ગુણ છે તે સર્વ ભિન્ન-ભિન્નપણે પોતાનું કાર્ય કરે છે. **(અનેકતા)** તેમાં જ્ઞાન તે જાણવારૂપ કાર્ય કરે છે. દર્શન તે દેખવારૂપ કાર્ય કરે છે, સમ્યક્ત્વ તે નિર્ધારરૂપ કાર્ય કરે છે, ચારિત્ર તે સ્થિરતારૂપ કાર્ય



કરે છે. એમ સર્વ ગુણો પોતાના કાર્યના કર્તા છે, એમ દરેક ગુણ જુદુ જુદુ કાર્ય કરે તે વસ્તુમાં અનેકતા સ્વભાવ છે. તેથી ભેદ સ્વભાવ છે. પણ તે કાર્ય-ધર્મનું કારણ કોઇ દ્રવ્યે તથા ક્ષેત્રે જુદું થતું નથી તેથી અભેદરૂપ છે.

જેમ સોનામાં પીતતા, ગુરુતા, સ્નિગ્ધતા એ કાર્યભેદે ત્રણ ધર્મો જોવા મળે છે પરંતુ ક્યારે પણ ભિન્ન થતા નથી. તેવી રીતે જીવના અનંત ગુણો ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. પરંતુ વસ્તુધર્મે ભિન્ન નથી પણ ભેદ-રહિત અભેદી છે. આ પ્રમાણે પરમાત્માને તે અસંખ્યાત પ્રદેશે ભિન્ન ભિન્ન અનંતગુણોના ભિન્ન-ભિન્ન કાર્ય પરિણામ હોવા છતાં તે સર્વ પરિણમન પોતાના આત્મ દ્રવ્યમાં તો એક જ અભિન્ન સ્વરૂપે છે એમ જાણવું. **(એકતા)**

**કર્તૃતા પરિણમે :** આત્મા પ્રતિ સમયે કર્તૃતાપણે પરિણમે છે એટલે પંચાસ્તિકાયમાં જીવ સિવાયના ચાર અસ્તિકાય તે અકર્તા છે જ્યારે એક માત્ર જીવાસ્તિકાય તે સ્વતંત્ર કર્તા છે.

જે સ્વાધીનપણે કારણાવલંબી થઇ કાર્યને નિપજાવે તે કર્તા. જેમ પર કાર્ય ઘટ તેનો કર્તા કુંભાર છે તેમ જ્ઞાનાદિ સ્વકાર્યનો કર્તા જીવ છે માટે જીવ કર્તૃતાપણે પરિણામ પામે છે એટલે પરિણમે છે.

અહીં એટલું યાદ રહે કે પર કાર્ય ઘટને કરતો કર્તા કુંભાર એ ઘટ કાર્યથી ભિન્ન છે અને જ્ઞાનાદિ સ્વકાર્યને કરતો આત્મા અભેદ કર્તા છે.

વળી કર્તૃત્વ સ્વભાવ શું કામ કરે છે? બધા દ્રવ્યોમાં પારિણામિક ભાવ છે. **બધા દ્રવ્યોનું ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પરિણામ પામવું તેનું નામ પારિણામિક ભાવ છે. જીવમાં પારિણામિક ભાવનું પરિણમન મુખ્યત્વે ભવ્યત્વ અને અભવ્યત્વ એમ બે પ્રકારે છે. પણ આત્મદ્રવ્યનો પારિણામિક ભાવ કર્તૃત્વ સ્વરૂપમાં છે.** કર્તૃત્વ સ્વભાવ બધા ગુણોમાં પરિણામ પામે છે.

આ કર્તૃત્વ સ્વભાવ સર્વ પ્રદેશોનું અને સર્વ પ્રદેશોના બધા ગુણોનું એકીકરણ કરવારૂપે છે.

દા.ત. કોઈક માણસની ૨૫ દુકાન છે, કોઈકમાં નફો, કોઈમાં નુકસાન હોય; આ બધાનો સરવાળો કરી નફામાંથી ટેક્ષ ભરવાનો હોય છે. તેમ બધા ગુણોનું વેદન એક આત્માના ઉપયોગ સ્વરૂપ છે.

આ જ વાતને દેવચંદ્રજી મ. સ્વરચિત વીસ વિહરમાન જિન સ્તવનમાં ચૌદમાં શ્રી ભુજંગસ્વામીના સ્તવનમાં જણાવે છે

*સામાન્ય સ્વભાવની હો, કે પરિણતિ અસહાયી,*
*ધર્મ વિશેષની હો, કે ગુણને અનુજાઈ,*
*ગુણ સકળ પ્રદેશે હો, કે નિજ-નિજ કાર્ય કરે,*
*સમુદાય પ્રવર્તે હો, કે કર્તા ભાવ ધરે....૨*
*જડ દ્રવ્ય ચતુષ્કે હો, કે કર્તાભાવ નહિ*
*સર્વ પ્રદેશે હો, કે વૃત્તિ વિભિન્ન કહી,*
*ચેતન દ્રવ્યને હો, કે સકળ પ્રદેશે મીલે.*
*ગુણવર્તના વર્તે હો કે વસ્તુને સહજ બને....૩*

સમસ્ત જગતના છ એ દ્રવ્યોમાં દ્રવ્યોની પોતપોતાની ગુણસત્તારૂપ સામાન્ય સ્વભાવ, તેમજ તે તે ગુણની ઉત્પાદ-વ્યય ભાવે નિરંતર પરિણામ પામતી પર્યાય સ્વરૂપી વિશેષ સત્તા- વિશેષ સ્વભાવ, બન્નેના શાશ્વત તેમજ અશાશ્વત સ્વરૂપને કેવલી ભગવંતો કેવલજ્ઞાન અને કેવલદર્શન ગુણ વડે કરીને એકત્વ ભાવે જાણે છે અને જુવે છે.

અહીં એટલું જાણવું જરૂરી છે કે સકળ દ્રવ્યોમાં રહેલ સામાન્ય ગુણ સત્તા તો કેવળ સ્વ-સ્વરૂપમાં જ પરિણામ પામતી હોવાથી તેનું વ્યવહારમાં કોઈ વિશેષ મહત્ત્વ હોતું નથી પણ સર્વત્ર વિશેષ સત્તાના પરિણામોનું જ વ્યવહારમાં મહત્ત્વ હોય છે.



કેવલી પરમાત્માઓમાં સકળ પ્રદેશે સર્વગુણોની નિરાવરણતારૂપ વિશેષતા ક્ષાયિકભાવે હોવાથી પ્રત્યેક પ્રદેશે પ્રત્યેક-ગુણ પણ પોત-પોતાના સ્વ-સ્વભાવમાં સહજભાવે પરિણામ પામતા હોય છે. પરંતુ કેવલી ભગવંતો સર્વાત્મપ્રદેશે વર્તતી તે તે ગુણક્રિયાને કર્તૃત્વભાવે-એટલે કે પર્યાય પ્રવર્તનને કર્તૃત્વભાવે અભેદરૂપે પરિણામ પમાડતા હોવાથી સહજ ભાવે અનંત ગુણ પરિણમનના અનંત અવ્યાબાધ સુખના ભોક્તા હોય છે.

જડદ્રવ્યનું પરિણમન કર્તાભાવે નથી તે વાતની પુષ્ટિ આપતા કહે છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ ચારે જડ રૂપી-અરૂપી દ્રવ્યોમાં પોતાના પરિણમન સ્વભાવનું કર્તૃત્વપણું નથી કેમકે તેઓ તો પોતાના પ્રતિપ્રદેશે નિરંતર (નિશ્ચયથી) ભિન્ન ભિન્ન પરિણામે પરિણમન પામતાં હોય છે તેમજ જડ હોવાથી તેનું જ્ઞાતૃત્વપણું પણ તેઓમાં હોતું નથી. જ્યારે જીવદ્રવ્ય તો લોકાકાશના અસંખ્યાત પ્રદેશ જેટલાં જ અસંખ્યાત પ્રદેશ પ્રમાણ છે અને પ્રતિપ્રદેશે ભિન્ન-ભિન્ન પરિણામી હોવા છતાં પોતાના કર્તૃત્વ સ્વભાવ વડે સકળ પરિણામનું એકત્વ કરીને તેનો ભોગ પણ કરતો હોય છે.

આથી જ આઠ રૂચક પ્રદેશ સિવાયના બાકીના સર્વાત્મ પ્રદેશે વીર્યાદિની તરતમતા હોવા છતાં કર્મનો બંધ તો સર્વ પ્રદેશે એક સરખો થતો હોય છે. તેમજ નિર્જરા પણ સર્વાત્મપ્રદેશે એક સરખી થતી હોય છે. આ રીતે ચાર રૂપી-અરૂપી જડ દ્રવ્યો કરતાં ચેતન એવા આત્મદ્રવ્યનું જુદા પણું છે. સર્વાત્મ પ્રદેશે તરતમભાવે ગુણ સ્વભાવ પરિણમન હોવા છતાં તેઓમાં કર્તૃત્વ સ્વભાવે એકત્વ કરાતું હોય છે, આથી જ આત્મા તો એક અખંડ-સ્વરૂપી દ્રવ્ય છે અને પોતાના ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક તેમજ

ક્ષાયિકભાવોનો યથાતથ્ય-સ્વરૂપે પોતાની પર્યાયમાં કર્તા-ભોક્તા અને જ્ઞાતા પણ છે, જ્યારે બાકીના ચાર રૂપી-અરૂપી જડ દ્રવ્યોમાં પ્રતિસમયે પરિણમન હોવા છતાં તે પરિણમતાં ભાવોનું કર્તૃત્વ તેમજ ભોક્તૃત્વ હોતું નથી. **(અસ્તિતા)**

**નવ્યતા નવિ રમે** સંસારમાં જે કર્તૃત્વ પર્યાય દેખાય છે તેને કરતો જીવ હવે કાંઈ નવ્યપણે એટલે નવીનપણે કરતો દેખાય છે. અપૂર્ણ આત્માને પૂર્ણતાની નજીક જવારૂપ નવીનતા પ્રાપ્ત થઈ શકે છે પણ સંપૂર્ણ જ્ઞાનીને પૂર્ણતાનો અનુભવ પ્રતિપળે થતો હોવાથી કાંઈ પણ નવીનતા હોતી નથી. નવીનતા ઉભી રહેતી હોય તો પૂર્ણતા પમાયેલી કહી શકાય નહિ. **(નાસ્તિતા)**

**સકલ વેત્તા થકો પણ અવેદી**- સર્વ દ્રવ્ય, તેના ગુણ પર્યાય સ્વભાવ, તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ અતીત, અનાગત અને વર્તમાનકાળ આ ત્રણે કાળના બધા પર્યાયોના આપ જાણકાર છો. વેત્તા છો, (વિદ-જાણવું) છતાં ત્રણે વેદથી રહિત હોવાથી આપ અવેદી છો. એ આશ્ચર્ય જાણવું. સર્વ પરભાવ સંબંધી ઈચ્છા કામના રહિત હોવાથી પ્રભુ અવેદી છે.



**शुद्धता बुद्धता देव परमात्मता,**
**सहज निज भाव भोगी अयोगी।**
**स्व-पर उपयोगी तादात्म्य सत्ता रसी,**
**शक्ति प्रयुंजतो न प्रयोगी॥**
**अहो.॥४॥**

**અર્થ :** હે પ્રભો ! સર્વ પુદ્‌ગલોના સંગરૂપ સાંકર્યતાથી રહિત આપની શુદ્ધતા છે. કેવલજ્ઞાન - કેવલદર્શન રૂપ બુદ્ધતા છે. પોતાના સ્વરૂપમાં રમણતા કરતા હોવાથી આપ દેવ છો. જ્ઞાનાવરણીયાદિ કર્મોથી રહિત આપનું પરમાત્મપણું છે.

તેમજ આપ સહજ નિજ-સ્વભાવના ભોગી છો છતાં અયોગી (મન-વચન-કાયાના યોગથી રહિત) છો ! સ્વ- આત્મા અને પર-પુદ્‌ગલાદિ સર્વ દ્રવ્યોના ઉપયોગી-જ્ઞાતાદૃષ્ટા હોવા છતાં તાદાત્મ્યભાવે રહેલી શુદ્ધ સત્તાના જ આપ રસિયા છો. હે પ્રભો! આપમાં પૂર્ણપણે પ્રગટેલી કર્તૃત્વ ભોક્તૃત્વ આદિ સર્વશક્તિઓ સ્વ-સ્વ કાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં આપ અપ્રયોગી છો. અર્થાત એ શક્તિઓને પ્રગટાવવા આપને કોઈ પ્રયાસ કરવો પડતો નથી. સ્વતઃ એ શક્તિઓનું સહજ પ્રવર્તન થયા કરે છે; આ પણ એક આશ્ચર્ય છે.

**વિવેચનઃ** પ્રભુના અસંખ્ય આત્મપ્રદેશે રહેલા અનંત ગુણોમાં કોઈ દ્રવ્યકર્મ (૧૫૮ કર્મપ્રકૃતિ), ભાવકર્મ-રાગાદિ મલિનતા, નોકર્મ-શરીરાદિ પર પુદ્ગલના જોડાણ સ્વરૂપ અશુદ્ધતા રહી નથી. માટે હે પ્રભો! આપ પરમ શુદ્ધ છો.

આપણે પણ આવા જ શુદ્ધ છીએ એવી દઢતર શ્રદ્ધા કરીને તીક્ષ્ણ, એકાગ્ર અને ધારદાર પ્રયત્ન વડે સાધક દશામાં જે વિભાવ પરિણમન થઈ રહ્યું છે તેનાથી મુક્ત થવાનું છે. વિભાવ પરિણમનથી આત્માને અળગો રાખવાનો છે. પ્રભુ કૃપાથી આ કાર્ય થશે પણ આપણી સ્વભાવ પરિણમન તરફની સન્મુખતા અનિવાર્યપણે જરૂરી છે.

વળી શુદ્ધતા વિશેષણ મુકવાથી પ્રભુ પણ પહેલા અનાદિકાળથી અશુદ્ધ હતા અને ગુણસ્થાનકની પરિણતિ દ્વારા તેઓ સર્વનયથી શુદ્ધ બની ગયા છે; આ વાત જણાવાઈ છે. અને તેથી અન્ય દર્શન માન્ય અનાદિ સિદ્ધ, અનાદિ મુક્ત, કોઈ ઈશ્વર તત્ત્વ છે તે વાતનું નિરસન (ખંડન) થઈ જાય છે. કોઈ આત્મા અનાદિથી શુદ્ધ નથી.

સાધકને સતત ખ્યાલ રહે કે પારિણામિક ભાવે રહેલી મારી અનાદિ સત્તાગત શુદ્ધતાને મારે પ્રગટ કરીને અનુભવવાની છે. તે માટે વિભાવ દશાને ખંખેરીને ક્ષાયિક ભાવે તે શુદ્ધતાને પ્રગટ કરવાની છે. આ ખ્યાલ નિરંતર રહેવાથી સાધકદશામાં ઉપયોગ પકડાયેલો રહે છે, અને અશુદ્ધતાના અનુભવને પ્રયત્નપૂર્વક ખંખેરવાની સાધકદશામાં જાગૃતિ આપે છે.

**સાધકે પોતાના અશુદ્ધતાના અનુભવને વિભાવમાં, અનિત્યતામાં, દુઃખમાં, પરિણામ પામતો જોઈ સત્વરે અટકવાનું છે. ઉપયોગની જાગૃતિ એ જ તરણોપાય છે અને તે માટે સાધ્યનું આકર્ષણ એ ચાલક બળ બની રહેશે.**



સાધ્ય એવી શુદ્ધતાના લક્ષ્યે અનુષ્ઠાન તદ્હેતુ બને છે અને તેમાં ભાવની પૂર્ણતાથી અમૃત અનુષ્ઠાન બને છે. આ સાધ્ય-સાધન દાવ (ઉપાય) વિનાની બધી ક્રિયા; વિષ, ગરલ અને સંમૂર્છિમ અનુષ્ઠાન બની રહે છે.

પ્રભુની શુદ્ધતાના આલંબને સાધકે પોતાની શુદ્ધતા સાથે અપૂર્વ તાલમેળ કરવાનો છે. સાધકની પ્રત્યેક ક્રિયામાં શુદ્ધતાની અલપઝલપ (ઝાંખી) પણ આવવી જરૂરી છે; એના બળે જ સંપૂર્ણ શુદ્ધતા મળશે.

આ જ વાત 'સિદ્ધાણં બુદ્ધાણં'માં પરંપરગયાણં શબ્દથી બતાવી છે. પ્રભુ પણ પહેલા ગુણઠાણાથી સીધા ચૌદમાં ગુણઠાણાએ નથી પહોંચ્યા પણ ગુણસ્થાનક ક્રમારોહણથી મોક્ષે પધાર્યા છે. આપણે પ્રતિસમયની આપણી પરિણતિને ગુરુનિશ્રિત જાગૃતિના બળે તપાસવાની છે.

વસ્તનું સ્વભાવ પરિણમન, તેની જ મુખ્યતા છે.પરિણમનની અપેક્ષાએ તો બધા જ દ્રવ્યો પરિણામી છે પરંતુ જીવદ્રવ્ય કર્તૃત્વભાવે પરિણામી છે એટલે ભાવ અશુદ્ધતાના કારણે વિભાવનું પરિણમન હતું. હવે પ્રભુની શુદ્ધતાનું આલંબન લઈ બાધકચક્રને બદલી સાધકે કારકચક્રમાં પ્રવર્તન કરવાનું છે, જેની ફળશ્રુતિ સ્વરૂપે સહજ પ્રવર્તન પ્રાપ્ત થાય. **કોઈ પણ વસ્તુને જોયા પછી આશ્ચર્ય ન લાગે, નવીનતા ન લાગે તો ઉપયોગ પલટાય નહિ. બીજાથી પ્રભાવિત થઈ જઈએ તો આપણને આપણી અનંત શક્તિનો વિશ્વાસ નથી એમ કહેવાય. નવ્યતા લાગે એટલે ઉપયોગ પલટાય અને પલટાય માટે નીચે પડવાપણું છે.** ૧૧ મે ગુણઠાણે ઉપયોગ પલટાય છે માટે નીચે પડે છે. બારમે પલટાતો નથી પણ ઘનીભૂત બને છે માટે તેરમે જાય છે. હકીકતમાં કાંઈ જ નવું નથી. શક્તિ આપણામાં પણ છે. આપણે

તેને પ્રગટ કરી શકીએ છીએ.

શરીર અને આત્મા બે ભેગા થયા એ સંકર (અશુદ્ધતા) દોષ નથી. પણ બે ભેગા થવાથી 'હું શરીર છું' એવી માન્યતા ઉભી થઈ એ અશુદ્ધતા છે. પહેલે ગુણઠાણે માન્યતાનો સંકર દોષ છે કારણકે સંવેદનને પોતાનું માને છે. આ જ્ઞાતા-જ્ઞેય સંકર દોષ છે. ચોથે ગુણઠાણે ઉપયોગ સ્વસંવેદન સાથે-શુદ્ધ પરિણતિ સાથે જોડાઈને સમવસરણનો મહિમા આવે તે ચારિત્રનો ભોક્તા-ભોગ્ય સંકરદોષ છે પણ જ્ઞાતા-જ્ઞેયનો સંકર દોષ નથી.

**જ્ઞાન જેટલું નિર્મળ અને સ્થિર થાય તેટલી જ્ઞાનની તાકાત વધે. પરને જાણવામાં કદી બંધ ન થાય પણ જાણ્યા પછી વિકલ્પ ઉભો થાય તો બંધ થાય.**

**જે જણાય તેને પોતાનું નહિ માનવાનું. તેનો મહિમા કાઢી નાંખવાનો.** વિષયના આનંદ અને સ્વભાવના આનંદ વચ્ચે ત્યાગ-તપ અને સંયમના નિરતિચાર પાલનરૂપ આનંદ છે.

અપ્રમત્તાવસ્થામાં આયુષ્યનો બંધ ન પડે કારણ કે જીવ શુદ્ધોપયોગમાં હોય છે. જ્યારે જ્યારે શુદ્ધોપયોગમાં હોય ત્યારે આયુષ્યનો બંધ ન પડે પછી ચોથે હોય તો પણ, સરાગ સંયમી દેવલોકમાં જાય છે. છટ્ઠેથી ચોથે જાય છે. કારણ કે તે સ્વરૂપમાં ટકી શકતો નથી અને શ્રેણી માંડતો નથી માટે સંયમની સાથે જે રાગ રહ્યો છે તે દેવલોકમાં લઈ જાય છે.

મહાવ્રત પાલન, ત્યાગ, વૈરાગ્ય ધર્મ જીવમાં હોવા જોઈએ, એ ન હોય તો ન ચાલે પણ તે ત્યાગ, વૈરાગ્ય એ આત્મા નથી. અધ્યાત્મમાં ત્યાગ - વૈરાગ્યને સ્વપ્નમાં પણ ધર્મ ન માનવો કારણ કે એ તો મન-વચન-કાયાનો વ્યવહાર છે. એ તો સાધન છે. એ આત્માનું સ્વરૂપ નથી. એ બહારનું આચરણ છે. આત્માનો વ્યવહાર નથી. ત્યાગ, વિરાગને જ ધર્મ માનશો અને



આત્માના જ્ઞાન-ધ્યાનને ભૂલી જશો તો ત્રણે કાળમાં સમ્યગ્ દર્શન નહિ થાય. એ ન ભૂલવું કે ત્યાગ-વૈરાગ્ય નિષેધાત્મક ધર્મ છે જ્યારે જ્ઞાન-ધ્યાન વિધેયાત્મક ધર્મ છે.

દૃષ્ટિમાં સમત્વ લાવો - શ્રદ્ધા લાવો પછી જ આગળ વધાશે. દૃષ્ટિમાં જ્યાં સુધી ભેદ હશે ત્યાં સુધી ત્યાગ માર્ગ જેવો જોઈએ તેવો ઉપયોગી નહિ થાય.

હોટલ પણ પર છે ઉપાશ્રય પણ પર છે.

તલવાર પણ પર છે અને ઓઘો પણ પર છે.

ત્રિકાળી ધ્રુવ એ જ સ્વ બાકી બધું પર.

આ રીતે માન્યતામાં બંને પર છે તેમાં કોઇ શંકા નથી છતાં પણ સ્વીકારવામાં વિવેક જરૂરી છે.

સ્વીકાર કરવાનો વખત આવે ત્યારે ઉપાશ્રય કે ઓઘાનો જ કરાય હોટલ કે તલવારનો તો નહિ. આટલો વિવેક કરીને જીવવાનું છે.

મન વચન અને કાયાના યોગો પુદ્ગલના છે, જડ છે પણ હોય છે જીવને. એટલે કે તેમાં એક અંશ જડ છે તો બીજો ચૈતન્ય છે. જેમ કે કાયાસ્વરૂપે ઔદારિક પુદ્ગલ સમૂહનો સ્કંધ જડ છે અને સાથે જ સંયોગ સંબંધે રહેલા આત્માના પ્રદેશો છે તે ચૈતન્ય છે.

વચનયોગ માટે ભાષા વર્ગણાના પુદ્ગલો છે તે જડ છે અને ભાષા બોલાતી વખતે આત્માનો શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તે ચૈતન્ય અંશ છે.

મનોયોગ માટે વિચારવાનું કે મનોવર્ગણાના જે પુદ્ગલોનું ગ્રહણ છે તે પુદ્ગલો જડ છે પણ મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તે ચૈતન્ય અંશ છે.

**મન, વચન, કાયાની સાધનાથી ઉપયોગમાં જે શુદ્ધિ આવે છે તે કામની છે. હા, આંશિક શુદ્ધિમાં અટકવાનું નથી.** તેને સાધન બનાવી અસાધારણ કારણના અવલંબને નિજસત્તાગત ધર્મને પૂર્ણપણે પ્રગટાવવાનો છે.

**ધ્યાનમાં ગમે તેવો આનંદ આવ્યો હોય અને કોઈ ત્યાંથી ઉઠાડે, બીજુ કામ કરવાનું કહે તે વખતે જરા પણ મન ન બગડે તો જ ધ્યાન સાચું.**

**બુદ્ધતાઃ** વળી પ્રભુને કેવળજ્ઞાન કેવળદર્શન સ્વરૂપ પૂર્ણ બોધ છે. પ્રભુ બુદ્ધ છે. તેમનામાં બુદ્ધતા રહેલી છે. સાંખ્યો પ્રકૃતિને સંપૂર્ણ જડ કહે છે. અને વળી પાછો પ્રકૃતિનો ગુણ બુદ્ધિ, વગેરે માને છે. તેનું આ વિશેષણથી નિરાકરણ થાય છે.

**દેવ પરમાત્મતા :** પ્રભુ પોતાને વિશે રમણશીલ હોવાથી દેવ કહેવાય છે. અહીં પણ બૌદ્ધો જે પ્રકારે દુઃખાભાવ સ્વરૂપ મોક્ષ માને છે કે જ્યાં સુખ નથી, તે મતનું ખંડન થયેલું જાણવું. પ્રભુ પોતાના નિર્વિકલ્પ ઉપયોગના અનંત સુખને તથા નિષ્પ્રકંપ પ્રદેશના અવ્યાબાધપણાને વેદે છે. 'દેવ' શબ્દથી આ જણાવાયું. વળી આપ પરમાત્મપણાની ઋદ્ધિને ભોગવી રહ્યા છો. પ્રભુએ બહિરાત્મદશાનો ત્યાગ કરી અંતરાત્મદશામાં સ્થિર રહી પોતાની પરમાત્મદશાને પ્રગટાવેલી હોવાથી પરમાત્મપણાના ભાવમાં ઝૂમી રહ્યા છે- ઝૂલી રહ્યા છે અનંત આનંદ વેદનને માણી રહ્યા છે.

પ્રભુએ સાડા બાર વર્ષની ઘોર સાધના કરી છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં વર્તતા તેઓએ છ એ દ્રવ્યો તેમજ તેના ગુણપર્યાયોના સ્વરૂપનું ચિંતન કર્યું છે. આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, અને સંસ્થાન વિચયના સ્વરૂપનું ચિંતન, મનન, નિદિધ્યાસન કર્યું અને પછી જ્યારે શુક્લ ધ્યાનની ધારામાં પ્રભુ પ્રવેશ્યા ત્યારે દ્રવ્ય-ગુણ પર્યાયના સૂક્ષ્મ ચિંતનથી અવલોકનની પ્રક્રિયા ત્યાં આપોઆપ આરંભાઇ જાય એવી સ્થિતિ હતી.



અધ્યાત્મના શબ્દો ઘણા સારા હોય છે. બોલીએ તો મઝા આવે તેવા હોય છે પણ તેને જો ફોડવામાં-તોડવામાં આવે તો ભીતરમાંથી સ્વરૂપનો રસ પ્રગટે છે.

શાસ્ત્રોને મર્યાદા હોય છે. અનુભવને કદાપિ મર્યાદા હોતી નથી. જો આપણો ઉપયોગ નિરંતર જ્ઞાન સ્વરૂપને વળગેલો રહે તો પછી ક્રમબદ્ધ પર્યાય શું છે તે બોલવાની જરૂર રહેતી નથી. Automatic તે સમજાઇ જાય તેમ હોય છે અને પછીથી કશું જ કરવાનું રહેતું નથી. **નહિ કરવાપણું એ જ મોટામાં મોટું કરવાપણું છે અને તે પહેલાંનું જે કાંઈ કરવાપણું ગુણારોહણાદિ સ્વરૂપ છે તે ન કરવાપણારૂપ અક્રિયતાના શિખરે પહોંચવાની યાત્રારૂપ છે.**

અધ્યાત્મમાં કાંઇક કરવું તેને પુરુષાર્થ કહ્યો નથી, તે તો ક્રિયા છે અને તે તો યોગ જન્ય છે. જે વસ્તુ જેવી છે તેનો સહજ સ્વીકાર કરતાં અંદરમાં સમાઇ જવાપણું, શાંત થઇ જવાપણું, સ્થિર થઇ જવાપણું, સ્વરૂપમાં ગુપ્ત થઇ જવાપણું તે જ પુરુષાર્થ છે અથવા તો કહો કે પુરુષાર્થનું ફળ છે. અનંત ગુણોનું અભેદતયા પૂર્ણપણે પરિણમન તે જ સમ્યૂક પુરુષાર્થ છે અને તે જ સમ્યૂક પુરુષાર્થનું ફળ પણ છે.

કેવળી ભગવાનને કેવળજ્ઞાન અનુસાર તત્ત્વાર્થની યથાર્થ પ્રતીતિ હોય છે જ્યારે છદ્‌મસ્થ સમ્યક્‌દૃષ્ટિને શ્રુતજ્ઞાન અનુસાર તત્વાર્થની યથાર્થ પ્રતીતિ હોય છે. બન્નેની પ્રતીતિ એક સરખી હોય છે. અહીં જે સામ્યતા છે તે શ્રદ્ધાગુણની અપેક્ષાએ જ સરખી સમજવી. આ ભેદ લક્ષમાં રાખવો કે અનુભૂતિ આત્માના

અનંતગુણોની અભેદ (એકરૂપ) પર્યાય છે. જ્યારે પ્રતીતિ એ આત્માના એક માત્ર શ્રદ્ધા ગુણની જ સમ્યક્ પર્યાય છે. આ પ્રતીતિ પૂર્ણ વીતરાગતા સાથે અવગાઢ છે અને સર્વજ્ઞતાથી પરમાવગાઢ છે. બન્ને ક્ષાયિક જ છે પણ કક્ષા ફરતા વિશેષણ ફર્યું છે. આત્માની અંશે થતી અનુભૂતિના બળે જ્ઞાની પૂર્ણ નિર્વિકલ્પ દશા તરફ આગળ વધે છે.

પહેલા દૃષ્ટિનું સમત્વ પછી ચારિત્રનું સમત્વ.

આત્માના બધા ગુણો, બધી શક્તિઓ દિવ્ય છે. તેમાં જે રમણતા કરે તે દેવ છે. સ્વરૂપમાં રમણતા તે દેવપણું છે.

કર્મના સંયોગ સાથે જે કરાય તે વ્યવહાર.

કર્મનો સંયોગ છૂટી ગયો એટલે તે પરમાત્મા.

જ્ઞાનમાંથી વિકલ્પ કાઢવા કે દૂર કરવા મહેનત કરીએ છીએ પણ જ્ઞાન તો નિર્વિકલ્પ છે. વિકલ્પ તો મનમાં છે.

દૃષ્ટિની શુદ્ધતાથી સર્વ જીવો મોક્ષે ગયા છે. કર્મ સાથેનો સંયોગ તે વ્યવહાર છે અને તે સંસાર છે.

છદ્મસ્થજીવોને ૧ થી ૩ ગુણઠાણા સુધી પર પ્રકાશક જ્ઞાન છે. સમ્યગ્ દર્શન પ્રગટે પછી સ્વ-પર પ્રકાશક જ્ઞાન છે. સિદ્ધાંત અપેક્ષાએ કેવલ જ્ઞાનમાં સ્વ અને પર બન્ને જણાય છે પણ સાધનામાં ઉપયોગને પરમાંથી કાઢવા માટે અને સ્વમાં સ્થિર કરવા માટે કહેવાય કે જ્ઞાનમાં સ્વ જ જણાય છે.

**સહજ નિજ ભાવ ભોગી** - આ પરમાત્મપણું બધા માટે સહજ છે. સ્વભાવથી અકૃત્રિમ એવા પોતાના ભાવ= જ્ઞાનાદિ અનંતધર્મના પ્રભુ ભોગી છે. તેના આસ્વાદવન્ત છે. તેમાં જ રમણતા કરનાર છે.

વળી પ્રભુ આપ **અયોગી** છો - એટલે મન-વચન-કાયાના



યોગથી રહિત છો ! જો કે ૧૪મા ગુણઠાણાવર્તી જીવો પણ અયોગી છે પણ તે કાળ પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ અતિ અલ્પકાળ છે, ત્યાં યોગક્રિયાના અભાવ-સ્વરૂપ અયોગીપણું છે જ્યારે સુમતિનાથ પરમાત્માને તો યોગના અભાવ-સ્વરૂપ અયોગીપણું છે. પોતાના અનંત આનંદને પ્રતિસમય પૂર્ણતાથી ભોગવી રહ્યા હોવા છતાં પ્રભુ અયોગી છે.

વળી ક્ષયોપશમી વીર્યના અનુસારે ચાલવું તે પણ યોગ છે. ભાષા વર્ગણા, શરીર વર્ગણા અને મનોવર્ગણાનો જ્યાં ટેકો લેવાનો છે તે દ્રવ્ય યોગ છે અને આ ટેકો લેવા માટેનો જે વીર્ય પરિણામ છે તે ભાવયોગ છે, તેની ત્રણ શક્તિ છે. પહેલી પરિણમન, બીજી અવલંબન, ત્રીજી ગ્રહણ. આ ત્રણે શક્તિ તે ભાવયોગ છે, હે પ્રભો ! આપ બન્ને યોગથી રહિત છો. યોગ તે આશ્રવ છે અને સિદ્ધ ભગવાન તો યોગરહિત હોવાથી સંપૂર્ણ સંવરમયી છે.

વીર્યનું પદાર્થ પ્રત્યે અભિમુખ થવું તે વીર્યનું પરિણમન છે. પછી એ વીર્યનું અવલંબન લે અને પદાર્થને ગ્રહણ કરે એટલે કાર્ય થાય. પ્રદેશોનું કંપાયમાન થવું - ચલિત થવું એ દ્રવ્યયોગ છે અને પ્રદેશોમાં ચલિત થવાની જે શક્તિ છે, તે નિમિત્ત છે. તે ચલશક્તિને નિમિત્ત બનાવીને મન-વચન-કાયા કાર્ય કરે છે તે નૈમિત્તિક છે. વળી પાછી મન-વચન-કાયાને નિમિત્ત બનાવીને ચલશક્તિ કાર્ય કરે ત્યારે ચલશક્તિ નૈમિત્તિક બને છે. બહારમાં જે કાર્ય થાય છે તે દ્રવ્ય યોગ છે અને તેમાં જે વીર્યશક્તિ પદાર્થ ગ્રહણરૂપે પ્રવર્તે તે ભાવયોગ છે.

વીર્યની સ્થિર રહેવાની શક્તિને અચલ કહેવાય છે, તે તેનો સ્વભાવ છે. સિદ્ધ અવસ્થામાં અચલ-અપ્રયાસી વીર્ય હોય છે.

૭મે ગુણઠાણે વીર્ય તો ઉપયોગને સ્થિર થવામાં મદદ કરે છે.

વીર્યનો સ્વભાવ સ્થિર થવાનો અને કર્મનો-કષાયનો સ્વભાવ વીર્યને ચલિત કરવાનો છે. ઉપયોગનું પલટાવું એ જ કષાયની ઉત્પત્તિ છે. જ્યાં સુધી ઘાતીકર્મ છે ત્યાં સુધી ઉપયોગ પલટાય છે બહારનું આકર્ષણ આપણને છે માટે ઉપયોગ વીર્ય સ્થિર થતું નથી.

જ્યાં સુધી જીવને કોઈને કોઈ પ્રયોજન છે ત્યાં સુધી ઉપયોગ અંદર ન જાય. કર્મના ઉદયના ધક્કામાં જીવ ભળે ત્યારે ૭મેથી છઠ્ઠે આવે છે. વળી સાવધાની આવતા ફરી પાછો છઠ્ઠેથી સાતમે જાય છે. પ્રયોજન વગર કર્મો જીવને બહાર ન રાખી શકે.

દેશોનક્રોડપૂર્વ વર્ષનું ચારિત્ર મુનિને નિરતિચાર હોય છે તે છઠ્ઠા-સાતમા ગુણઠાણાનું ભેગું મળીને પ્રવર્તન આશ્રિત ચારિત્ર છે જેમાં મન-વચન-કાયાના યોગોનું પ્રવર્તન હોય છે પરંતુ એકલું સાતમા ગુણઠાણાનું ચારિત્ર કે જે પરિણામ આશ્રિત છે - નિર્વિકલ્પ ઉપયોગ સ્વરૂપ છે; તે તો અંતર્મુહુર્ત જ છે.

પૂર્વમાં પરિણમન, અવલંબન અને ગ્રહણની જે વિચારણા કરી તે વીર્યને આશ્રયિને છે. જ્યારે પદાર્થને આશ્રયિને વિચારીએ તો પહેલા પુદ્‌ગલનું ગ્રહણ છે પછી પરિણમન છે અને પછી તેને છોડવારૂપ વ્યવહાર છે તે ત્યાગ સ્વરૂપ છે જેનાથી કાર્ય થાય છે.

ભક્તિ અને ધ્યાનમાં જીવને પરમાત્માને મેળવવાની તલપ હોય છે તે વ્યવહારથી છે એમ સમજીને નિશ્ચયથી તો પોતાના સ્વરૂપને જ જોવાની તલપ કેળવવાની છે. વ્યવહારમાં ઈચ્છાપૂર્વક-પ્રશસ્ત કષાય છે માટે ઈચ્છાપૂર્વક પાછા ફરવાનું છે.

**સ્વ-પર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી :** એવા પ્રભુ છે સ્વ=પોતાનું આત્મતત્વ તેના ઉપયોગી એટલે જાણનારા છે તથા સર્વ પુદ્‌ગલ તથા ધર્મ-અધર્મ આકાશ અને કાલ તે સર્વના જાણનારા છે એટલે કે સ્વ તથા પર એ બેના જાણનારા છે. પણ



તાદાત્મ્ય કહેતા તન્મયભાવે તો પોતાનો જે સત્તાધર્મ = આત્મધર્મ તેના જ રસિયા છો. તેના જ આસ્વાદી છો એટલે હે પ્રભો ! આપ જાણંગરીતીએ વીતરાગપણે જાણનાર સ્વ તથા પર બેના છો પણ ભોગી તો આત્મધર્મના જ છો. કારણ કે પરભાવ મધ્યે ભોગધર્મ નથી. માટે આત્મા પરભાવનો ભોગી નથી. સ્વક્ષેત્રી ધર્મ જ ભોગવાય. પરક્ષેત્રે પ્રકાશન છે તથા સ્વક્ષેત્રે વેદન છે.

જીવ માટે આ બહુ મોટી શિખામણ, પ્રેરણા તથા તાળો છે. આપણે જ્યારે પુદ્‌ગલને, શરીરને, ઈન્દ્રિયોને, વિષયોને ભોગવવાનો અહેસાસ કરીએ છીએ ત્યારે પણ હકીકતમાં તો આપણે તે તે વિષયોના ક્ષયોપશમને જાણતા હોઈએ છીએ. પણ દેહાધ્યાસથી, અજ્ઞાનથી, મિથ્યાત્વથી તે જ્ઞાનનો તે તે પુદ્‌ગલમાં આરોપ કરતા હોઈએ છીએ. હકીકતમાં પુદ્‌ગલના વર્ણાદિ પર હોવાથી જીવ તેને અનુભવી શક્તો નથી. ગુલાબજાંબુ ખાધા ત્યારે હકીકતમાં તો આપણે તેના મધુર સ્વાદને રસનેન્દ્રિયના ક્ષયોપશમના માધ્યમે જાણયો છે પણ પછી મોહનીયના ઉદયે તેમાં શુભ-અશુભ-રતિ-અરતિ, રાગ દ્વેષના વિભાવ પર્યાયો ભળે છે. તે વિકૃતિ છે અને તેથી આપણને ભ્રમ થાય છે કે પુદ્‌ગલના રસાદિને ભોગવ્યા - હકીકતમાં તો તે ઉપચાર છે.

સિદ્ધ અવસ્થાની તાદાત્મ્ય સત્તા ક્ષાયિક ભાવે ભોગવાય છે. પરની સત્તાને ભોગવી શકાતી નથી. ક્ષયોપશમભાવમાં તેમજ ઔદિયક ભાવમાં કર્મની સત્તાનો અનુભવ થાય છે. ત્યારે તે જ્ઞાનની વિકૃતિ અજ્ઞાનને ભોગવે છે. ટૂંકમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણપર્યાયોને જાણી શકે છે પણ ક્યારેય ભોગવી શક્તો નથી. આ સિદ્ધાંત જો આત્મસાત્ થઇ જાય તો પુદ્‌ગલનું આકર્ષણ સહેલાયથી છૂટી શકે.

**શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી :** હે પ્રભો ! આપની જે શક્તિ

અનંત છે તે સંસારી જીવની બધી દબાઈ ગઈ છે. આપે તો સાધ્ય-સાધનદાવને (ઉપાયને) આદરી ઉત્તમ સાધક બની સર્વ કર્મસમુહનો નાશ કર્યો છે અને તેથી સર્વશક્તિનું પ્રગટીકરણ થયું છે. તે સર્વ શક્તિઓ - ગુણોનું આપને સહજભાવે પરિણમન ચાલુ છે.

કર્તૃત્ત્વ, ભોક્તૃત્વ, જ્ઞાયકત્વ, પારિણામિકત્વ, ગ્રાહકત્વ, આધારત્વાદિ સર્વ શક્તિ પ્રવર્તી રહી છે. કોઈ પણ શક્તિ અણપ્રવર્તી રહેતી નથી છતાં પણ શક્તિ પોતાની મૌલિક હોવાના કારણે કોઈ પ્રયાસ, ઉદ્યમ કે વિકલ્પ કરવો પડતો નથી એટલે સર્વશક્તિ સહજ પ્રવર્તે છે માટે વીર્યનું પ્રવર્તન હોવા છતાં પોતે અપ્રયોગી છે. અનંતા ગુણો પરસ્પરને સહાયક બની સહજપણે, સુમેળપણે (Harmonious) પ્રવર્તી રહ્યા છે.

**ભેદજ્ઞાન પ્રગટાવવું હોય તો જે ભાવ આવે છે તેને પલટાવવાની ઈચ્છા ન રાખો. છ મહિના સુધી ક્રોધ આવે તો ક્રોધને જોયા કરો. ક્ષમા આવે તો ક્ષમાને જોયા કરો. સાધનામાં પ્રવેશ કરીએ ત્યારથી ઈચ્છા કે પ્રયત્ન નથી કરવાનો. માત્ર જોવાનો જ સ્વભાવ કેળવવાનો છે. હું જોઉ છું એવો ભાવ પણ રાખવાનો નથી.**

**જ્યારે સાધનામાંથી બહાર આવીએ - વ્યવહારમાં સંયોગો વચ્ચે આવીએ ત્યારે ખોટા ભાવો પેસી ન જાય માટે ભાવનાનું આલંબન લઈ શુભભાવ ટકાવવાના છે. વ્યવહારમાં ઈચ્છાપૂર્વક શુભભાવ કરવાના પણ પ્રયોજન તો જોવાનું જ રાખવાનું છે. સાધનામાં જે કરવાના ભાવ આવે તેને પણ જોવાના. જોવાથી એકાગ્રતા વધે. કરવાના ભાવથી ધ્યાનમાં બેઠો છે પણ જોવાની શરૂઆત થઈ તેને ધ્યાન થાય.**

ક્ષપક શ્રેણીમાં ઉપયોગ, સ્વરૂપનો આશ્રય લઈને તીવ્ર-



તીવ્રતર બનીને ઊંડો ઉતરી રહ્યો છે તે વખતે યોગ સંક્રમણ અને સૂત્ર-અર્થનું સંક્રમણ હોવા છતાં તે પડખે રહી જાય છે, બાજુમાં ચાલ્યા કરે છે, જેની તેને ખબર પણ નથી. માત્ર કેવળજ્ઞાની પોતાના જ્ઞાનથી તે જાણે છે. ઉપયોગ સ્વરૂપમાં ઘન થતો હોવા છતાં પડખે યોગોનું સંક્રમણ પહેલા પાયામાં ચાલુ રહે છે તો ત્યાં યથાખ્યાત ચારિત્ર આવતું નથી. **આટલી બધી સંગની અસર છે એટલે ત્યાં કેવળજ્ઞાન પણ નથી.**

**રુપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પર ક્ષેત્રી છે તેને ભોગવી શકાતા નથી. જ્યારે સાધ્ય પુદ્‌ગલ બને છે ત્યારે શક્તિ દબાય છે. સાધ્ય પોતાના ગુણો બને ત્યારે શક્તિ ઉઘડે છે. વીતરાગતાને આંખ સામે રાખીને મોક્ષમાર્ગમાં ચાલવાનું છે.**

**પરમાત્માની અનંતી શક્તિ ખીલી ગઈ છે. એટલે ગુણોમાં સંપૂર્ણ વીર્યનું પ્રવર્તન છે. એટલે અનંત ગુણોનો ભોગ-ઉપભોગ છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ બધું એક જ કાળમાં સાથે જ ચાલ્યા કરે છે. આત્મા આત્માને ગુણોનું જ દાન આપી શકે.ગુણો જ ભોગવી શકાય. દાયકતા અને ગ્રાહકતા ગુણોની જ છે. વીર્ય અપ્રયાસી છે. જ્ઞાન શક્તિ જ્ઞાતા સ્વભાવમાં રાખનારી છે. ભોક્તૃત્વશક્તિ ક્ષાયિક સુખને ભોગવનારી છે. પારિણામિક શક્તિ નિરંતર નિરાકુલ ચેતનારૂપે પરિણમનારી છે. ગ્રાહકત્વ શક્તિ નિરંતર શુદ્ધ ચિદ્રુપને ગ્રહણ કરાવે છે. આધારત્વ શક્તિ અનંતસુખને આધેય બનાવે છે.**

**તેની સામે આપણી કર્તૃત્ત્વ શક્તિ બાહ્ય પુદ્‌ગલને કરે છે અંતરંગ વિભાવને કરે છે. જ્ઞાન શક્તિ પ્રતિસમય પરને જ જોવા-જાણવામાં રહે છે. પારિણામિક શક્તિ પ્રતિસમયે વિભાવ ભાવોમાં જઈ આકુળતા-વ્યાકુળતારૂપે પરિણમે છે. ગ્રાહકત્વ શક્તિ પુદ્‌ગલ ગ્રહણમાં અને અંતરંગ કષાય ગ્રહણમાં પ્રવર્તે છે.**

આધારત્વ શક્તિ દેહને આધાર બનાવી નામ અને રૂપ-સ્વરૂપે પરિણમે છે, ધનને આધાર બનાવી, અર્થમાં અને કામને આધાર બનાવી ભોગમાં પ્રવર્તે છે. વીર્ય પૌદ્‌ગલિક ક્રિયામાં અને પૌદ્‌ગલિક ભાવમાં વેડફાઈ રહ્યું છે. આ રીતે પર-રમણતામાં જીવનો અનંતકાળ વેડફાઇ રહ્યો છે. તેમાંથી પાછા ફરી આત્મ-રમણતા કેળવવાનો પુરુષાર્થ કરવાનો છે.



**वस्तु निज परिणतें सर्व परिणामिकी,**
**एटले कोई प्रभुता न पामें ।**
**करे जाणे रमे अनुभवे ते प्रभु,**
**तत्त्व सामिल शुचि तत्त्व धामें ।।**
**अहो.।।५।।**

**અર્થ :-** દરેક દ્રવ્યો પોતાની પરિણતિ એટલે પોતાના સ્વધર્મમાં પરિણામ પામી રહ્યા છે એટલા માત્રથી તે સર્વ દ્રવ્યો પ્રભુતા-મહાનતા પામતાં નથી. પરંતુ 'કરે'- જે પોતાના સ્વભાવના કર્તા હોય, વસ્તુ માત્રના જ્ઞાતા હોય, સ્વગુણોમાં રમણતા કરનારા હોય, આત્મ સ્વભાવનો અનુભવ કરનારા હોય તેમજ વસ્તુ સ્વભાવના સ્વામી હોય તથા સિદ્ધતાનું ધામ હોય તે જ પરમેશ્વર કહેવાય છે.

**વિવેચન :-** અનાદિકાળથી દરેક દ્રવ્યો પોતાના ગુણ-પર્યાય મધ્યે સહજપણે પરિણામ પામી જ રહ્યા છે. પણ એટલા માત્રથી તે પ્રભુતા-પરમેશ્વરપણું પામતા નથી તો પછી જીવ દ્રવ્યમાં એવી શું વિશેષતા છે કે જેને કારણે તમે જીવ દ્રવ્યને જ પરમાત્મા કહો છો ?

તેનું સમાધાન કરે છે કે તમારી વાત સાચી છે કે

નિત્યાનિત્યાદિક ધર્મો તો દરેક દ્રવ્યમાં છે એટલે જીવાદિ સર્વ દ્રવ્યો પોતાની સ્યાદ્‌વાદ પરિણતિએ પરિણામી છે. સર્વ દ્રવ્યો સાધારણ ધર્મી છે માટે તેમાં કોઈ અધિકાઈ આવતી નથી કે જેથી તે પરમેશ્વરપણું પામે છતાં જીવની વિશેષતા કર્તૃત્ત્વ, જ્ઞાતૃત્વ, ભોક્તૃત્વ, અનુભવત્વ, વગેરે ધર્મોથી છે એ નિર્વિવાદ છે.

**જીવદ્રવ્યની વિશેષતા એટલે કે મૌલિકતા** (૧) જીવ દ્રવ્ય સિવાયના બીજા દ્રવ્યોનું પરિણમન પ્રદેશે પ્રદેશે ભિન્ન ભિન્ન છે. એટલે એક પ્રદેશને બીજા પ્રદેશની સહાય એમ એકઠું પરિણમન નથી. જીવ દ્રવ્યને પ્રદેશે પ્રદેશે અનંત ધર્મ છે અને તે તે પ્રદેશે રહ્યા પ્રવૃત્તિ કરે છે. પણ તે સર્વ પ્રદેશે સમુદાયરૂપે મળીને એકઠું પ્રવર્તન કરે છે એટલે સર્વાત્મપ્રદેશે થતું આનંદવેદન અભિન્નપણે-એકપણે અનુભવાય છે. જ્યારે બીજા દ્રવ્યમાં તે તે પ્રદેશનું પરિણમનરૂપ કાર્ય જુદુ જુદુ હોય છે જેમ કે જીવ જે સ્થળે રહીને ગતિ કરે છે તે સ્થળે રહેલ ધર્માસ્તિકાય ગતિમાં સહાયક થવારૂપ કાર્ય કરે છે. જ્યારે અન્ય સ્થળે ગતિ કરનાર જીવને અન્ય સ્થળે રહેલ ધર્માસ્તિકાય ગતિમાં સહાયક થવારૂપ કાર્ય કરે છે. આમ અન્ય દ્રવ્યને વિશે ધર્માસ્તિકાયાદિનું ગતિસહાયકતાદિમાં નિમિત્ત બનવારૂપ પરિણમન કાર્ય જુદુ જુદુ હોય છે. જ્યારે જીવદ્રવ્યનું અસંખ્યપ્રદેશ મળીને એકઠું એક અભિન્ન પરિણમનરૂપ જાણવા વગેરેનું કાર્ય છે માટે જીવદ્રવ્ય સ્વતંત્ર કર્તા છે અને આ કર્તાપણું તે ઐશ્વર્યતા છે - પ્રભુતા છે.

(૨) વળી અજીવ દ્રવ્ય મધ્યે પણ અનંત ગુણ અને અનંત-પર્યાય છે પણ તે દ્રવ્યો પોતાના ગુણ કે પર્યાયને જાણતા નથી જ્યારે આત્મા પોતાના જ્ઞાનાદિ અનંત ગુણોને જાણે છે. વળી અનંતા પર દ્રવ્યો અને તેના કરતા પણ અનંતગુણ પર ગુણો, તે સર્વને જાણે છે માટે જાણપણું એ દરેક જીવનો સાધારણ ધર્મ



છે. આ જ્ઞાયક્તા, જ્ઞાતૃત્વ એ ઐશ્વર્યતા છે - પ્રભુતા છે.

(૩) વળી આત્મા સ્વચારિત્ર ગુણે કરી પોતાના ગુણ વિશે રમે છે અને અજીવ દ્રવ્યો તે સ્વધર્મે રમી શકતા નથી. આ ભોગધર્મ અજીવ દ્રવ્યમાં નથી. માટે ભોગધર્મવાળું દ્રવ્ય સમર્થ કહેવાય. તેમાં પણ સંસારી જીવો અશુદ્ધ ભોગી એટલે કે વિભાવ દશાથી યુક્ત હોવાથી ઈશ્વર બની શકતા નથી. પરંતુ જે આત્માઓ સુમતિનાથ પ્રભુની જેમ પોતાના અનંત ધર્મોને અંશે અંશે શુદ્ધપણે ભોગવી રહ્યા છે તેઓ ઈશ્વર બની શકે છે.

(૪) વળી આત્મા સ્વભાવ-ધર્મને ભોગવે છે તેથી સ્વરૂપાનુભવી છે માટે તે જ ઈશ્વર છે. સામાન્યથી જે કર્તા હોય તે જ ભોક્તા હોય પણ જે કર્તા નથી તે જ્ઞાતા પણ નથી અને ભોક્તા પણ નથી. તેથી અનુભવ ધર્મ આત્માને વિશે જ છે. માટે જે કર્તા, જ્ઞાતા, ચારિત્રવંત ભોક્તા છે તેમને પ્રભુ પરમેશ્વર જાણવા.

અન્ય દર્શનીયો પરમેશ્વરને અકર્તા કહે છે તે પણ મિથ્યા છે કેમકે પરમેશ્વર તો સકલ કર્મના ક્ષયથી નિષ્કર્મા બનેલા છે અને આવા જે હોય તે સ્વભાવના કર્તા અને ભોક્તા હોય.

હા, અન્ય દર્શનીયો પરમેશ્વરને સૃષ્ટિના સર્જનના અકર્તા કહેતા હોય તો તે અમને મંજૂર છે. પ્રભુએ સૃષ્ટિનું સર્જન નથી કર્યું પણ સૃષ્ટિ જેવી છે તેવી બતાવી છે.

સર્વ સંસારી જીવો સત્તાએ પરમગુણી છે પણ તેટલા માત્રથી તે પરમેશ્વર નથી કહેવાતા. પણ **'તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે'** તત્ત્વ=વસ્તુનો મૂલધર્મ તેનું સ્વામિપણું તે પરમેશ્વરપણું તથા (શુચિ)=પવિત્ર કર્મ રહિત નિર્મલ તત્ત્વ સિદ્ધતાનું (ધામ) ઘર તે નિષ્પન્ન સિદ્ધાવસ્થા તે જ પરમેશ્વરપણું છે. જેના સર્વ ગુણો પૂર્ણપણે પર્યાયમાં પ્રગટી ગયા તે જ પરમાત્મા જાણવા. બાકી

સર્વ સંસારી જીવ, સત્તાએ પરમગુણી છે, પણ જેના ગુણ પ્રગટ થયા તે પૂજ્ય જાણવા.

આત્મા જેટલા જેટલા અંશે નિરૂપાધિક બને તેટલા તેટલા અંશે તેનો આત્મધર્મ પ્રગટ થાય છે. ચોથાથી માંડીને બારમા સુધી સાધના છે. મોક્ષમાર્ગ છે. પછી તો જીવ અરિહંત બનતા સાકાર પરમાત્મા બને છે અને સિદ્ધ બનતા નિરાકાર પરમાત્મા થાય છે. સિદ્ધ પરમાત્મા બનવા માટે સાધકે નિરુપાધિક બનવાનું છે.

ચેતનાના આધારપર જ ચેતનદ્રવ્યમાં કરવાપણું, જાણવાપણું, રમવાપણું ઘટી શકે છે. બીજા દ્રવ્યોમાં તે નથી માટે ચેતન દ્રવ્ય જ પ્રભુતા પામી શકે. બીજા દ્રવ્યો નહિ, આ માટે ગજસુકુમારનું દૃષ્ટાંત વિચારવું કે દીક્ષા લઈને તે જ દિવસે પ્રભુની આજ્ઞા લઈ સ્મશાનમાં ગયા અને ત્યાં સસરા સોમિલે ઉપસર્ગ કર્યો ત્યારે તેઓએ ભાવનાથી ભાવિત બનીને, ઉપયોગને દેહ ઉપરથી હઠાવી આત્મા ઉપર સ્થાપ્યો. તો ઉપયોગ સઘન બનતા ક્ષપકશ્રેણી પ્રગટી સર્વ કર્મો ભસ્મીભૂત થયા. પોતાના સ્વગુણ-પર્યાયના પોતે કર્તા થયા. ઉપસર્ગના તેમજ અન્ય સર્વ દ્રવ્યના જ્ઞાતા થયા. સ્વરૂપના કર્તા થયા માટે સ્વગુણ પર્યાયના અર્થાત્ સ્વરૂપના ભોક્તા બન્યા, અનંત આનંદવેદનમાં રમણતા કરનારા થયા અને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા એટલે નિરાકારી બન્યા, સિદ્ધ થયા, અવ્યાબાધપણાને પામ્યા.

સિદ્ધ પરમાત્માનું કર્તૃત્ત્વ સ્વભાવદશાનું છે માટે વિભાવદશાનું તેમને અકર્તૃત્વ છે. પોતાના વીતરાગભાવે પ્રગટેલા અનંતગુણોમાં રમણતા કરવી તે જ યથાખ્યાત ચારિત્ર છે. તે જ તપ છે. આત્મા પર રહેલા કર્મોનો અપુનર્ભાવે વિયોગ કરવો તે જ મોક્ષ છે. તે જ પવિત્રતા છે.

જડ અને ચેતનના સંયોગને કારણે અનંતકાળથી ચાલી રહેલા



સંસારનો અંત લાવવાનો છે. તે માટે ચેતનને ચેતનસ્વરૂપે ઓળખી જડથી જુદો તારવી અનુભવવો એ આપણું કર્તવ્ય છે.

નિર્વિકલ્પ પરિણમનમાં એટલે શુદ્ધ ઉપયોગમય દશામાં આત્મા પોતે પોતાને જેવો છે તેવો અનુભવપૂર્વક જાણે છે. છઠ્ઠે ગુણઠાણે સ્વસંવેદનની રમણતા છે. જ્યારે સાતમાથી ઠેઠ આગળ આગળના ગુણઠાણા સુધી શુદ્ધ ઉપયોગ છે એટલે આત્મરમણતા છે. આ જ તત્ત્વનું સ્વામીપણું છે.

નિર્ણય કરવા માટે પરમ પારિણામિકભાવ એ પૂજ્ય છે. અનુભવ કરવા માટે પર્યાય એ પૂજ્ય છે. સ્વસંવેદનને જે પોતાનું માનશે તે આગળ નહિ વધી શકે.

સંસારના બધા જ સંયોગો નકામા છે, કોઈ કામના નથી એ દૃઢ નિર્ણય કરવાનો છે. કોઈપણ પ્રકારનો સંગ જોઈતો નથી માટે સર્વ સંગ પરિત્યાગ કરી एगोऽहंनत्थिमे कोई... અને एगो मे सासओ अप्पा ની ગાથાથી ભાવિત બની સંવેદન કરવાનું છે. સર્વ ચીજ ઉપરથી મમતા ઉઠાવી લઈ, તેને વોસિરાવી દઈ રાત્રે સૂઈ જવાનું છે. एगोऽहं नत्थिमेकोई... ગાથામાં તો એકલો આત્મા જ રાખ્યો જ્ઞાનાદિ પણ નહિ કારણકે તેને પણ આત્મામાં સમાવી દીધા.

જ્ઞાની કહે છે કે ભાવને, તું તારા ન માન ! જ્ઞાન-દર્શનને પણ નહિ. તે બધા આત્મ દ્રવ્યમાં સમાઈ ગયા. એટલે દ્રવ્યમાં સમાઈ ગયેલ શક્તિરૂપ હું જાણનાર-જાણનાર-જ્ઞાયક સ્વરૂપ છું. સમયસારમાં આને મહામંત્ર કહ્યો તેનું રટણ દરેક કાર્યોમાં જાગૃતિપૂર્વક કરવાથી તેમજ તેનું ધ્યાન છ મહિના કરવાથી ગ્રંથિભેદ થઈ સમ્યક્ત્વ થવાની ખાત્રી આપે છે. **ગુણો બધા ભેદરૂપ છે પણ ભેદથી અભેદને સમજવાનો છે. ભેદથી આત્માનું સ્વરૂપ સમજી અભેદરૂપ એવા આત્મામાં સમાઈ જવાનું છે.**

**ભેદને છોડી અભેદનો અનુભવ કરવાનો છે.**

**વ્યવહારમાં શુભમાં ટકી રહેવા માટે અને અશુભમાં જતા અટકવા જે જે આલંબનો લઈએ છીએ તે બધા જ આલંબનો અવસર આવે છોડવાના છે, એ ભાવ દઢ કરવાનો છે; તો જ ભીતરમાં જવાશે અને અભેદરૂપ આત્મા અનુભવાશે.**

**ધ્યાનમાં જે પલટાય છે તેને માત્ર જોવાના જ છે. ભાવો જે પલટાય છે તેની પણ ખબર છે, તે છતાં પોતે તો એક માત્ર જોવાના જ ભાવમાં રહેવાનું છે; તો એકાગ્રતા આવશે અને તેમાં પણ 'હું પણું' નહિ રહે તો સ્વ-સંવેદન પ્રગટશે; તેમાં જો બે ઘડી ટકી જાય તો કેવળજ્ઞાન થઈ જાય.**

મોક્ષનો શોર્ટકટ ચારિત્રથી છે. સ્વ-સંવેદનમાં જવું તે ચારિત્ર છે, તેમાં ટકી જવું તે નિર્વિકલ્પતા છે. મોક્ષની શરૂઆત સમ્યગ્દર્શનથી છે.

ઉપયોગ એક વસ્તુમાં સ્થિર નથી રહેતો માટે ચૌદપૂર્વ ભણવાના છે, સ્વાધ્યાય, ભક્તિ વગેરે વિવિધ યોગો પકડવાના છે પણ તે બધા યોગો- બધા અવલંબનો; છોડવાના છે તે ખ્યાલ રહેવો જોઈએ; તો જ ક્ષપકશ્રેણી વગેરે સ્પર્શશે. સમ્યગ્દર્શન પણ તો જ થશે માટે કોઈ પણ યોગનો આગ્રહ, પક્કડ ન જોઈએ.

ભગવાને આખી રાત્રિ એક જ પદાર્થના એક જ ગુણપર દૃષ્ટિને સ્થિર કરી ધ્યાન કર્યું; તેમાં ગુણ એક પણ ગુણના પરિણમન તો અનેક. દા.ત. શ્વેતગુણ એનો એ પણ શ્વેતતાની તરતમતામાં ઉપયોગ રમ્યા કરે.

સ્થૂલ ઉપયોગમાં પણ ઉપયોગનું પલટાવાપણું આપણને નથી દેખાતું. ભાવો પલટાય છતાં તે પલટાતા ભાવોમાં પણ જોવારૂપ એક ભાવે સ્થિર રહેવું તે એકાગ્રતા છે. આત્માનું સ્વરૂપ ઓળખાય પછી જ ધ્યાન સાચું થાય. તેના વિના ધ્યાન ન જ



થાય. વસ્તુ એના લક્ષણથી ઓળખાય છે. લક્ષણથી વસ્તુને ઓળખ્યા પછી જ વસ્તુનું જ્ઞાન સાચું થાય છે. અને જ્ઞાન પછી જ ધ્યાન સાચું થાય છે. આત્મા એના જ્ઞાન લક્ષણે કરીને ઓળખાય છે અને ત્યાર પછી જ આત્માનું ધ્યાન થઈ શકે છે. જેનું ધ્યાન કરવું છે તેની ધારણા દઢ કરવી જોઈએ. નહિ તો ધ્યાન તરંગરૂપ બની જાય છે.

રાગાદિ થવામાં કર્મનો ઉદય નિમિત્ત બને છે અને રાગાદિભાવથી પાછા કર્મો બંધાય છે.આમ પરસ્પર એક બીજામાં નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. આત્મા એના સ્વરૂપમાં અચલ વીર્યવાળો છે. પરંતુ કર્મના કારણે એ શક્તિ ચલિત થઈ છે. અચલ વીર્ય સ્વરૂપને પ્રગટ કરે છે તે પોતાની નિજ શક્તિ છે જ્યારે ચલવીર્ય એ મન-વચન-કાયાના યોગોની રચના કરે છે.

જે વીર્ય ચલ થાય છે તેમાં તેની વૈભાવિક શક્તિ કામ કરી રહી છે. એ વૈભાવિક શક્તિ એ ઉપાદાન કારણ છે અને એમાંથી જે વીર્ય ચલિત થયું તે કાર્ય છે. જેમાં મન, વચન, કાયાના યોગો નિમિત્ત કારણ બને છે.

આત્માના વીર્યગુણની અચલશક્તિથી અચલરૂપે સિદ્ધોમાં પરિણમન ચાલુ છે. અચલ શક્તિના કારણે વીર્ય અચલ રહે છે અને તેથી દરેક પર્યાયમાં અચલતા રહે છે.

આત્મામાં જે અનંતી શક્તિ કહી છે તે જોવાની-જાણવાની અને પોતાના ગુણોમાં સ્થિર રહેવાની જાણવી. ચાલવામાં—ઉઠવામાં—બેસવામાં કે તપાદિ કરવામાં આત્માની અનંતી શક્તિ નથી. કારણકે તેમાં તો કર્મના ઉદય જન્ય ચલ વીર્ય છે અને ચલવીર્ય તો ક્ષાયોપશમિક છે તે ઓછુવત્તું થાય છે માટે એક વખતે જે કાર્ય થાય તે બીજી વખતે ન પણ થાય.

ધ્યાનમાં એક કલાક સ્થિર રહ્યા તેને જોવાની શક્તિ આત્માની

છે તેથી તેને મેં જાણ્યું એમ કહેવાય પણ શરીરમાં સ્થિર રહેવાની શક્તિ એ શુદ્ધ આત્માની નથી માટે એક કલાક હું સ્થિર રહ્યો એમ વાસ્તવમાં ન બોલાય અંદરમાં ખ્યાલ રાખીને ઉપચારથી બોલાય.

શરીરની સ્થિર રહેવાની શક્તિમાં વિભાવભાવ નિમિત્ત છે અને ઉપાદાન કારણ શરીર છે. વિભાવનો જે કર્તા બને છે તે પુદ્‌ગલનો કર્તા બને છે.

જે પર્યાયમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ્યા છે તે પર્યાય પૂજ્ય છે માટે આપણે કેવલજ્ઞાનીને વંદનાદિ વ્યવહાર કહીએ છીએ. સાધુની પર્યાય એકદેશ પૂજ્ય છે. સેવ્ય-સેવકભાવ પર્યાયમાં છે માટે તે પૂજ્ય. પરમ પરિણામિક ભાવમાં તે નથી માટે તે પૂજ્ય નથી.

નયો દ્વારા બુદ્ધિ નિર્મળ થાય છે અને તેનાથી ચિત્તનું સમાધાન થાય છે. સમાધાન પામેલ ચિત્તમાં સમતા સ્થપાય છે. માટે નયોનો વિશદબોધ જરૂરી છે એમ વ્યવહારનય કહે છે.

નૈગમનયથી ઉત્તરોત્તર એવંભૂતનય સુધી જવાનું છે. ઉત્તરોત્તર ઉપયોગને સૂક્ષ્મ બનાવી સાધના કરવાની છે. જીવનો ઉપયોગ સૂક્ષ્મ બની ઔદારિક શરીરથી ભેદજ્ઞાન કરી તૈજસકાર્મણ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે સૂક્ષ્મ ઉપયોગ પણ સૂક્ષ્મ મન જ છે. તૈજસ કાર્મણ શરીર પણ સૂક્ષ્મ જ છે, તે આત્મા જેવું જ લાગે છે; ત્યાં કોઈ પણ વ્યાઘાત નડતો નથી, ત્યાં મનનો સ્વભાવ શાંત અને નિર્વિચાર છે એટલે ત્યાં બધા જ લક્ષણો તો બહારથી જોતાં નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ જેવા જ દેખાય છે. અન્ય દર્શનના સાધકો આ સૂક્ષ્મ મન સુધી આવીને અટકી જાય છે; ત્યાં અપૂર્વ શાંતિ વેદાય છે. પણ આ ચિત્તની શાંતિ-સમાધિ છે, તેને જ તેઓ આત્માની શાંતિ-આત્મ સાક્ષાત્કાર માની લે છે; આ ભ્રાન્તિ છે. અહિંયા સુખને-શાંતિને ભોગવવાપણું છે – એકત્વ છે – પોતાનું માનવાપણું છે માટે ત્યાં મિથ્યાત્વ છે. ખરેખર અધ્યાત્મ નથી પણ તેનો આભાસ છે.



ચિત્તની શાંતિ-સમાધિ અને આત્માની નિર્વિકલ્પ સ્થિતિનો ભેદ જ્ઞાની જ કહી શકે બીજા નહિ. ગમે તેવો પ્રાપ્ત થયેલો બોધ અને શાંતિ આત્મભિન્ન લાગે તેને બહારમાં કશું જ કરવા જેવું લાગે નહિ. સમ્યગ્ જ્ઞાન વિના અને તત્ત્વના બોધ વિના અટકવાપણું છે.

આત્મજ્ઞાની પુરુષે સાધકના લક્ષણમાં સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ માટે ત્રણ લક્ષણો બતાવ્યા. (૧) અલ્પ પણ સુખની ઈચ્છાનો અભાવ (૨) પરમ દીનતા (૩) તત્ત્વનો નિર્ણય. તેમાં સાધકે બધા સુખોની ઈચ્છાને તો ફેંકી દીધી છે પણ સાધના દ્વારા મળતા ચિત્તની શાંતિ-સુખની ઈચ્છા રહ્યા કરે છે અને ગુરુ તે સુખને પણ છોડવા જેવું કહે છતાં તે ન છોડે તે પરમ દીનતાની ખામી છે અર્થાત્ પરમ વિનયની ખામી છે માટે ત્યાં સમ્યગ્ દર્શન ના થઈ શકે.

દશવિધ યતિધર્મ જે જૈનોએ બતાવ્યો છે તેને દરેક ધર્મોએ એક યા બીજી રીતે સ્વીકાર્યો છે. દુનિયાના કોઈ ધર્મોએ તેનો અપલાપ કર્યો નથી માટે તે વિશ્વધર્મ છે છતાં જૈનો પાસે સ્યાદ્‌વાદ, નય, પ્રમાણ, સપ્તભંગી દ્વારા પદાર્થની જે સૂક્ષ્મતા છે તે બીજા પાસે નથી. અન્ય દર્શનકારો अपुत्रस्य गतिर्नास्ति કહે છે અને બીજી બાજુ બ્રહ્મચર્યને ધર્મ બતાવે છે તેની સામે જૈન દર્શન કહે છે કે જેને પર્યાયમાં સમ્યગ્ દર્શન રૂપી પુત્ર પ્રગટ થયો નથી તે મોક્ષે ન જાય. આ પુત્રને પ્રગટ કરવા બ્રહ્મચર્ય જોઈએ.

जीव नवि पुग्गली नैव पुग्गल कदा,
पुग्गलाधार नाहीं तास रंगी।
पर तणो ईश नहिं अपर ऐश्वर्यता,
वस्तुधर्मे कदा न परसंगी ॥
अहो.॥६॥

**અર્થ :-** જીવ એ પુદ્ગલ નથી. અનંતકાળથી તે પુદ્ગલ સાથે રહેવા છતાં તે પુદ્ગલરુપે કદાપિ બન્યો નથી. પુદ્ગલોનો એ આધાર પણ નથી તેમ જ વસ્તુ સ્વરૂપે એ પુદ્ગલનો રંગી-અનુરાગી પણ નથી તથા પર-ભાવરૂપ આ શરીર-ધન-ગૃહાદિનો સ્વામી પણ નથી. તથા જીવની ઐશ્વર્યતા પર-પદાર્થોને લઈને નથી તેમજ વસ્તુ-સ્વરૂપે જીવ પરભાવનો સંગી પણ નથી. જીવ દ્રવ્યનો સત્તાધર્મ આવા જ પ્રકારનો છે.

**વિવેચન :-** જીવનો જે મૂળધર્મ શ્રી સુમતિનાથ અરિહંતપ્રભુને નિપજ્યો તે કહે છે. જે 'જીવ નવિ પુગ્ગલી' એટલે જીવ પુદ્ગલની સાથે રહ્યો પણ કોઈ વાર પુદ્ગલવાળો થયો નથી. પુદ્ગલની માલિકીવાળો થયો નથી. શ્રી સુમતિનાથ પ્રભુ તીર્થંકર



નામકર્મના રસોદયને ભોગવી રહ્યા હતા. ત્યારે સમવસરણમાં રત્નજડિત સુવર્ણ સિંહાસન પર આરુઢ હતા. અષ્ટ પ્રાતિહાર્ય, ૩૪ અતિશય, વાણી ૩૫ ગુણથી અલંકૃત હતી ત્યારે પણ તેઓના સ્વરૂપમાં આ ન હતું. આ કર્મોદય હતો એટલે બહારથી જોનારને એમ લાગે કે પ્રભુ આ બધાને ભોગવે છે. પરંતુ પ્રભુ તો સ્વરૂપના જ ભોક્તા છે અને તીર્થંકર નામકર્મના ઉદયથી સર્જાતા દશ્યના દૃષ્ટા છે એટલે પ્રભુ બહારથી ભોગવતા હોય એવું દેખાવા છતાં તે પુદ્ગલવાળા પ્રભુ ન હતા. પ્રભુ તો અનંતજ્ઞાનાદિની અંદર મહાલતા હતા. પ્રભુ તત્ત્વથી બાહ્ય પૌદ્ગલિક સંપત્તિવાળા ન હતા. તીર્થંકરનામ કર્મના દલિકો વિપાકથી ઉદયમાં આવી આવીને ખરી જાય છે. જેના પ્રભાવે લોકો ધર્મ તરફ આકર્ષાય તેવું દશ્ય સર્જાય છે. તે કાલે પણ પ્રભુનો ઉપયોગ તો તેમાં લેશ માત્ર જોડાતો નથી ઉપયોગ તો સંપૂર્ણપણે સ્વરૂપમા લીન બનીને આત્માના અનંત આનંદ વેદનને ભોગવી રહ્યો હતો.

**નૈવ પુગ્ગલ-કદા-** પ્રભુ પુદ્ગલ સ્વરૂપ ન હતા. પ્રભુ અનંતકાળથી સંસારમાં પૌદ્ગલિક અવસ્થામાં ભેગા રહ્યા છતાં પુદ્ગલરૂપ બન્યા નથી. દરેક દ્રવ્યોમાં અપ્રવેશી ધર્મ રહેલો હોવાથી જીવ એ પુદ્ગલ થયો નથી ને પુદ્ગલ એ જીવ થયો નથી. સંયોગ સંબંધથી સાથે રહેવા છતાં પોતાની મૌલિકતાનો ત્યાગ કર્યો નથી અને બીજાના સ્વરૂપને આત્યંતિક સ્વીકાર્યું નથી.

**'પુગ્ગલાધાર નાંહિ' –** વળી જીવ તે પુદ્ગલનો આધાર નથી. કારણકે પુદ્ગલનો આધાર તો આકાશ દ્રવ્ય છે. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય એ સર્વ આકાશ મધ્યે રહ્યા છે. માટે આકાશ એ આધાર છે - ક્ષેત્ર છે - અવગાહના આપનાર છે જ્યારે જીવાસ્તિકાય વગેરે ચાર તો અવગાહના

લેનાર ક્ષેત્રી દ્રવ્ય છે.

**શંકા :** સંસારમાં રહેલા સંસારી જીવમાં પ્રતિ પ્રદેશે ઘાતિ-અઘાતિકર્મો એક ક્ષેત્રાવગાહપણે રહેલા છે તો તેનો આધાર જીવ કેમ ન મનાય ? આનુ **સમાધાન** એ છે કે આઠ રુચક પ્રદેશોને છોડીને અસંખ્ય આત્મપ્રદેશે પુદ્‌ગલનું રહેવાનું બન્યું છે તે જીવની ભાવ-અશુદ્ધતાથી થયું છે.

અંતરાયકર્મ એ આખું દેશઘાતી છે એટલે તેનો ઉદય અને ક્ષયોપશમ બે મળે છે. અને બંને સાથે રહી શકે છે. લાભાંતરાય દાનાંતરાય ભોગાંતરાય ઉપભોગાંતરાય વીર્યાંતરાય. આ બધી પ્રકૃતિઓ દેશઘાતી છે એટલે હંમેશને માટે તેનો ક્ષયોપશમ મળે જ. હવે લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ થયો, આત્મસ્વરૂપનો લાભ ન થયો પણ પુદ્‌ગલનો લાભ થયો. તેનો ભોગ, ઉપભોગ થયો અને પછી જે મળ્યું જે ભોગવ્યું તેના જ સંસ્કારો પડ્યા. તેની જ હોંશ અને રૂચિ થઈ આ રીતે ભાવ અશુદ્ધતા ઉભી થઈ. વીર્યાંતરાયના ક્ષયોપશમે વીર્ય પણ પરાનુયાયી બન્યું.

દરેક આત્મામાં કર્તૃત્વ શક્તિ, ગ્રાહકત્વ શક્તિ, વ્યાપકત્વ શક્તિ, ભોક્તૃત્વ શક્તિ એ ત્રિકાળ નિરાવરણ છે.કારણકે જો શક્તિ જ આવરાઈ જાય તો તેનું સમ્યક્ પરિણમન તેમ જ પૂર્ણ પરિણમન ક્યારેય પણ પ્રગટ થાય નહિ.

સંસારી જીવોને બધા જ ગુણો - બધી જ શક્તિઓ સત્તાએ શુદ્ધ હોવા છતાં તે અવસ્થાથી અશુદ્ધ થયા છે. પરિણમન અશુદ્ધ થયું છે. માટે તે તે ગુણોનું જે જે ગુણકાર્ય જેમ કે દર્શનગુણનું કાર્ય સંપૂર્ણપણે જોવાપણું, જ્ઞાનગુણનું કાર્ય સંપૂર્ણ જાણવાપણું, ગ્રાહકત્વ ગુણનું કાર્ય પોતાના ગુણોને જ ગ્રહણ કરવા અને પરપદાર્થને ગ્રહણ ન કરવા તે આવરાયું છે. અર્થાત્ ગુણો એ જ ગ્રાહ્ય છે, પરંતુ પદાર્થ એ ગ્રાહ્ય નથી પણ તે વર્તમાનમાં



આવરાયેલ હોવાથી પુદ્‌ગલનું ગ્રહણ કરવાપણું તેમજ છોડવાપણું ઊભુ થયું છે. તેવી જ રીતે પોતાના ગુણોમાં જ વ્યાપીને રહેવું, પરમાં ન જવું એ રૂપ જે વ્યાપકતા ગુણ છે. તેનું પરિણમન અશુદ્ધ છે. તેથી પુદ્‌ગલ દ્રવ્યને ભોગવતાં ઉપયોગ પુદ્‌ગલના વર્ણાદિમાં વ્યાપીને રહ્યો છે તેથી વ્યાપ્યતા અને ભોગ બંને આવરાયા છે. આમ પોતાના ગુણોને છોડીને જીવ પુદ્‌ગલ તરફ આકર્ષાયો એટલે પુદ્‌ગલ સાથે ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ ઊભો થયો.

તેથી જીવની સઘળી પ્રવૃત્તિ પુદ્‌ગલને અનુસરનારી થઈ. એટલે પ્રતિ સમયે પુદ્‌ગલને જ ગ્રહણ કરવા અને ત્યાગ કરવારૂપે ભોગવટો રહ્યો. આત્મગુણોનો ભોગવટો છુટી ગયો. એટલે જે પુદ્‌ગલનો ભોગ કર્યો તેમાં જ હોંશ આવી - મઝા પડી - સુખ લાગ્યું - સુખ માન્યું એટલે પુદ્‌ગલના ભોગવટામાં રુચિ ઊભી થઈ ગઈ એટલે ફરી ફરીને પુદ્‌ગલનો જ ભોગ રહ્યો. પુદ્‌ગલનું જ ગ્રહણ રહ્યું. એટલે આત્મપ્રદેશ સાથે પુદ્‌ગલ એકમેક થયું અને આત્માના ગુણો સાથે પુદ્‌ગલના ગુણો એકમેક થયા. એટલે ગુણોનું અશુદ્ધ પરિણમન જ થયું જેમાં આત્મદ્રવ્યની અશુદ્ધતા કારણ છે.

**નાંહી તાસ રંગી** - આત્મા મૂલ વસ્તુધર્મે પુદ્‌ગલનો રંગી નથી. પણ આત્માના શુદ્ધ સ્વરૂપનું આસ્વાદન નહિ હોવાથી એ પુદ્‌ગલનો રંગી થયો છે. પણ વસ્તુ સ્થિતિએ વિચારતાં એને પુદ્‌ગલ સાથે કશો જ સંબંધ નથી. કારણકે પુદ્‌ગલ એ તો જડ છે અને પોતે તો ચેતન છે.

**'પર તણો ઈશ નહિ'** — આત્મા પરભાવનો સ્વામી નથી. જ્યાં સુધી પરભાવનું સ્વામીપણું આવે છે. ત્યાં સુધી મતિજ્ઞાનનો ઉપયોગ પણ અશુદ્ધ હોય છે. જીવ માન્યતાથી પરનો ઈશ્વર-

માલિક થવા જાય છે. પણ થઈ શકતો નથી. છએ દ્રવ્યોમાં અગુરુલઘુગુણ રહેલો છે અને તેનું કાર્ય એ છે કે દરેક દ્રવ્યને, તેના પ્રત્યેક ગુણોને અને તેની પ્રત્યેક પર્યાયને પોતાપણારૂપે ધારી રાખવાનું. તેથી તે વસ્તુધર્મે પરનો સંગી - પરમાં લીન થઈ શક્તો નથી.

જીવના સ્વરૂપમાં જ અસ્તિ-નાસ્તિ, એક-અનેક, વિગેરે અનંતા ધર્મો રહેલા છે. તે માટે તેને પર તરફ નજર નાંખવાની નથી. નિર્વિકલ્પ ઉપયોગ, પરનો આશ્રય કરતો નથી. પોતાની જ્ઞાત-સત્તાનો સ્વીકાર કરવાથી પરસ્પર વિરોધી એવા અનંતાધર્મો તેમાં આવી જ જાય છે.

લોકમાં રહેલા પદાર્થો દૂર હોવાથી તે અસદ્ભૂત ઉપચરિત નયથી જીવના કહેવાય છે પણ કેવળજ્ઞાનમાં ઝળકે છે - જણાય છે તે અસદ્ભૂત અનુપચરિત નયથી છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ નિર્વિકલ્પ જ છે. પણ જ્યારે ઉપયોગ પદાર્થો સાથે જોડાય છે ત્યારે વિકલ્પ ઊભો થાય છે. તે વિકલ્પને જીવ પોતાના માને છે તે જીવની ભૂલ છે. મતિ એ તો સામાન્ય જ્ઞાન છે. તેમાં વિકલ્પ એ ઔદયિક મિશ્ર છે કારણ કે તેમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે અને મોહનીયનો ઉદય છે. વિકલ્પ તો કર્મના ઉદયથી છે. તેની સાથે આપણે જ્ઞાનને જોડીએ છીએ અને પછી વિકલ્પને આપણે જ્ઞાન કહીએ છીએ તે કર્મબંધનું કારણ છે. વિકલ્પને મતિ-શ્રુત માનવા તે ભૂલ છે.

પર પદાર્થ સાથે જોડાઈને જે જ્ઞાન કે વેદન ઉત્પન્ન થાય છે તેને પોતાનું નહિ માનવું જોઈએ. સુખદુઃખના વેદનના માત્ર જ્ઞાતા-દૃષ્ટા બનવું જોઈએ.

જ્ઞાની કહે છે કે રાગની મંદતાથી ગર્ભિત શુદ્ધતા નહિ પ્રગટે પણ તારા ઉત્સાહ અને વીર્યથી પ્રગટશે. સંસાર પ્રત્યેની અરૂચિથી



પ્રગટશે. શુભાશુભભાવ તે આશ્રવ છે અને તેમાં એકત્વ થાય તો તે બંધ છે.

અધ્યાત્મમાં મિથ્યાત્વના બંધને જ બંધ ગણ્યો છે. ચોથે ગુણઠાણે સમ્યક્ત્વના અનુભવ કાલે આત્માનું સ્પષ્ટ વેદન-અનુભવન હોય છે. પ્રતીતિ કાલે ઉપયોગ કર્મના ઉદય સાથે પણ જોડાયેલો હોય છે તેથી મંદ અનુભવ છે. પ્રતીતિમાં આત્માનું લક્ષણ ગર્ભિતપણે રહેલું જ હોય છે. પણ જો લક્ષ ઊભું કરવું પડતું હોય તો પ્રતીતિ અત્યંત અલ્પ હોય છે, અત્યંત સામાન્ય હોય છે અને જો લક્ષ જતું રહે તો સમ્યક્ત્વ ચાલ્યુ જાય છે.

ચોથે ગુણઠાણે શુભાશુભભાવની મુખ્યતા નથી પણ ભીતરના સ્વસંવેદનની મુખ્યતા છે. કારણ કે તે રૂચિપૂર્વકનો સમ્યગ્ પુરુષાર્થ કરાવે છે.

**સાંપરાયિક આશ્રવમાં કષાય હોવાથી પુન્ય-પાપના બંધ છે. જે ૧ થી ૧૦ ગુણ ઠાણા સુધી છે. જ્યારે ૧૧, ૧૨, ૧૩ ગુણસ્થાનકે કષાય ન હોવાથી માત્ર ૧ સમયનો યોગાશ્રવ છે. માટે નવ તત્ત્વમાં આશ્રવ તત્ત્વથી પુન્ય-પાપને જૂદું મૂક્યું છે.**

ઉપયોગ ભીતરમાં જાય ત્યારે નિર્જરા, બહારમાં આવે ત્યારે બંધ છતાં લબ્ધ ઉપયોગમાં શુદ્ધ પરિણતિ પડી છે તત્ત્વની રૂચિ છે, માટે તેના આધારે નિર્જરા કહેવી પડે.

વળી પરભાવે જીવની ઐશ્વર્યતા = ઠકુરાઈ નથી એટલે વસ્તુધર્મે જીવ ક્યારેય પણ પરવસ્તુનો સંગી નથી. જીવ દ્રવ્યનો સત્તાધર્મ એવો છે માટે સુમતિનાથ પ્રભુ પરમેશ્વર, શુદ્ધદેવ તે પુદ્ગલનો આધાર તથા રાગી કેમ હોય ? તે તો પુદ્ગલાતીત છે.

જીવ અને પુદ્ગલને કોઈ સંબંધ નથી છતાં રુપાદિ વિષયોમાં સુખ લાગે છે તે આપણી ભ્રમણા છે. વ્યવહારનયે સુખ ચાર

સ્થાનમાં છે : (૧) ઇન્દ્રિયોના વિષયોમાં સંતોષ (૨) નમ્રતા (૩) સરળતા (૪) સર્વજીવો પ્રતિ હિતચિંતા કે સ્નેહ પરિણામરૂપ મૈત્રી.

(૧) સંતોષની ભૂમિકામાં ન આવીએ ત્યાં સુધી આપણે સુખી નથી. દુઃખી જ છીએ.

(૨) હું બીજાથી નાનો છું, ઉતરતો છું એવો લઘુભાવ રાખે તેને દુઃખ ન હોય.

(૩) જે સરળ હોય તે સુખી હોય. યોગ્ય સ્થાને તો સરળ થવું જ જોઈએ તેથી નિઃશલ્ય થવાય છે. સરળની મુક્તિ છે. બોલ્યું પાળવું એ આપણી ફરજ છે.

(૪) સર્વ જીવો સાથે મૈત્રી એ જૈન શાસનનો સાર છે. **ખામેમિ સવ્વ જીવે** એ જૈન શાસનનું મૂળ છે – રહસ્ય છે. પુદ્‍ગલમાંથી સુખબુદ્ધિ ઉઠાવી લેવી અને ઉપરના ચારમાં સુખબુદ્ધિ સ્થિર કરવાથી આત્માના સદ્‍ભૂત સુખની અનુભૂતિ થશે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનું આપણા ઉપર ઋણ છે તેની મુક્તિ માટે નમ્ર થવું જોઈએ. આપણે દેવાદાર છીએ તે માટે નમ્ર અને પરોપકારી થવું જરૂરી છે.

તત્ત્વથી જીવ પુદ્‍ગલથી રંગાતો નથી. બીજાથી પ્રાપ્ત થતી ઐશ્વર્યતા પુદ્‍ગલ સ્વરૂપ છે તે જીવને મળતી નથી એટલે તો ભવે ભવે ભેગું કરેલું છોડીને જવું પડે છે.

પુદ્‍ગલની ઐશ્વર્યતાને પોતાની બનાવી શકાતી નથી. જીવને મળેલો દેહ એ કર્મ સંયોગે છે અને અપાયેલું નામ માત્ર દેહની ઓળખ માટે છે. પણ તેમાં રંગાવા માટે કે મમત્વ કરવા માટે નથી. આત્માને દેહાકારે માનવો તે ભૂલ છે. જ્ઞાનાકાર તે જ આત્મા છે. પુદ્‍ગલ રચિત દેહમાં પોતાની સ્થાપના તે અજ્ઞાન છે.



**संग्रहे नहीं आपे नहीं पर भणी,**
**नवि करे आदरे न पर राखे।**
**शुद्ध स्याद्वाद निज भाव भोगी जिके,**
**तेह परभावने केम चाखे ॥**
**अहो.॥७॥**

**અર્થ :** જે શુદ્ધ ચૈતન્યમય નિજ આત્મા (વ્યવહારે સુમતિનાથ પ્રભુ) કદાપિ પર પુદ્‍ગલ વસ્તુનો સંગ્રહ ન કરે, અન્યને આપે પણ નહિ, પર વસ્તુને કરે નહિ, આદરે નહિ અને રાખે પણ નહિ તથા જેઓ શુદ્ધ સ્યાદ્‍વાદમય આત્મ સ્વભાવના ભોગી છે તેઓ પરભાવનું આસ્વાદન કેમ કરે ? અર્થાત્ ન જ કરે !

**વિવેચન :** જ્યારે વર્તમાન ઉપયોગમાંથી વિકારો તથા વિકલ્પો તદ્દન નીકળી જાય છે અને ઉપયોગ પૂર્ણપણે શુદ્ધ અને નિર્વિકલ્પમય બને છે, જ્યારે દ્રવ્ય પર્યાયનું ઐક્ય સધાય છે ત્યારે પર્યાય દ્રવ્યની સાથે કેલિ કરે છે - ક્રીડા કરે છે. પ્રતિસમયે અનંત અનંત આનંદવેદન અનુભવાય છે ત્યારે પર સંબંધી કોઈ જ વિકલ્પ, વિકાર કે વ્યવહાર હોતો નથી. પર તરફ દૃષ્ટિ પણ હોતી નથી. એટલે ત્યાં પર સંબંધી કાંઈપણ લેવાપણું, દેવાપણું, પરનો સંગ્રહ કરવાપણું, પરનું કાંઈપણ કરવાપણું, પરનો આદર કરવાપણું, પરને ભોગવવાપણું આમાનું કાંઈ જ હોતું નથી.

બીજા શબ્દોમાં કહીએ તો પર સંબંધી સર્વથા ઉપેક્ષા હોય છે. પર એવા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે તો ભલે ઝળકે. જ્ઞાનની અતિશય સ્વચ્છ સપાટીને કારણે આવું બને છે. પણ જ્ઞાન તો જ્ઞેયોની સર્વથા ઉપેક્ષા કરીને પોતાના જ્ઞાયક ભાવ, ત્રિકાળી ભાવ, ચેતનભાવમાં જ, એકરસ બનીને વ્યાપે છે અને પ્રતિ-સમયે આત્માના અનંત અનંત આનંદવેદનને ભોગવે છે. આ પ્રમાણે જે શુદ્ધ નિર્દોષ સ્યાદ્વાદમયી નિજ જ્ઞાન-દર્શનાદિ સત્તાને પ્રતિ-સમયે ભોગવે છે તે પરભાવને કેમ ચાખે ? તેનું આસ્વાદન કેમ કરે ?

આત્માનું લક્ષણ ચેતના છે માટે તેને જ તે કરી શકે. ભોગવી શકે. પરનું લક્ષણ જડતા છે તેને તે કરી શકે નહિ, ભોગવી પણ શકે નહિ માટે ઉપયોગને પરમાંથી ખસેડીને સ્વમાં સ્થિર કરવાનો છે. ચેતન ! તું તો આનંદ-સ્વરૂપ છો ! શરીર, ઇન્દ્રિય, વાણી, રાગ, કુટુંબાદિ જડને અડવા જેવું નથી, એવું શ્રદ્ધામાં રાખી જીવવા જેવું છે. એનાથી તું અનંતકાળ રખડ્યો છે. એનાથી તને આભડછેટ લાગે છે માટે પશુ સમાન લૌકિક અર્થકામની ચેષ્ટાથી મુક્ત થઈને તું દર અસલમાં જેવો છે તેવો થા !

જ્ઞાનની પર્યાયમાં તું જ તારાથી જણાવા યોગ્ય છે. પર-સંબધી જ્ઞાન એ કાંઈ આત્માનું લક્ષણ નથી. તારા જ્ઞાનને તારી ભીતરમાં વાળ તો તને જ્ઞાન-સ્વરૂપી ભગવાન આત્મા જણાશે અને અનુભવાશે. અધ્યાત્મમાં શક્તિની વ્યક્તિ કરવાની છે તે માટે શક્તિનો જ આધાર લેવાનો છે અને તેના દ્વારા પર્યાયમાં તે સ્વરૂપને જ પ્રગટ કરવાનું છે.

પરમ પારિણામિક ભાવ નિરાવરણ છે. પર્યાયમાં આવરણ છે. શક્તિરૂપે આવરણ નથી, ગુણો નિરાવરણ છે. પર્યાયમાં એકત્વ છે માટે સંગ કરે છે અને સંગ કરે છે માટે આવરણ છે.



ચોથે ગુણઠાણે એકદેશ શુદ્ધ-નિશ્ચય-નયની અપેક્ષાથી પણ શ્રદ્ધા અપેક્ષયા જીવ પરનો સંગ કરતો નથી અને સંગ્રહ પણ કરતો નથી. પણ અશુદ્ધ નિશ્ચય નય અપેક્ષયા પહેલે ગુણઠાણે મિથ્યાત્વ વાસિત જીવ જ સર્વ રીતે પરને ગ્રહણ કરે છે અને સંગ્રહ કરે છે તેથી અશુદ્ધ નિશ્ચયનયથી જીવ રાગ-દ્વેષને ચાખે છે - ભોગવે છે વ્યવહાર નયથી જીવ પુદ્ગલના વર્ણાદિને ભોગવે છે.

અહિંયા વ્યવહાર નયે સુમતિનાથ પ્રભુનું અને નિશ્ચયનયે નિજ પરમાત્માનું એટલે કે પરમ પારિણામિક ભાવ સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનું આલંબન લઈને ભીતરમાં રહેલી શુદ્ધ સ્યાદ્વાદમયી નિજ સત્તાને પર્યાયમાં પ્રગટ કરવાની છે તે માટે ઉપયોગને ભીતરમાં વાળવાનો છે. અને સ્વરૂપના આનંદવેદનની મસ્તીમાં મસ્ત બનીને નિશ્ચયના મહેલમાં મહાલવાનું છે.

સુમતિનાથ પ્રભુ હાલમાં જે રીતે નિજાનંદની મસ્તી માણી રહ્યા છે તે રીતે આપણે પણ માણી શકીએ તેમ છે. માત્ર આપણે આપણી દૃષ્ટિ બદલવાની જરૂર છે.

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,**
**ઉપજે રુચિ તેણેં તત્ત્વ ઈહે ।**
**તત્ત્વ રંગી થયો દોષથી ઉભગ્યો,**
**દોષ-ત્યાગે ઢલે તત્ત્વ લીહે ॥**
**અહો.॥૮॥**

**અર્થ :** હે પ્રભો ! આપની પૂર્ણ શુદ્ધ સ્વભાવ દશાનું જ્ઞાન થતાં ભવ્યાત્માને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. અને પોતાને પણ તેવી શુદ્ધ દશા પ્રગટાવવાની રુચિ જાગે, ત્યારે મોક્ષરુચિ જીવને તત્ત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. પછી જેમ જેમ તત્ત્વની ઈચ્છા પ્રબળ બનતી જાય છે, જેમ-જેમ તત્ત્વનો રંગ જામતો જાય છે તેમ તેમ હિંસા અને રાગાદિ દોષોની નિવૃત્તિ થતી જાય છે. દોષોની નિવૃત્તિ થતાં તે જીવને આત્મ સ્વભાવમાં રમણતા થાય છે.

**વિવેચન :** અહિંયા દેવચંદ્રજી મહારાજે અધ્યાત્મના વિષયમાં ખીણથી તળેટી સુધીનો અને તળેટીથી શિખર સુધીનો માર્ગ બતાવ્યો છે. તે ખૂબ જ અહોભાવ ઉપજાવે છે. આખો સળંગ સાધનાનો માર્ગ બતાવે છે. સુમતિનાથ પ્રભુ જે રીતે સાધના કરીને મુક્તિ પામ્યા તે અખંડ અને સળંગ માર્ગ કેવો છે તે બતાવે છે.



**શંકા :** સુમતિનાથ પ્રભુ તો કૃતકૃત્ય થઈ ગયા અને તે તો પોતાના સ્વરૂપમાં રમણતા કરી રહ્યા છે એટલે એ કાંઈ બીજા જીવની મુક્તિના કર્તા થવાના નથી તો પછી તમે એને શા માટે સ્તવો છો ?

**સમાધાન :** જેમ જેમ પ્રભુની શુદ્ધતાનો ભાસ એટલે કે જ્ઞાન થાય છે - જાણકારી થાય છે કે પ્રભુ કર્મ રહિત થયા, પ્રભુના અનંતગુણ પ્રગટી ગયા, એ જેમ જેમ ખ્યાલમાં આવે છે તેમ તેમ ઉદ્‌ઘોષણ પણ વધતું જાય છે અને જેમ જેમ ઉદ્‌ઘોષણ વધતું જાય છે તેમ તેમ ભાસન પણ વધતું જાય છે. આમ ઉત્તરોત્તર ચાલ્યા કરે છે : **પ્રભુના અજ્ઞાત ગુણોને જાણવાનો ક્ષયોપશમ તે ઉદ્‌ઘોષણ છે અને અજ્ઞાત ગુણોને જાણવાની ક્રિયા તે ભાસન છે.** જેમ જેમ જાણવાનો ક્ષયોપશમ વધે તેમ તેમ જાણવાની ક્રિયા વિશેષ-વિશેષપણે થાય છે. પ્રભુના ગુણોનું ભાસન થવાથી યોગ્ય જીવને પ્રભુ ઉપર આશ્ચર્ય, અહોભાવ, બહુમાન વધે છે. ગુણો અને ગુણી ઉપરનું બહુમાન એ ધર્મનો પાયો છે. સમ્યગ્ દર્શન પામવાની ભૂમિકા છે.

**'જ્ઞાનીના બહુમાનથી રે જ્ઞાનતણા બહુમાન સલુણા'**

નિકટ મુક્તિગામી જીવને જ પોતાના ગુરુ ઉપર બહુમાન જાગે છે. બહુમાન વિનાનું જ્ઞાન કે ક્રિયા કાર્યકારી થતા નથી. માટે અધ્યાત્મમાં મોહનીયના ક્ષયોપશમ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. મોક્ષે જવા માટે વિશિષ્ટ જ્ઞાની ગુરુનો યોગ ન થાય તો અલ્પજ્ઞાની એવા પણ ગુરુ જોઈએ જ; તો જ સ્વચ્છંદતા તૂટે, અહંકાર તૂટે અને એમની ભક્તિ તથા એમના ઉપરના બહુમાનથી ભવાંતરે ગૌતમ જેવા કે વીર પ્રભુ જેવા પરમગુરુ મળે. જે વર્તમાનમાં પ્રાપ્ત ગુરુને ગૌતમ ગણધર જેવા માનીને તેના ઉપર બહુમાન કરતો નથી તે કયા મૂલ્ય ઉપર ભવાંતરે

ગૌતમ ગણધર જેવાનો યોગ માંગી શકે ?

ગુણો અને ગુણી ઉપરના બહુમાનથી દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, પ્રદેશી રાજા ઉર્ધ્વગામી બન્યા. આમ ભાસનથી આશ્ચર્ય-અહોભાવ-બહુમાન-આદર પ્રગટે છે. તેનાથી જીવ તત્ત્વ તરફ રૂચિવાળો બને છે.

અહો મારા પ્રભુનું કેવળજ્ઞાન કેટલું મહાન છે કે જે એક જ સમયમાં ત્રણ લોકમાં રહેલ ષડ્દ્રવ્યો, તેના સર્વ ગુણો અને સર્વ પર્યાયોને જાણે છે. જાણવા છતાં વીતરાગ રહે છે.

અહો પ્રભુનું દર્શન કેટલું કલ્યાણકારી છે ? પ્રભુના ૩૪ અતિશયો, અષ્ટ પ્રાતિહાર્ય, પાંત્રીસ વાણીના ગુણો તેમજ સઘળા પુદ્ગલોનો અભોગવટો, પરમાનંદ, આ બધુ જ્ઞાન આશ્ચર્ય-અહોભાવ-બહુમાન જગાડે છે. આ બહુમાનથી તત્ત્વ તરફ રૂચિ જાગે છે.

મિથ્યાત્વ અવસ્થામાં તત્ત્વ તરફની અરૂચિ-અણગમો હતો તેના બદલે હવે તત્ત્વની વાત, વિચારણા વધુ ગમે છે. તેમાં રસ પડે છે. જે દૃષ્ટિ પહેલા તત્ત્વથી પરાંગમુખ હતી તે હવે તત્ત્વાભિમુખ થાય છે. પોતાનામાં જે પરમાત્મ સ્વરૂપ અપ્રગટરૂપે પડ્યું છે તે હવે કેમ પ્રગટે એવી ઈહા એટલે વિચાર જાગે છે; તેનાથી તત્ત્વ રમણતા થાય છે. જેમ જેમ તત્ત્વની રૂચિ વધે તેમ તેમ તત્ત્વની ઈહા એટલે તત્ત્વનો વિચાર વધતો જાય. તેનાથી સ્વસંવેદન પ્રગટે છે એટલે આત્મા પોતે પુદ્ગલભાવથી છૂટીને પોતે પોતાનાથી રંગાઈ જાય છે; તેથી દોષો ટળતા જાય છે એટલે તત્ત્વલીનતા થાય છે. નિર્વિકલ્પ વેદન પ્રગટે છે. તત્ત્વની ઈહાથી તત્ત્વનો રંગ ભળે છે. તેનાથી તત્ત્વમાં લીનતા-તન્મયતા-એકરૂપતા આવે છે. તત્ત્વરંગી એટલે તત્ત્વ રમણતા- તત્ત્વ સંવેદન વધતાં જ્યારે ઉપયોગ તીવ્ર સંવેદનાને પામે છે ત્યારે



ઉપયોગ સ્વરૂપમાં ઢળી પડે છે. ઉપયોગમાં સંવેદન પ્રગાઢ બને છે ત્યારે વચ્ચે જે મન હતું તે અમન બની જાય છે. તે side પર ખસી જાય છે એટલે ઉપયોગને સ્વરૂપ તરફ ઢળવામાં કોઈ બાધા રહેતી નથી. નિર્વિકલ્પ આનંદ વેદન પ્રગટે છે.

તત્ત્વસંવેદન છઠ્ઠે ગુણઠાણે છે. તે સવિકલ્પ છે. તત્ત્વરંગીપણું એ કારણ છે અને ઉપયોગનું સ્વરૂપમાં ઢળી પડવું તે કાર્ય છે. તે નિર્વિકલ્પ છે. તે વખતે સાતમા અપ્રમત્ત ગુણઠાણાનો સ્પર્શ છે.

એક બાજુ કાળ લબ્ધિ પાકી ગઈ, બીજી બાજુ ઉપાદાન તૈયાર થઈ ગયું. તે જ વખતે સામે અનુકૂળ નિમિત્ત મળ્યું એટલે કાર્ય સંપન્ન થઈ ગયું. **હિંસાદિ ભાવોથી કલુષિત મન અને શંકાશીલ મન અંદરમાં સ્વસંવેદન પકડી શકતું નથી. પરિગ્રહવાળું મન ભીતરમાં ઢળી શકતું નથી. જેમ જેમ પરિગ્રહ ઘટતો જાય તેમ તેમ જીવ વિચારોનો સંકોચ કરીને અનેકમાંથી એકમાં આવે છે.**

તત્ત્વરંગી એટલે તત્ત્વસંવેદન, તે જેમ જેમ વૃદ્ધિ પામે તેમ તેમ ઉપયોગમાંથી વિષય-કષાયની પરિણતિ, અઢાર પાપસ્થાનકની પરિણતિ નીકળતી જાય છે અને તે નીકળતાં ઉપયોગ તત્ત્વરુપે-શુદ્ધરુપે-નિર્વિકલ્પરૂપે પરિણમે છે.

અનાદિકાળથી પુદ્ગલની વિચારણા, પુદ્ગલના સ્વરૂપની જિજ્ઞાસા, રૂચિ, એકત્વભાવ, તે રુપે પરિણમન, તેનાથી દોષોની પરિણતિ-દોષોની અનુભૂતિ, આદિ દ્વારા સંસારનું ઉપાર્જન કર્યું છે. હવે લોકોત્તર પ્રભુને પામીને તેમનું સ્વરૂપ ઓળખી તેની રૂચિ કરી તેમાં ઠરી જવાનું છે. તેમાં જ રંગાઈ જવાનું છે અને પરથી ઉખડી જવાનું છે, ઉભગી જવાનું છે.

કોઈનો પણ સંગ કરો એટલે અંદરમાં પાશ અર્થાત્ સંસ્કાર પડે છે. પાશ ભયંકર છે. જ્યાં સુધી સંગ છે ત્યાં સુધી શ્રેણી મંડાતી

નથી. સરાગી પર્યાય એ અશુદ્ધતાનો અંશ છે. જેટલો સંવર એટલું વીતરાગતાનું પ્રગટીકરણ. સંસારના વ્યવહાર કરવા છતાં અંદર પાશ અર્થાત્ સંસ્કાર ન પડવા દો તો તમે શુદ્ધ થઈ જશો. જેવો પાશ પડે કે તરત જ તેને નિંદા-ગર્હા-પશ્ચાતાપ-પ્રતિક્રમણ, ભાવના યોગ, સ્વરૂપ દૃષ્ટિ વગેરેથી ભૂંસી નાંખવાના.

પ્રભુ લોકાલોકને જાણતાં હોવા છતાં તેનો ભોગ કરતા નથી કારણકે શ્રદ્ધા અને ચારિત્ર બન્ને સ્વરૂપમાં જામી ગયા છે એટલે પદાર્થનો ભોગ, શ્રદ્ધા અને પરિણતિ બન્નેમાંથી નીકળી ગયા છે. સાધના કાળમાં પણ પ્રભુ સ્વરૂપમાંથી ખસ્યા જ નથી. બધું જાણવા છતાં સકલ પદાર્થ અભોગી જ રહ્યા. હે પ્રભો ! પુદ્ગલના ભોગ વિના તમારો પરમાનંદ ટકી રહ્યો છે તે અમારા માટે આશ્ચર્ય છે.

અહોભાવની પરમસીમામાં સંવેદન પ્રગટે છે અને તે વખતે ઉપયોગ તેમાં ઠરી જાય છે. જ્યાં સુધી યોગમાં ઉપયોગ હોય ત્યાં સુધી તે ઉપયોગ તત્ત્વ દૃષ્ટિથી સાવદ્ય છે કારણકે વિકલ્પ ચાલુ છે કંપન ચાલુ છે. ઉપયોગ ઉપયોગમાં રહે ત્યારે તે નિરવદ્ય કહેવાય છે. કારણકે નિર્વિકલ્પદશા છે - કંપન નથી.

ઉપયોગમાં ઉપયોગ જતાં તત્ત્વરંગી થઈને ભીતરમાં ઢળી ગયો. તદ્રુપ - એકરુપ થઈ ગયો એટલે ૧૮ પાપસ્થાનકના ભાવ નીકળી ગયા.

દેવચંદ્રજી મહારાજાની શૈલીમાં ભાષા વ્યવહારની છે પણ હાર્દ નિશ્ચયનું છે. નિશ્ચયમાં વર્તમાન પર્યાયની યોગ્યતાને જ કારણ માનવામાં આવેલ છે. જે પર્યાયાર્થિક ઋજુસૂત્ર નય છે. જ્યારે આગળ-પાછળની યોગ્યતાને પણ લેવામાં આવે ત્યારે દ્રવ્યાર્થિક ઋજુસૂત્ર નય છે.

સાધનકાળમાં— સાધક અવસ્થામાં જ્ઞાતા-દૃષ્ટા ભાવ હોય.



સિદ્ધાવસ્થામાં તો જ્ઞાયક એક સ્વભાવ માત્ર હોય. જ્ઞાતા-દૃષ્ટાભાવ એ તો એક શુભભાવ છે - શુભ ઉપયોગ છે તે ભાવાત્મક સ્થિતિ છે. જ્ઞાયક એ સ્વભાવ છે. નિર્વિકલ્પ છે. **જ્ઞાતા-દૃષ્ટામાં માત્ર જોવા-જાણવારૂપ જ્ઞાન-દર્શન ગુણ નજરાય છે જ્યારે જ્ઞાયક કહેતા અનંતા ગુણોના પિંડરૂપ ત્રિકાળી આત્મા નજરાય છે.**

આપણી પાસે અત્યારે કર્તા-ભોક્તાભાવ છે, તે અસત્ છે. તેને છોડવા જ્ઞાતા-દૃષ્ટાભાવ છે. તેને પણ છોડીને જ્ઞાયક સ્વભાવમાં જવાનું છે. **જ્ઞાતા-દૃષ્ટાભાવ એ શાંતરસ જેવો છે. જ્ઞાતા-દૃષ્ટાભાવ એ શાંતરસની જેમ એક પર્યાય છે.**

**સાધના માટે :-** ધ્યાનમાં પ્રારંભિક કક્ષામાં સંકલ્પ- વિકલ્પની ઉથલપાથલ ઝડપી (Fast) થશે. ઉદીરણા પણ થશે. જેથી વિકલ્પો વધુ ઝડપી બને. આવન જાવન ઝડપથી થયા કરે પણ તે સમયે પણ વિકલ્પોને જોનારો સ્થિર રહે 'ઉથલ-પાથલ મારી નથી' હું ધ્રુવ છું, સ્થિર છું, તે સમજ પર વિકલ્પ આવે અને જાય પણ પોતે જોનાર આત્મા ઉપર નજર કરવાથી ચિત્ત શાંત થાય. તે શાંત ચિત્તની વર્તમાન પર્યાય પર વિકલ્પો આવે ને જાય પણ શાંત ચિત્ત હોવાથી વિકલ્પો જીવને ડામાડોળ નહિ કરી શકે. વર્તમાન શાંત પર્યાય પર નજર વિકલ્પોને શાંત કરશે.

**પ્રશ્ન : એટલે દ્રવ્યને જોતાં રહેવાનું કે શાંત પર્યાયને ?**

**ઉત્તર : દ્રવ્ય તો અદૃશ્ય છે. અનુભવમાં નથી. અનુભવમાં વર્તમાન પર્યાય જ આવે છે. એટલે વિકલ્પોને હટાવવા વર્તમાન શાંત પર્યાયને જોતા રહીએ. શાંત પર્યાય પણ છે કોની ? આત્માની. માટે સ્વનું લક્ષ કરીને વર્તમાન પર્યાય ભાવાત્મક કે વિકલ્પાત્મક હોય તેના ઉપર નજર નાંખીને અશુભ વિકલ્પોને હટાવીએ તો તે પણ સાધના જ છે.**

**માત્ર ખ્યાલ એટલો રાખવાનો કે આ શાંત પર્યાય છે તે મારા આત્મ દ્રવ્યની છે. એટલે શાંત અવસ્થા એક પર્યાય છે એટલે અહીં અટકી જવાનું નથી. પરંતુ અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્ય સુધી પહોંચવાનું છે. કરોડોનું લાભ કે નુકસાન થાય ત્યારે પણ એકેય પ્રદેશનો વધારો કે ઘટાડો થતો નથી. આ સમજ તે સમતા છે અથવા સમ એ આત્માનો ગુણ છે (ભાવ) છે.**

આત્માના અસંખ્ય પ્રદેશમાં કે અનંતગુણમાં વધઘટ થતી નથી એવી દ્રવ્યદૃષ્ટિ આધારિત સમને લક્ષમાં રાખવું તે સ્વલક્ષી સમતા છે; તેને દૃષ્ટિમાં રાખવાથી મોક્ષ સુધી પહોંચાય છે અને જ્યારે ક્રોધ આવવાનો હોય ત્યારે હું સાધુ છું, પ્રભુ એ ક્રોધ કરવાની ના પાડી છે; ઈત્યાદિ શાસ્ત્ર વચનો વિચારી ક્રોધ ન કરવો ને સમતા રાખવી તે પરલક્ષી સમતા છે. શ્વાસ-પ્રેક્ષા સ્વરૂપ વિપશ્યનામાં પરલક્ષી-પર્યાય લક્ષી સાધના છે. જે નિર્મળતા, એકાગ્રતા, ચિત્ત- શુદ્ધિ લાવી આપે છે. જે પ્રારંભિક અવસ્થામાં જરૂરી છે. પણ મોક્ષ પામવા માટે તો સ્વલક્ષી સમતા જ જરૂરી છે. જ્ઞાતા-દૃષ્ટા ભાવથી રાગ-દ્વેષ નથી ઉઠતા પણ ઉદાસીનતા આવે છે. આ ઉદાસીનતા ઉપર પણ ઉદાસીન રહેવું તે ખરી સાધના છે. તે મોક્ષમૂલક છે. તે સાતમા ગુણઠાણા પહેલા ન આવે. એના બળ પર જ શ્રેણી મંડાય છે. પહેલા કરૂણાભાવ પછી સમત્વભાવ લાવવાનો છે. સમપરિણતિથી વિકલ્પોનો નિરોધ એ રાજયોગ છે અને તે મોક્ષમાર્ગ છે. આત્મલક્ષી શ્વાસપ્રેક્ષા જ્ઞાતા-દૃષ્ટાભાવપૂર્વકની હોય તો તે હઠયોગ હોવા છતાં સ્વલક્ષી થઈ શકે છે.



**शुद्ध मार्गे वध्यो साध्य साधन सध्यो,**
**स्वामि-प्रतिछंदे सत्ता आराधें।**
**आत्म निष्पत्ति तेम साधना नवि टके,**
**वस्तु उत्सर्ग आतम समाधें॥**
**अहो.॥९॥**

**અર્થ :** પૂર્વોક્ત રીતે શુદ્ધ સાધ્યના પ્રધાન સાધનભૂત સ્વભાવ રમણતાના શુદ્ધ માર્ગે આગળ વધતો સાધક શ્રી સુમતિનાથ ભગવાનના જેવી જ પોતાની ‘આત્મસત્તાને’ પ્રગટ કરે છે. જ્યારે આત્મા સંપૂર્ણ શુદ્ધ સમાધિ-અવસ્થાને પામી સિદ્ધિપદને વરે છે ત્યારે સાધનાનું કાર્ય પૂર્ણ થઈ જવાથી સાધના વિરામ આપે છે.

**વિવેચન :** દ્રવ્યાર્થિક નયે આત્મા જ્ઞાયક સ્વરૂપ છે, તેનો પરમ પારિણામિક ભાવ એ નિત્ય ત્રિકાળભાવ છે. તેનો આશ્રય કરીને ઉપયોગને ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય તરફ ઢાળતાં ઉપયોગમાંથી વિકલ્પો ઘટે છે. સ્વસંવેદન વધે છે અને તેના દ્વારા આત્માનું સાધ્ય જે વીતરાગતા તેના સાધનભૂત સ્વરૂપ-રમણતાના માર્ગે જીવ આગળ વધે છે. જેમ જેમ સાધના વધતી જાય છે તેમ તેમ સાધકને સ્વરૂપ-રમણતા વધતાં એ વાત અનુભૂતિમાં દૃઢ થતી જાય છે કે સુમતિનાથ પ્રભુના જેવી જ મારી આત્મસત્તા છે. તેથી અનુભૂતિમાં આગળ વધતાં પ્રભુના જેવી જ પુર્ણ શુદ્ધતાને પામી

સિદ્ધતાને વરે છે. એટલે સકલ કર્મનો ક્ષય થતાં નિર્મળ, શુદ્ધાનંદ પદને ભોગવે છે. સાધના એ કારણ છે અને સાધ્ય કાર્ય છે. જેમ જેમ સાધ્યની નિષ્પત્તિ થતી જાય છે તેમ તેમ સાધના કહેતા કારણતા ટળતી જાય છે.

કર્તા કાર્યરૂચિ થાય ત્યારે નિમિત્તના અવલંબને ઉપાદાનમાં ઉપાદાન કારણતા પ્રગટે છે. જેમ જેમ કાર્યની નિષ્પત્તિ થાય તેમ તેમ કારણતાનો ધ્વંસ થાય છે. તેની યોગ્યતા inbuilt છે. એટલે છતી પર્યાય છે. કર્તાને જે જે કાર્ય કરવાનું મન થાય ત્યારે તે તે યોગ્યતા વ્યક્ત થાય છે. દૂધમાં ચ્હા, કોફી વગેરે બનવાની યોગ્યતા છે. જે કાર્ય કરવાની ઈચ્છા થાય તો યોગ્યતા તેમાં પ્રગટવાથી કાર્ય નિષ્પન્ન થાય છે. કાર્યને અનુસરે તે કારણ છે. કારણ એ કોઈ વસ્તુનો ધર્મ નથી. જે વસ્તુ કાર્યાભિમુખ થાય ત્યારે તે કારણપણે પરિણમે છે અને જેમ જેમ જેટલા જેટલા અંશમાં કાર્ય નિપજતું જાય છે તેમ તેમ તેટલા અંશમાં કારણતા નષ્ટ થતી જાય છે.

આત્માનું સત્તારૂપે રહેલ શુદ્ધ-સ્વરૂપ પરમાત્માના સ્વરૂપની સાથે સંપૂર્ણ સમાનતાવાળું છે; એવી શ્રદ્ધા કેળવીને ઉપાદાનને પ્રતિસમયે પરમાત્મપણે પરિણમાવવા પ્રયત્ન કરવાનો છે. એ માટે પરમાત્માની સાથે 'તુંહી તુંહી'ના નાદથી જોડાઈને એકાગ્રતા કેળવવાની છે. જ્યારે તેમ કરતાં કરતાં જગત ભૂલાઈ જાય ત્યારે આત્મપ્રદેશ પર આત્માનંદ છવાઈ જાય છે.

સાંયોગિક સુખના આલંબનો અનંતકાળથી લીધા છે. હવે આત્મિક સુખના આલંબનો લેવાના છે. તે માટે પરમાત્માને સર્વેસર્વા બનાવવાના છે.

સુખની રૂચિ બદલી નાંખવાની છે. મૃગજળમાં પાણી હોય નહિ તેમ સંયોગમાં સુખ અસંભવિત છે. પરાધીન સુખમાં



આર્તધ્યાન જ હોય. સુખાભાસ એ દુઃખ જ કહેવાય. જ્યાં જે નથી ત્યાં તે શોધવાના ફાંફા મારવાથી શું મળશે ? ઇન્દ્રિય જનિત સુખ તે દુઃખરૂપ છે. સુખ તો તે કહેવાય કે જેમાં આત્માની ઝાંખી હોય. જે પોતાનું હોય તે જ પોતાને મળી શકે. પારકુ કદાપિ મળે નહિ અને મળે તો ટકે નહિ. સંસારના સુખને જ્ઞાનીઓએ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી કહ્યું છે. રૂચિ એ પણ એક પ્રકારનું સંવેદન છે. કારણ કે શ્રદ્ધા ગુણનું સમ્યક્ પરિણમન છે. જેમ જેમ સાધના આગળ વધતી જાય છે તેમ તેમ સાધન સાધ્ય બનતું જાય છે.

**પ્રતિછંદ** એટલે ભગવાન જે સંવેદનમાં ડૂબતા હતા તે સંવેદન મારામાં આવ્યું. તેથી હવે હું મારી સત્તાથી આગળ વધું છું. જેમ જેમ આત્મ-સ્વરૂપ નિષ્પન્ન થતું જાય તેમ તેમ ત્યાં બહારના આલંબનો રહેતા નથી. આત્માની સમાધિ માટે આત્માના સ્વરૂપમાં આવી જવું જોઈએ. તે **ઉત્સર્ગ સમાધિ** છે. જે ઉપાય લીધો તે **સધ્યો** એટલે તેનું ફળ મળી ગયું. **આરાધે** તે **સાધના અને નિપજાવે તે સાધ્ય.**

વસ્તુમાં કોઈ કારણ નથી. વસ્તુ તો પરિપૂર્ણ છે. જે વસ્તુ કાર્યને સન્મુખ થાય તે કારણપણે પરિણમે. કારણ કહો કે કાર્ય કહો તે તો પર્યાયમાં છે. અંદરમાં ડૂબી ગયા પછી કાર્ય કયાં અને કારણ ક્યાં ? જ્યારે કાર્ય પર્યાયમાં થાય છે ત્યારે તત્ સમયની પર્યાયની યોગ્યતારૂપ કારણથી થયું છે. પણ કાર્ય થતાં અમે તેને યાદ કરતા નથી. લીનતા સધાઈ ગઈ પછી ત્યાં કોઈ પ્રયત્ન ટકતો નથી.

પોતાના સહજ સ્વભાવનું પ્રગટ થવું તે ઉત્સર્ગ રીતે ગુપ્તિ છે. મન, વચન, કાયાની પ્રવૃત્તિથી સર્વથા નિવૃત્ત થવું તે ઉત્સર્ગ રીતે ગુપ્તિ છે. જ્યારે અસત્‌માથી નીકળીને સત્ પ્રવૃત્તિમાં રહેવું તે

અપવાદ રીતે ગુપ્તિ છે. અપવાદ સમાધિમાં સમાધિના સાધનો લેવાના છે. જે સર્વત્ર સમાધાન કરે તેને નિશ્ચયથી દૃષ્ટિ ફળી કહેવાય.

પહેલા નિશ્ચયથી વ્યાખ્યા કરવાની. નિશ્ચયથી દરેક વસ્તુને correct કરવાની. પછી તેનો તાળો વ્યવહારમાં મેળવવાનો તો વસ્તુ બરાબર સમજાય. પહેલા જ વ્યવહારથી વ્યાખ્યા કરીએ તો વસ્તુ-સ્વરૂપ બરાબર ન સમજાય.

સાધ્ય સાધન દાવ પૂરો થઇ ગયો તો ત્યાં કેવલ જ્ઞાન. જે જે ગુણોની પૂર્ણતા થઈ ત્યાં સાધના પૂરી થતી ગઈ. નિમિત્તનું અવલંબન લઈને ગુણો પ્રગટાવવા જોઈએ. ઉપાદાનને પુષ્ટ કરવું જોઈએ. આને નિમિત્તાવલંબી થઈને ઉપાદાનાવલંબી થયો કહેવાય. ઉપાદાનનું અવલંબન લઇને પોતે પોતાનામાં કાર્ય પ્રગટ કરે.

પરમાત્મ-તત્ત્વની ભક્તિ એટલે આત્માના ગુણોની ભક્તિ. ગુણોની બહુમાનતા. પરમાત્માના દેહની ભક્તિ એ વ્યવહાર ભક્તિ છે. તત્ત્વથી ભક્તિ નથી. સાધનામાં પહેલાં પ્રયત્ન હોય પછી જ સાધના સહજ થતી જાય.

વૈયાવચ્ચથી તીર્થંકર નામકર્મ બંધાય છે એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તેમાં વૈયાવચ્ચ એ બહારની લેવાની નથી. પરંતુ દેવના કે ગુરુના ગુણોને જોઇને જેમ જેમ બહુમાન વધતું જાય તેમ તેમ તે ગુણો પોતાનામાં પ્રગટે છે; આ રીતે ગુણોનું પોતાનામાં પ્રગટવું તે નિશ્ચયથી વૈયાવચ્ચ છે. તેનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. નિશ્ચયથી તો પોતાના ગુણોનું સેવન એ જ વૈયાવચ્ચ છે.



माहरी शुद्ध सत्ता तणी पूर्णता,
तेहनो हेतु प्रभु तुंही साचो।
'देवचंद्रे' स्तव्यो मुनि गणे अनुभव्यो,
तत्त्व भक्तें भविक सकल राचो॥
अहो.॥१०॥

**અર્થ :** હે પ્રભો ! મારી શુદ્ધ આત્મ તત્ત્વની પૂર્ણતા માટે આપ જ પ્રધાન હેતુ છો. દેવેન્દ્રોએ પણ આપની સ્તુતિ કરી છે. નિર્ગ્રંથ મુનિવરોએ આપનો સાક્ષાત્ અનુભવ કર્યો છે અને ભવ્ય જીવોને ઉદ્દેશીને કહ્યું છે કે હે ભવ્ય જીવો ! તમે પણ તે પ્રભુની ભક્તિમાં તત્પર બનો ! એ જ પરમ તત્ત્વ છે.

**વિવેચન :** આત્મ સ્વરૂપ, સત્તાએ સંપૂર્ણ છે; તેને પ્રગટ કરવા પ્રભુ જ પ્રબળ નિમિત્ત કારણ છે. તે મળ્યા વિના ઉપાદાન સ્વરૂપ આપણો નિસ્તાર ન થાય. સર્વ જીવોની એ જ પરિણતિ છે કે નિમિતાલંબી થઈને ઉપાદાનાવલંબી થાય. માટે જ અરિહંત પરમાત્મા ઉપર અનંતગણું બહુમાન કેળવી તેમની ભક્તિમાં લીન થવાનું છે. ગુરુ પ્રત્યેના બહુમાનથી સંગમ ગોવાળ ખીરના દાનથી શાલિભદ્ર થયો, દૈવી ભોગો મળ્યા. તેને ત્યાગી પ્રભુ પાસે ચારિત્ર લઇ એકાવતારી થયા. તારક તત્ત્વો, પ્રત્યેના બહુમાનથી આપણે સંસાર સાગર તરી જવાનો છે વિષયરુચિ ઘટાડતાં જવાનું છે, અને તત્ત્વરૂચિ વધારતા જવાનું છે.

જો પરમાત્મા છે તો જ નિશ્ચય અને વ્યવહાર છે, ઉત્સર્ગ અને અપવાદ છે, દ્રવ્ય અને ભાવ છે, નય અને પ્રમાણ છે, જ્ઞાન અને ક્રિયા છે, ત્યાગ અને તપ છે; જો પ્રભુ નથી તો કાંઇ નથી. પરમાત્માથી જ વિશ્વની શોભા છે. પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની પ્રતિમા, પ્રભુના આગમો, પ્રભુના સાધુઓ અને પ્રભુના સંઘથી વિશ્વ શ્વાસ લે છે. અન્યથા જગત જીવી શકે નહિ.

પરમાત્મા એ સર્વકાર્યની સિદ્ધિ માટેનું પાવર હાઉસ છે. એમાંથી જ દરેક કાર્યની સિદ્ધિ થવા માટેનો પાવર મળે છે. આખું અંતઃકરણ અને બહિષ્કરણ એ આત્માના જ્ઞાનપ્રકાશથી જ ચાર્જ થાય છે અને માટે જ ત્રણે યોગોનું પ્રવર્તન ઘટે છે. પરમાત્મા વિનાના વિશ્વની કલ્પના કરી શકાય નહિ.

જેમ પાવર હાઉસમાંથી પાવર તો એક જ પ્રકારનો છે પણ તેનું connection જુદા જુદા સ્થાનોમાં કરવાથી જુદા જુદા કાર્યો નિષ્પન્ન થાય છે. એટલે એક જ પાવર દ્વારા વિજળી, પંખો, ઓવન, મીક્ષર, ફ્રીઝ, ઇસ્ત્રી, ગીઝર, ટી.વી., રેડીઓ, વગેરે અનેક કાર્યો થતાં જોવાય છે. તેમ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ જીવોની મન-વચન-કાયાની ભિન્ન ભિન્ન નાની મોટી ક્રિયામાં જીવની ભીતરમાં રહેલ પરમાત્મ-તત્ત્વનો જ યોગ છે. એ ન હોય તો પછી જીવ એ જીવ નથી, મડદુ છે. પરમાત્મ-સ્વરૂપ તદ્દન અક્રિય હોવા છતાં એની હાજરી માત્રથી મન, વચન, કાયાના તમામ યોગો સ્વયં સંચાલિત થાય છે, જેમ સૂર્યપ્રકાશની હાજરી માત્રથી સૃષ્ટિ સમસ્ત પલ્લવિત - કાર્યાન્વિત થાય છે.

અધ્યાત્મના માર્ગમાં કોરી બાહ્ય ક્રિયાથી મોક્ષ નથી. તેમ શુષ્ક, કોરા વિચારોથી પણ મોક્ષ નથી પરંતુ સમજને પરિપકવ બનાવવાથી વિકાસ છે. વિકસિત થયેલી સમજ વિચારને સુધારે



છે, ક્રિયાને સુધારે છે. આનાથી ધીમે ધીમે ઉપયોગમાંથી કષાય તત્ત્વ ઘટતું જાય છે એટલે ઉપયોગ પોતાનું ઘર પકડીને શાંત થાય છે. આ ઉપયોગનું પોતાના ઘરમાં સમાવું-ઠરવું એ આત્માની સમ્યગ્ જ્ઞાન-ક્રિયા છે. આ જ આત્માનું વિજ્ઞાન છે અને આવી જ્ઞાન-ક્રિયા અર્થાત્ આવા આત્માના વિજ્ઞાનથી આત્માનો મોક્ષ છે.

અધ્યાત્મના માર્ગમાં જ્ઞાનને Absolute, બનાવવાનું છે. ચરમ સીમાએ પૂર્ણ બનાવવાનું છે તે માટે જ્ઞાનમાં જે વિકારી તત્ત્વ ઘૂસી ગયું છે તેને કાઢી નાંખવાનું છે, તે માટે પ્રતિપળે સમજને ચોક્ખી કરતાં જવાનું છે અને સમજને વિકસિત કરતાં જવાનું છે. માત્ર કોરા જ્ઞાન કે કોરી ક્રિયામાં રાચવાનું નથી કે તેમાં અહં કરવાનો નથી. પોતાનાથી પોતાને પોતાનામાં સમાવવાનો છે. સુમતિનાથ ભગવાને આ રીતે પોતાના આત્માને પરમાત્મા બનાવી મોક્ષ સાધ્યો. તેને દેવોમાં ચંદ્ર સમાન એવા, બહુગુણ સંપન્ન, અધ્યાત્મયોગી એવા, દેવચંદ્રજી મહારાજે સ્તવ્યો-સ્તવના કરી. અને તેના ભાવોને મુનિઓના સમુદાયે અનુભવમાં લીધો એટલે પ્રભુના ગુણોનું આસ્વાદન કર્યું. એહવા જે અરિહંત દેવ તેની તત્ત્વરૂપ જે ભક્તિ એટલે વસ્તુગતે ગુણોની બહુમાનતા તેના ઉપર હે સર્વ આત્માર્થી જીવો ! તમે રાચો-ખુશી-આનંદ અનુભવો-મગ્ન થાઓ અને આનંદના મહાસાગરમાં લયલીન થાઓ. મોક્ષે જવાનો આ જ રાજમાર્ગ છે. આ માર્ગ ઉપર ચાલીને અનંતકાળથી અનંતાનંત આત્માઓ મોક્ષને પામ્યા છે. વર્તમાનમાં મહાવિદેહમાંથી પામી રહ્યા છે અને ભવિષ્યમાં અનંત આત્માઓ પામશે.

આપણે સહુ પણ એ શ્રી સુમતિનાથ ભગવાને બતાવેલ માર્ગે ચાલી મુકામે એટલે કે મુક્તિધામે – સ્વધામે, શિઘ્રાતિશિઘ્ર પહોંચીએ એવી અભ્યર્થના !

❑ ❑ ❑

